RNI:- GUJGUJ/2016/67425

પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 30-10-2026 I VOL : 12 I Issue : 225 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

ગુસ્સામાં લીધેલો નિર્ણય ઘણી વાર પસ્તાવો આપે છે.

3

"અમે જંગલ અને સાવજોનું રક્ષણ કરીએ છીએ, પણ અમારા રક્ષણનું શું?"

4
ખાખીની શાન, જનસુરક્ષાનો સંકલ્પ અને સેવાભાવની ઓળખ...

6
કરવાચોથ પર પ્રિયંકાએ લગાવી પતિ નિકના નામની મહેંદી

7
જાડેજાને 1683 દિવસ બાદ ICC નો ઝટકો, નંબર-1 ઓલરાઉન્ડરનું...

'ચલો દિલ્હી' રેલીમાં જોડાવા રાહુલ ગાંધીનો જનતાને સીધો લલકાર!

"પોલીસની લાઠીઓથી ડરશો નહીં, ભાજપ આ પ્રકારની હિંમત નહીં કરે": રાહુલ ગાંધીનો હુંકાર

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી/અમદાવાદ:

દેશના રાષ્ટ્રીય રાજકારણમાં ગરમાવો લાવતા અને કેન્દ્ર સરકાર સામે સીધો મોરચો ખોલતા કોંગ્રેસના શાનદાર નેતા અને સાંસદ રાહુલ ગાંધીએ જનતા અને કાર્યકરોને એક આક્રમક અપીલ કરી છે. દિલ્હી ખાતે આયોજિત થનારી વિશાળ 'ચલો દિલ્હી' રેલી પૂર્વે આહ્વાન કરતાં રાહુલ ગાંધીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, 'પોલીસની લાઠીઓ કે બળપ્રયોગથી કોઈએ ડરવાની જરૂર નથી, ભાજપ સરકાર આવી હિંમત કરી શકશે નહીં.' રાહુલ ગાંધીના આ વિસ્ફોટક નિવેદન બાદ દેશભરના રાજકારણમાં અને કોંગ્રેસના ખેમામાં ભારે ઉત્સાહ સાથે નવો સંચાર જોવા મળી રહ્યો છે.

'તંત્રનો દુરુપયોગ કરીને અવાજ દબાવવાનો પ્રયાસ' - રાહુલ ગાંધી

રાહુલ ગાંધીએ પોતાના પ્રહારો ચાલુ રાખતાં જણાવ્યું હતું કે વર્તમાન કેન્દ્ર સરકાર સામાન્ય નાગરિકો, ખેડૂતો, યુવાનો અને વિપક્ષના અવાજને દબાવવા માટે સતત પોલીસ અને સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. વિરોધ પ્રદર્શન કરનારાઓ પર લાઠીચાર્જ કરાવવો કે તેમને ડરાવવાની નીતિ હવે ચાલશે નહીં. તેમણે દેશભરના કાર્યકર્તાઓ અને સામાન્ય જનતાને હાકલ કરી હતી કે લોકશાહી બચાવવા અને પ્રજાના અધિકારો માટે દિલ્હીના માર્ગો પર ઉતરીને અવાજ બુલંદ કરવો જરૂરી બન્યો છે. કોઈ પણ પ્રકારના પોલીસી દબાણ કે ભાજપના ડર વગર તમામ લોકો આ 'ચલો દિલ્હી' મહારેલીમાં મોટી સંખ્યામાં હાજર રહે. કોંગ્રેસના 'ચલો દિલ્હી' આહ્વાનથી ભાજપમાં ગભરાટ હોવાનો દાવો, ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી હજારોની સંખ્યામાં કાર્યકરો અને નાગરિકો દિલ્હી પહોંચે તે માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. કોંગ્રેસ નેતાઓનો દાવો છે કે રાહુલ ગાંધીના આ નિડર અને સણસણતા આહ્વાનથી દિલ્હીના સત્તાધીશો અને ભાજપના નેતાઓમાં ગભરાટ ફેલાયો છે. જનતાના મૂળભૂત પ્રશ્નો, મોંઘવારી, બેરોજગારી અને સરકારી લાપરવાહી સામે આ રેલી એક મોટો વિસ્ફોટ સાબિત થશે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સ્પષ્ટપણે માને છે કે લોકશાહીમાં પ્રજાનો અવાજ જ સર્વોપરી છે. જ્યારે વિપક્ષી નેતાઓ ખુલ્લેઆમ ખાખી કે તંત્રના ડર વગર રોડ પર ઉતરવાની વાત કરે છે, ત્યારે આવનારા દિવસોમાં દિલ્હીના રાજકારણમાં ઘમાસાણ યુદ્ધ જામવાના પૂરેપૂરા સંકેતો મળી રહ્યા છે.

હિંમત હોય તો સંસદ ભંગ કરો અને બેલેટ પેપરથી ચૂંટણી કરાવો

MLC ચૂંટણી બાદ મલ્લિકાર્જુન ખડગેનો ભાજપને પડકાર

નવી દિલ્હી

વિપક્ષી ગઠબંધન ચૂંટણી પંચ સામે મોટો મોરચો માંડવાની તૈયારી કરી રહ્યું છે. વિરોધ પક્ષો દ્વારા 30 ઑક્ટોબરે મુખ્ય ચૂંટણી કમિશનર સામે 'જન મહાભિયોગ' અને 1 નવેમ્બરે દિલ્હીમાં વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ આંદોલનની રણનીતિ ઘડવા માટે વિપક્ષી નેતાઓની એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ દરમિયાન પત્રકારો સાથે વાતચીતમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા હતા. કર્ણાટકમાં MLC ચૂંટણીના પરિણામો અંગે પૂછાયેલા

સવાલના જવાબમાં મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે, કોંગ્રેસ આજે પણ બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાની માંગ પર અડગ છે. તેમણે કહ્યું કે, 'અમે આજે પણ બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માંગ કરી રહ્યા છીએ, માત્ર ભાજપ જીતી રહ્યું હોવાથી જ આ માંગ કરી રહ્યા નથી, પરંતુ અમે મેદાન નહીં છોડીએ. એક સમય એવો પણ હતો જ્યારે સંસદમાં ભાજપ પાસે માત્ર 2 બેઠકો હતી. ક્યારેક ચૂંટણી પરિણામો બદલાઈ શકે છે, પણ તેનો અર્થ એ નથી કે પક્ષનો જનાધાર ખતમ થઈ ગયો છે. ભાજપે બહુ મોટો દેખાવ કર્યો હોવાનો અહંકાર રાખવાની જરૂર નથી. જો તેમનામાં હિંમત હોય તો સંસદ ભંગ કરીને બેલેટ પેપરથી ફરી ચૂંટણી કરાવી જુએ. કોંગ્રેસ અધ્યક્ષે આગળ જણાવ્યું કે ચૂંટણી પંચમાં ગરબડ થઈ છે અને દેશમાં મત ચોરી થઈ રહી છે, જેની સામે અમારો વિરોધ ચાલુ રહેશે. તમામ વિપક્ષી પક્ષો આ લડતમાં સાથે છે. તેમણે જાહેરાત કરી હતી કે 30 ઑક્ટોબરે 'મોક પાર્લામેન્ટ' યોજાશે અને 1 નવેમ્બરે દિલ્હીમાં એક વિશાળ રેલી યોજવામાં આવશે, જેમાં દેશભરમાંથી લોકો ભાગ લેશે. લોકશાહીમાં સંઘર્ષ કર્યા વિના લોકોને જાગૃત કરી શકાતા નથી, તેથી વિપક્ષ આ લડત લડવા તૈયાર છે.

યુપીમાં વ્યવસ્થા પરિવર્તન માટે હિંસા કરનારને નોકરી નહીં

સરકારી નોકરીમાં ચારિત્ર્ય પ્રમાણપત્રના નિયમો બદલાયા, પેપર લીકના આરોપીઓ પર પણ પ્રતિબંધ

નવી દિલ્હી

ઉત્તર પ્રદેશમાં વ્યવસ્થા બદલવા માટે યુવાનો જો રસ્તા પર ઉતરીને હિંસા કરે છે, તો તેમને સરકારી નોકરી નહીં મળે. રાજ્ય સરકારે વિવિધ વિભાગો, પરિષદો, નિગમો અને સ્થાનિક સંસ્થાઓમાં સીધી ભરતીથી પસંદ થનારા ઉમેદવારોના ચારિત્ર્ય પ્રમાણપત્ર સંબંધિત નિયમોમાં આ ફેરફાર કર્યો છે. અપર મુખ્ય સચિવ એમ. દેવરાજે હાઈકોર્ટના આદેશ બાદ નવા નિયમો જાહેર કર્યા છે. તે મુજબ, જો કોઈ વ્યક્તિ એવા સંગઠનનો સભ્ય હોય, જેનો હેતુ હિંસા દ્વારા સમાજની વ્યવસ્થા બદલવાનો હોય, તો તેને સરકારી નોકરી માટે અયોગ્ય માનવામાં આવશે. જોકે, કોઈને તેની રાજકીય વિચારધારાના આધારે અયોગ્ય ઠેરવવામાં આવશે નહીં. નવા નિયમોમાં હત્યા, લૂંટ, બળાત્કાર, મહિલાની ઈજ્જતને ઠેસ પહોંચાડવી, ભ્રષ્ટાચાર, આતંકવાદી પ્રવૃત્તિઓ, પેપર લીક અને સોલ્વર ગેંગ સાથે જોડાયેલા કેસોને પણ સામેલ કરવામાં આવ્યા છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું- ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધના પક્ષમાં નથી

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું કે તે ફટાકડાઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાના પક્ષમાં નથી. કોર્ટે અધિકારીઓને આદેશોનો જમીની સ્તરે અમલ કરવા જણાવ્યું. દિલ્હી-NCRમાં ફટાકડા ફોડવા સંબંધિત મામલાની સુનાવણી જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ પ્રસન્ના બી વરાલેની બેન્ચે કરી. એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ દિલ્હી સરકાર અને કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) તરફથી પ્રદૂષણ અટકાવવાનાં પગલાં રજૂ કર્યાં. બેન્ચે કહ્યું, "જમીની સ્તરે અમલ કર્યા વિના આદેશો અને નિર્દેશો આપવાનો કોઈ અર્થ નથી. આવું નહીં થાય તો આ મજાક બની જશે." આ મામલો કોઈની વિરુદ્ધ નથી. અધિકારીઓએ ફટાકડાઓને યોગ્ય રીતે નિયંત્રિત કરવા પડશે. અમે દર વર્ષે સંતુલન જાળવવાનો પ્રયાસ કરીએ છીએ, પરંતુ સૌના સહયોગ વિના તે શક્ય નથી. દર વર્ષે આદેશો આપવાનો કોઈ અર્થ નથી, જો તેનો અમલ થતો ન હોય. આ મુદ્દો દરેક જીવંત પ્રાણી સાથે જોડાયેલો છે.

80,000 રૂપિયાનું ઈન્જેક્શન હવે માત્ર 7 હજારમાં મળશે

નવી દિલ્હી

દેશમાં કેન્સરની 543 દવા બ્રાન્ડ્સ અને પેકના મહત્તમ છૂટક ભાવમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય ઔષધિ ભાવ નિર્ધારણ પ્રાધિકરણ (એનપીપીએ)ના નિર્ણય બાદ 397 એટલે કે 73%ના ભાવ ઘટાડવામાં આવ્યા છે. તેમાંની 217 દવાઓના ભાવ અડધાથી પણ ઓછા થઈ ગયા છે. 97 બ્રાન્ડ-પેકની કિંમતોમાં 70%થી વધુ અને 50માં 80%થી વધુ ઘટાડો થયો છે. પાંચ બ્રાન્ડ-પેકના ભાવ 90%થી વધુ ઘટ્યા છે. સૌથી મોટો ઘટાડો સેમટેવા (થિયોટેપા 100 મિલિગ્રામ ઈન્જેક્શન, 1 વાયલ)માં જોવા મળ્યો છે.

નાગપુરમાં હાર બાદ ભાજપનું ટેન્શન વધ્યું, શિવસેનાની ફડણવીસને હટાવીને શિંદેને CM બનાવવાની માંગ

કોંગ્રેસનો BJP પર પલટવાર:કહ્યું- પ્રવચનમંત્રીજીને આત્મવિશ્લેષણની જરૂર, ફડણવીસે ટ્વીટ ડિલીટ કર્યું; MLC ચૂંટણી પર PMની પોસ્ટ શેર કરી હતી

મુંબઈ

મહારાષ્ટ્ર વિધાન પરિષદ (MLC) ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ રાજ્યમાં શાસક પક્ષ 'મહાયુતિ' ગઠબંધનમાં આંતરિક વિવાદ વકરી ગયો છે. ભાજપે શિવસેના પર ગઠબંધન ધર્મ ન નિભાવવાનો અને પૂરતો સહયોગ ન આપવાનો આરોપ મૂક્યો છે. બીજી તરફ, તેના વળતા જવાબમાં શિવસેનાના નેતાઓએ રાજ્યમાં નેતૃત્વ બદલીને એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવાની ખુલ્લી માંગણી કરી દીધી છે. રાજ્યની 5 બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધનને 3 બેઠકો પર વિજય મળ્યો છે. ચૂંટણી પરિણામો અનુસાર, NCP-SPએ પૂણે સ્નાતક અને છત્રપતિ સંભાજીનગર સ્નાતક બેઠક જીતી લીધી છે. શિવસેનાના કિરણ સરનાઈકે અમરાવતી શિક્ષક બેઠક પર જીત મેળવી, જ્યારે ભાજપના કૌસ્તુભ ગાવડેનો પૂણે શિક્ષક બેઠક પરથી વિજયી થયો છે. કોંગ્રેસે ભાજપના ગઢ ગણાતા નાગપુરમાં જીત નોંધાવી છે.

નામ માત્રના પક્ષો અને કરોડોની કમાણીનો ખેલ: કરોડો રૂપિયાનું ફંડ લેનારા ગુજરાતના ટોચના પક્ષોના કાળા નાણાંના હિસાબો સામે આવતા રાજકારણમાં ભૂકંપ

ગુજરાતના રજિસ્ટર્ડ બિન-માન્યા પ્રાપ્ત પક્ષોનું અબજો રૂપિયાનું કાળું કૌભાંડ: ચૂંટણી પંચ અને ADRના અહેવાલે ખોલી દીધી ચોંકાવનારી પોલ!

પાક્કો ગુજરાત ન્યૂઝ, અમદાવાદ/ગાંધીનગર

ભારતીય લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયામાં છેલ્લા કેટલાક સમયથી પારદર્શિતા લાવવાની મોટી મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત કેટલી ડામાડોળ અને શંકાસ્પદ છે તેનો પર્દાફાશ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) ના એક તાજેતરના અહેવાલે કરી દીધો છે. નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન નોંધાયેલા પરંતુ બિન-માન્યા પ્રાપ્ત (Unrecognised) રાજકીય પક્ષો દ્વારા નાણાં મેળવવામાં આવ્યા હોવાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. ખાસ કરીને ગુજરાતના નામે અથવા ગુજરાત સાથે સંકળાયેલા આ પક્ષોએ કરોડો અને અબજો રૂપિયાનું ફંડ કઈ રીતે મેળવ્યું અને આ નાણાં ક્યાંથી આવ્યા, તેને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે.

ચૂંટણી પંચના ચોપડે નોંધાયેલા આંકડાઓએ ઉડાડી દીધી ઊંઘ

ADR અને ચૂંટણી પંચના રિપોર્ટ અનુસાર, વર્ષ 2024-25 માં ગુજરાતમાં સક્રિય અથવા કાગળ પર ચાલતા બિન-માન્યા પ્રાપ્ત રાજકીય પક્ષો દ્વારા લેવામાં આવેલા ફંડ અને દાનના આંકડા જોશો તો તમારા હોશ ઉડી જશે. સામાન્ય જનતા ચૂંટણી ટાણે એક-એક રૂપિયા માટે તરકતી હોય છે, જ્યારે આ નાનકડા કે અજાણ્યા પક્ષોના ખાતામાં કરોડો રૂપિયા ઠલવાયા છે.

સત્તાવાર આંકડાઓ મુજબ ગુજરાતના ટોચના બિન-માન્યા પ્રાપ્ત પક્ષોની આવકના જે આંકડા બહાર આવ્યા છે તે નીચે મુજબ છે:

ન્યૂ ઈન્ડિયા યુનાઈટેડ પાર્ટી: રૂા. 699 કરોડ
સત્યવાદી રક્ષક પાર્ટી: રૂા. 416 કરોડ
સૌરાષ્ટ્ર જનતા પક્ષ: રૂા. 211 કરોડ
ભારતીય રાષ્ટ્રીય જનતા દળ: રૂા. 199 કરોડ
જન મન પાર્ટી: રૂા. 133.56 કરોડ
સ્વતંત્ર અભિવ્યક્તિ પાર્ટી: રૂા. 75 કરોડ

અબજો રૂપિયાના આ ફંડ પાછળનું રહસ્ય શું? શા માટે ઉઠ્યા ગંભીર સવાલો?

આ આંકડાઓ સામાન્ય નથી, પરંતુ તે લોકશાહીની આડમાં ચાલતા સૌથી મોટા નાણાકીય ખેલ તરફ ઈશારો કરે છે. રાજકીય વિશ્લેષકો અને અર્થશાસ્ત્રીઓ આશ્ચર્યમાં છે કે જે પક્ષોનું જમીન પર કોઈ નામોનિશાન નથી, જેમના ચૂંટણીમાં કોઈ મોટા જનસભ્યો કે મોટા નેતાઓ નથી, કે જેઓ કોઈ જનઆંદોલન કે લોકપ્રિયતા ધરાવતા નથી–તેવા પક્ષોને અચાનક સેંકડો કરોડો રૂપિયાનું દાન કોણ આપી જાય છે?

આ પક્ષોની આવક અને ખર્ચના હિસાબો પર નજર નાખીએ તો સ્પષ્ટ થાય છે કે આ માત્ર કાગળ પર ચાલતી કંપનીઓ કે શેલ કંપનીઓની જેમ હવાઈ નાણાં (Hawala/Black Money) ને સફેદ કરવાનો ખેલ તો નથી ને? ચૂંટણી ફંડિંગના નિયમોની આડમાં કાળા નાણાંને સફેદી આપવા માટે આ બિન-માન્યા પ્રાપ્ત રાજકીય પક્ષોને 'સુરક્ષિત આશ્રયસ્થાન' (Safe Haven) તરીકે ઉપયોગમાં લેવામાં આવી રહ્યા હોવાની આશંકા પ્રબળ બની રહી છે.

ચૂંટણી તંત્ર અને એજન્સીઓની ભૂમિકા શંકાના દાયરામાં

જ્યારે દેશમાં પારદર્શક રાજકારણની વાતો થાય છે, ત્યારે આ પ્રકારે અજ્ઞાત સ્ત્રોતોમાંથી કરોડો રૂપિયા મેળવતા પક્ષો સામે કોઈ જ કડક કાર્યવાહી કેમ નથી થતી? સામાન્ય વેપારી કે નાગરિક પર ટેક્સ અને જીએસટીના ડંડા મારવામાં આવે છે, પરંતુ આ રાજકીય પક્ષોના નામે આવતા કરોડો રૂપિયાના વ્યવહારો પર કઈ એજન્સી નજર રાખે છે? 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સ્પષ્ટપણે માંગ કરે છે કે આ તમામ બિન-માન્યા પ્રાપ્ત પક્ષોના બેંક ખાતા, તેમના દાન આપનારા દાતાઓની (Donors) સાચી ઓળખ અને તેમના ખર્ચની પારદર્શક તપાસ કેન્દ્રીય તપાસ એજન્સીઓ (ED/Income Tax) દ્વારા કરવામાં આવે. જો આ મામલે ઊંડી તપાસ નહીં થાય, તો લોકશાહીના પવિત્ર મંદિરને વેપારી દુકાનો બનાવતા આ તત્વોને ક્યારેય રોકી શકાશે નહીં. જનતાના હકનું અને દેશની અર્થવ્યવસ્થાનું આ ખુલ્લેઆમ શોષણ અટકાવવું હવે અત્યંત અનિવાર્ય બની ગયું છે.

એક નજર...

સોનમ બાજવાનો ગ્લેમરસ વ્હાઈટ અવતાર વાયરલ થયો

સિનેમાની સુપરસ્ટાર અને જાણીતી અભિનેત્રી સોનમ બાજવાએ તાજેતરમાં જ વ્હાઈટ કલરના હાઈ-નેક લેસ ગાઉનમાં પોતાનો અત્યંત ગ્લેમરસ અને બોલ્ડ અવતાર ચાહકો સાથે શેર કર્યો છે. મિનિમલ મેકઅપ, ખુલ્લા વાળ અને હાઈ હીલ્સ સાથે સોનમ બાજવાના આ કિલર પોઝ અને આત્મવિશ્વાસપૂર્ણ અંદાજે સોશિયલ મીડિયા પર ફેન્સને મંત્રમુગ્ધ કરી દીધા છે.

NEWS TRACK

સ્પેનમાં બે હાઈ-સ્પીડ ટ્રેનો ધડાકાભેર અથડાતા 67થી વધુ લોકોનાં મોત, 500થી વધુ મુસાફરો ફસાયા

યુરોપિયન દેશ સ્પેનમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને મોટા સમાચાર સામે આવ્યા છે. સ્પેનમાં બે હાઈ-સ્પીડ ટ્રેનો વચ્ચે થયેલી ગંભીર અથામણમાં 67થી વધુ લોકોનાં કરુણ મૃત્યુ થયા હોવાના અહેવાલ છે, જ્યારે આ આઘાતજનક અકસ્માતને કારણે સમગ્ર દેશમાં શોક અને હડકંપ મચી ગયો છે. બંને ટ્રેનોમાં મળીને કુલ 500થી વધુ મુસાફરો સવાર હતા, જેના કારણે જાનહાનિનો આંકડો હજુ વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રાપ્ત પ્રાથમિક વિગતો મુજબ, જ્યારે આ બંને હાઈ-સ્પીડ ટ્રેનો વચ્ચે ભીષણ ટક્કર થઈ ત્યારે આસપાસના વિસ્તારમાં ભારે ધડાકો થયો હતો. ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક પ્રત્યક્ષદર્શી મુસાફરે સ્પેનિશ બ્રૉડકાસ્ટર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, અકસ્માત સર્જાયાની સાથે જ ટ્રેનની અંદર અને બહાર ચારેય બાજુ ચીસાચીસ અને અરાજકતાનો માહોલ ફેલાઈ ગયો હતો. અચાનક થયેલી આ દુર્ઘટનાને કારણે મુસાફરોને સમજવાનો પણ મોકો મળ્યો નહોતો અને ક્ષણવારમાં જ ટ્રેનના ડબ્બા ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા.

બહુમતી મળી નથી છતાં ઇઝરાયલમાં નેતન્યાહૂ સરકાર રચશે: તેમણે પ્લાન 'B' તૈયાર કર્યો છે

ઈઝરાયલમાં સરકાર રચવા બેન્જામિન નેતન્યાહૂ નવા વિકલ્પો શોધી રહ્યા છે. જેરુસલેમ પોસ્ટ મુજબ, ૨૦૨૬ની ચૂંટણીમાં બહુમતી ન મળતા, તેઓ વિપક્ષી નેતા ગાદી આઈઝેનકોટ સાથે રાષ્ટ્રીય યુનિટી સરકાર બનાવવાનું વિચારી રહ્યા છે. ૧૨૦ સભ્યોની નેસેટમાં 61 બેઠકોની જરૂર છે, પરંતુ કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી નથી. નેતન્યાહૂ અલ્ટ્રા-ઓર્થોડોક્સ પક્ષોને બહાર રાખી સૈન્ય ભરતી કાયદો પસાર કરવા માંગે છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહૂ ૨૦૨૬ ની સંસદીય ચૂંટણીમાં પોતાનાં જમણેરી ગઠબંધનને બહુમતી મળી ન હોવા છતાં, સત્તા પર રહેવા માટે, એક જુદો માર્ગ શોધી રહ્યા છે. જેરૂસલેમ પોસ્ટના જણાવ્યા પ્રમાણે તેઓ વિપક્ષી નેતા ગાદી આઈઝેનકોટને સાથે રાખી રાષ્ટ્રીય યુનિટી સરકાર રચવા વિચારી રહ્યા છે. નેતન્યાહૂનું પારંપરિક ગઠબંધન એકલે હાથે સરકાર રચી શકે તેમ નથી. ૧૨૦ સભ્યોની નેસેટ (સંસદ)માં નેતન્યાહૂનાં જમણેરી જૂથને ૫૩ સીટ મળવાનું અનુમાન છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

ગોત્રી સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા 12 સભ્યોનો ભવ્ય જન્મોત્સવ ઉજવાયો

વડોદરા

ગોત્રી સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા સંસ્થાના પ્રાંગણમાં ૧૨ સભ્યોનો સામૂહિક જન્મોત્સવ કાર્યક્રમ ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવ્યો હતો.

સંસ્થાના પ્રમુખશ્રી ન રસિંહભાઈ ચૌહાણ, ઉ પ પ્રમુખશ્રી નૈષધભાઈ દવે, અ જીતભાઈ વાઘેલા, રશ્મિકાંતભાઈ ભટ્ટ તથા નટવરભાઈ લેઉઆના માર્ગદર્શન હે ઠ ળ આ સુંદર આયોજન કર વામાં આવ્યું હતું. બુધવારે સાંજે ૫:૩૦ કલાકે પ્રારંભ થયેલા આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ ઉપસ્થિત સભ્યોએ જૂના લોકપ્રિય ગી તોની રમઝટ બોલાવી ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પધારેલા શ્રી અનુપકુમારનું પ્રમુખશ્રી નરસિંહભાઈ દ્વારા શાલ ઓઢાડીને તથા સંસ્થાના સદસ્ય ઘનશ્યામભાઈ રાવ દ્વારા બુકે અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જન્મદિન ઉજવનાર સભ્યોને અતિથિશ્રીના હસ્તે પુષ્પગુચ્છ આપી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સદસ્ય શ્રી પરેશભા ઈ દલાલ દ્વારા આભારવિ ધિ કરવામાં આવી હતી. રાષ્ટ્રગાન બાદ સૌ સભ્યોએ પ્રીતિ ભો જનનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમના સફળ આયોજન બદલ હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ઉમરગામના કાલય કંગળાવ ફળિયામાંથી રૂપિયા 1.15 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

વલસાડ

વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઉમરગામ તાલુકાના કાલય કંગળાવ ફળિયા પાછળ દરિયાની ખાડી કિનારે ખુલ્લી જગ્યામાં દરોડો પાડી રૂ.૧,૧૫,૯૬૮ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વ્હિસ્કી અને બિયરના કુલ ૧૭ બોક્સમાંથી ટીન-બોટલ નંગ ૪૬૮, કુલ ૧૯૦.૯૨૦ લીટર દારૂનો જથ્થો કબજે કર્યો હતો.

લોકલ ક્રાઈમ બ્રાન્ચને મળેલી બાતમીના આધારે કાળા રંગની પ્લાસ્ટિકની થેલીઓ અને સફેદ રંગની મીણિયા થેલીઓમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ રૂ.૧,૧૫,૯૬૮નો પ્રોહિબિશન મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ કેસમાં અભિષેક ઉર્ફે ચોટલો રવુભાઈ મીતના, રહે. જમ્પોર વારલીવાડ, મોટી દમણ, દમણને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી માટે ઉમરગામ મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવામાં આવી છે.

પોલીસે કબજે કરેલો દારૂનો જથ્થો વધુ તપાસ માટે ઉમરગામ મરીન પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઝઘડિયાના સુથારપુરામાં શિક્ષિકા માટે યાદગાર વિદાય સમારોહ! 27 વર્ષની શિક્ષણસેવાને બિરદાવી ઘોડાબગીમાં શોભાયાત્રા કાઢી

ભરૂચ

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના સુથારપુરા ગામની પ્રાથમિક શાળામાં છેલ્લા 27 વર્ષથી શિક્ષિકા તરીકે ફરજ બજાવતા રીટાબેન કાલિદાસ ભાઈ ભગત વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા તેમને અનોખી અને યાદગાર વિદાય આપવામાં આવી હતી. શિક્ષણ ક્ષેત્રે સતત 27 વર્ષ સુધી પોતાની સેવાઓ આપનાર રીટાબેન ભગતના સન્માનમાં શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવૃત્ત શિક્ષિકાને પુષ્પગુચ્છ અર્પણ કરી તેમજ શાલ ઓઢાડી સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી હતી.આ વિદાય સમારોહની સૌથી ખાસ વાત એ રહી કે નિવૃત્ત શિક્ષિકાને ઘોડાબગીમાં બેસાડી ડીજેના તાલ સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા આપવામાં આવેલી આ અનોખી વિદાયે સમગ્ર પ્રસંગને યાદગાર બનાવી દીધો હતો.એટલું જ નહીં, શાળા પરિવાર દ્વારા રીટાબેન ભગતને તેમની 27 વર્ષની નિષ્ઠાપૂર્વકની શિક્ષણસેવાના સન્માનરૂપે Activa સ્કૂટર ભેટમાં આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળા પરિવાર અને ગ્રામજનોએ રીટાબેન ભગત દ્વારા સુથારપુરા પ્રાથમિક શાળામાં વર્ષો દરમિયાન કરવામાં આવેલી કામગીરી અને શિક્ષણ ક્ષેત્રે આપેલા યોગદાનને બિરદાવ્યું હતું.પોતાની કર્મભૂમિ સમાન શાળામાંથી 27 વર્ષની સેવા બાદ વિદાય લેતી વેળાએ શિક્ષિકા રીટાબેન ભગત પણ ભાવુક બન્યાં હતાં. તેમણે શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા આપવામાં આવેલા પ્રેમ, સન્માન અને યાદગાર વિદાય બદલ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

સગીર બાળકીનો પીછો કરતા યુવાને માફી માગી, ફરી હેરાન નહીં કરવાની લેખિત બાંહેધરી આપી

ભરૂચ

ભરૂચ જિલ્લામાં સગીર બાળકીનો પીછો કરી હેરાનગતિ થતી હોવાની રજૂઆત સાથે પરિવારજનોએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. બાળકીની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અભયમની ટીમે બંને પક્ષોનું કાઉન્સેલિંગ કરી સમસ્યાનો ઉકેલ લાવવા પ્રયાસ કર્યો હતો. પરિવારજનોના જણાવ્યા મુજબ, ઘરની નજીક એક યુવાન પૂરઝડપે બાઈક ચલાવીને પસાર થતો હતો. બાળકીના પિતાએ તેને ધીમે બાઈક ચલાવવા કહેતાં ત્યારબાદ બાળકી શાળાએ કે ટ્યુશનમાં જવા નીકળે ત્યારે યુવાન તેની પાછળ આવતો અને સતત જોતો હોવાની રજૂઆત કરવામાં આવી હતી. આ ઘટનાથી બાળકી એકલી બહાર જતાં ડર અનુભવતી હોવાથી પરિવારજનોએ તેને શાળાએ મૂકવા જવાનું શરૂ કર્યું હતું. 181 અભયમની ટીમે પરિવારની રજૂઆત સાંભળી બંને પક્ષો સાથે વાતચીત કરી હતી. કાઉન્સેલિંગ દરમિયાન યુવાનને બાળકીની સુરક્ષા, વ્યક્તિગત મર્યાદા અને સન્માન જાળવવા સમજ આપવામાં આવી હતી. યુવાને પોતાની ભૂલ સ્વીકારી માફી માગી હતી અને ભવિષ્યમાં બાળકીની હેરાનગતિ નહીં કરે તેવી લેખિત બાંહેધરી આપી હતી. ત્યારબાદ બંને પક્ષોની સંમતિથી સમસ્યાનો ઉકેલ લાવવામાં આવ્યો હતો. 181 અભયમ ટીમની સમયસરની મદદ બદલ બાળકીના પરિવારજનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

જૈન સમાજમાં આક્રોશનો જ્વાળામુખી, કુકર્મી 'કુસાધુ' સામે આરપારની જંગ!

પાલીતાણા તીર્થધામની પવિત્રતા પર કાળો દાગ બનતો કથિત આચાર્ય સાગરચંદ્ર સાગર

દાનના કરોડો રૂપિયાથી અય્યાશી અને સંપત્તિ ઊભી કરવાનો ભયંકર આક્ષેપ: અશ્લીલ ફોટા અને સાધ્વીઓ પર અત્યાચારના પર્દાફાશ બાદ મૌન સેવતો આચાર્ય! ઉજ્જૈન અને પાલીતાણામાં થશે ઉગ્ર વિરોધ

અમદાવાદ/ઉજ્જૈન

જૈન ધર્મના અનંત શ્રદ્ધા અને આસ્થાનું પરમ પવિત્ર ધામ એટલે ભાવનગર જિલ્લામાં આવેલું શાશ્વત તીર્થ પાલીતાણા. જ્યાં ભગવાન મહાવીર સ્વામીના ચરણો અને અનંત મુનિ ભગવંતોની તપોભૂમિ પ્રકાશે છે, તે પવિત્ર ગિરિરાજ અને દર્શનધામ પર સાધુના વેશમાં છુપાયેલા એક કથિત આચાર્ય સાગરચંદ્ર સાગર પોતાના સંઘ સાથે જઈને તીર્થની પવિત્રતાને અપવિત્ર કરવા જઈ રહ્યો હોવાના અહેવાલોથી સમગ્ર દેશના જૈન સમાજમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. ધર્મના શરણમાં રહીને અધર્મ આચરનારા આ કુસાધુને પાલીતાણા પ્રવેશતા અટકાવવા માટે જૈન સંઘો અને શ્રદ્ધાળુઓએ મોરચો ખોલી દીધો છે.



જો સાચો છે તો સામે કેમ નથી આવતો? અંધભક્તોની ઓથ અને મૌન જ ગુનાની કબૂલાત!

સાગરચંદ્ર સાગર પર લાગેલા ગંભીર આક્ષેપો બાદ તે કેમ એક શબ્દ પણ બોલવાની હિંમત નથી દાખવી રહ્યો? જો તે નિર્દોષ છે તો સચ્ચાઈ સાથે બહાર આવીને પોતાનો પક્ષ કેમ રજૂ નથી કરતો? પોતાના કુકર્મોને છુપાવવા માટે પોતાના અંધભક્તોને આગળ ધરીને મીડિયા અને સમાજને ગુમરાહ કરવાની તેની આ ચાલ હવે ખુલ્લી પડી ચૂકી છે.

અંતરાત્માનો અવાજ અને તેનું મૌન જ સાબિત કરે છે કે તેના પર લાગેલા તમામ આરોપો સો ટકા સાચા છે. વાયરલ થયેલા તેના અશ્લીલ ફોટા, માસૂમ સાધ્વીઓ સાથે આચરેલા કુકર્મો અને મહિલાઓ સાથે થયેલા શોષણનો કાચો ચિઠ્ઠો હવે બહાર આવી ચૂક્યો છે. આ કથિત ભગવાધારીના પાપોનો ઘડો હવે સંપૂર્ણપણે ભરાઈ ચૂક્યો છે!

શ્રદ્ધાળુઓના દાનના કરોડો રૂપિયાથી અય્યાશી અને કરોડોની સંપત્તિનો ખેલ!

જૈન સમાજના શ્રદ્ધાળુઓ પોતાના પરસેવાની કમાણીમાંથી ધર્મ, જીવદયા અને સમાજના કલ્યાણ માટે જે દાન આપે છે, તે દાનના પૈસાનો આ કુસાધુએ પોતાના અંગત સુખ-સાહ્યબી, અય્યાશી અને કરોડો રૂપિયાની બેનામી સંપત્તિ ઊભી કરવામાં દુરુપયોગ કર્યો છે. 'પાક્કો ગુજરાત' જૈન સમાજને ખુલ્લી અપીલ કરે છે:

1. સાધુના વેશમાંથી બહાર ફેંકો: આ કથિત આચાર્યને તુરંત જ સાધુના વેશમાંથી બેદખલ કરવામાં આવે.

2. દાનના પૈસા પાછા વસૂલો: શ્રદ્ધાથી અપાયેલા દાનની તિજોરી આ કુકર્મી પાસેથી આંચકીને સમાજ હિતમાં ઉપયોગમાં લેવાય.

3. શાળા, કોલેજ અને હોસ્પિટલ બનો: તે નાણાંથી જૈન સમાજ અને સામાન્ય જનતા માટે મફત તબીબી સેવા આપતી હોસ્પિટલો, શાળાઓ અને કોલેજોનું નિર્માણ કરવામાં આવે.

પીડિત સાધ્વીઓ અને મહિલાઓ આગળ આવે— અમે ઓળખ ગુપ્ત રાખીશું!

જિનશાસનને કલંકિત કરનારા આ કુસાધુના અત્યાચારનો ભોગ બનેલી માસૂમ સાધ્વીઓ કે મહિલાઓ જો પોતાનો અવાજ ઉઠાવવા માંગતી હોય, તો 'પાક્કો ગુજરાત' તેમની સાથે અડગ ઊભું છે. જે પણ પીડિતો સામે આવશે, તેમનું નામ, સરનામું અને ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે.

જો તમારી પાસે આ કુસાધુના કાંડ અને કાળી કમાણીના વધુ પુરાવા હોય, તો અમારી ટીમનો સંપર્ક કરો. અમે આ કાળો ચિઠ્ઠો સમગ્ર દેશ સામે મૂકીને તેના પર કડક પોલીસ કેસ દાખલ કરાવીશું.

ઉજ્જૈન અને પાલીતાણામાં મહાવિરોધ: પ્રેસ કોન્ફરન્સમાં થશે પક્કા પુરાવાઓનો વિસ્ફોટ

આગામી દિવસોમાં આ કુસાધુનો ઉજ્જૈન અને પાલીતાણા ખાતે અભૂતપૂર્વ અને ઉગ્ર વિરોધ કરવામાં આવશે. ઉજ્જૈન ખાતે આયોજિત થનારી વિશાળ પ્રેસ કોન્ફરન્સમાં પક્કા અને સચોટ પુરાવાઓ સાથે તમામ મીડિયા સમક્ષ આ કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવશે, જેથી મધ્યપ્રદેશ સહિત સમગ્ર દેશની જનતા અને જૈન સમાજ આ ભ્રષ્ટ આચાર્ય અને તેના સાગર સમુદાયમાં છુપાયેલા અન્ય કુસાધુઓના કાળા ધંધાઓને ઓળખી શકે.

જૈન સમાજ હવે હિસાબ માંગી રહ્યો છે! સાગરચંદ્ર સાગરની કામલીલા અને અધર્મનો અંત હવે નિશ્ચિત છે!

આરોગ્ય મંત્રીના હસ્તે 'બોગસ ડોક્ટર'નું સન્માન?

ગુજરાતના સ્વાસ્થ્ય તંત્રમાં સૌથી મોટો કડાકો, આયોજકો સામે ઉઠ્યા ગંભીર સવાલો!

- રૂપિયા ખર્ચીને એવોર્ડ ખરીધો કે પછી કોઈ મોટો રાજકીય ખેલ થયો?
- 57 સાચા આયુર્વેદિક તબીબોનો ઉગ્ર વિરોધ સીધો દેશની રાજધાની દિલ્હી સુધી ગુંજ્યો

ગાંધીનગર

ગુજરાતના રાજકારણ અને સ્વાસ્થ્ય વિભાગમાંથી એક એવો શરમજનક અને સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે, જેને જોઈને આખી સિસ્ટમ પર સવાલિયા નિશાન ઊભા થઈ ગયા છે. રાજ્યના આરોગ્ય મંત્રીના વરદ હસ્તે એક એવા શખ્સનું જાહેરમાં સન્માન કરવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે, જે બોગસ ડોક્ટર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પ્રશ્ન એ થાય છે કે શું સ્ટેજ પર બેઠેલા જવાબદાર મંત્રીઓની આંખમાં ધૂળ નાખીને આ સન્માન કરાયું, કે પછી મસમોટી રકમ આપીને આ એવોર્ડ 'વેચાતો' લેવામાં આવ્યો હતો? આ સમગ્ર ઘટના સામે આવતાની સાથે જ આયોજકો ચારે બાજુથી ઘેરાઈ ગયા છે અને વિવાદ વકરીને સીધો દિલ્હી સુધી પહોંચી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, તાજેતરમાં તબીબી ક્ષેત્ર સાથે જોડાયેલા એક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત મંચ પર રાજ્યના આરોગ્ય મંત્રીના હસ્તે એક તબીબને એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. પરંતુ, આ સન્માન થયાની થોડીક જ ક્ષણોમાં અંદરખાનેથી ચોંકાવનારી વિગતો બહાર આવવા લાગી. જે વ્યક્તિનું સન્માન કરવામાં આવ્યું તે ખરેખર કાયદેસરની મેડિકલ ડિગ્રી ધરાવે છે કે કેમ? અને તેની પ્રેક્ટિસ કે પૃષ્ઠભૂમિ શું છે? તેને લઈને સવાલોના વાદળો ઘેરાયા. સોશિયલ મીડિયા અને તબીબી આલમમાં ચર્ચા શરૂ થઈ ગઈ કે શું પૈસાની લેવડદેવડ કરીને કે કોઈ વગદાર વહીવટના જોરે આ 'બોગસ ડોક્ટર' મંત્રીના હાથ સુધી પહોંચી ગયો હતો? જો આ વાત સાચી હોય, તો સરકારી મંચોનો આ રીતે અંગત ફાયદા માટે દુરુપયોગ કેટલો ઘાતક કહેવાય? આ ઘટનાથી ગુજરાતના અસલી અને ડિગ્રીધારી તબીબોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. રાજ્યના ૫૭ જેટલા માન્યતા પ્રાપ્ત અને ડિગ્રીધારી આયુર્વેદિક તબીબો એ આ બોગસવાડા સામે મોરચો ખોલી દીધો છે.

નડિયાદમાં ગેરકાયદેસર લાકડાંના કાળા કારોબાર ઉપર મોટો સપાટો!!

સંતરામ વે બ્રિજ નજીકથી લાકડાં ભરેલાં 6 ટ્રકો ઝડપાયા! : વન વિભાગ અને તંત્રના મોનિટરિંગ સામે ગંભીર સવાલો

નડિયાદ

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ અને આસપાસના વિસ્તારોમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર લાકડાં (ટિમ્બર) ના કાળા કારોબાર સામે નડિયાદ સો મિલ ઓનર્સ એસોસિએશન દ્વારા લાલઆંખ કરવામાં આવી છે. હજારો ટન ગેરકાયદેસર લાકડાંનું પરિવહન અને વેપાર થઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપો વચ્ચે, નડિયાદ સો મિલ ઓનર્સ એસોસિએશન દ્વારા માન્ય સંતરામ વે બ્રિજ (ધરમકાંટા) નજીકથી ગેરકાયદેસર રીતે લાકડાં ભરીને જતાં 6 જેટલાં મસમોટાં ટ્રકોને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટનાને પગલે લાકડાંના કાળા કારોબાર સાથે સંકળાયેલા માફિયાઓમાં ભારે હડકંપ મચી ગયો છે. મળતી વિગતો અનુસાર, ખેડા-નડિયાદ પંથકમાં વન વિભાગના નિયમો અને રોયલ્ટી/પાસ-પરમિટના ધજાગરા ઉડાડીને દરરોજ હજારો ટન ગેરકાયદેસર લાકડાંની હેરાફેરી કરવામાં આવી રહી હોવાની ફરિયાદો ઉઠી રહી હતી. કાયદેસર રીતે વેપાર કરતા સો મિલના વેપારીઓને આ ગેરકાયદેસર વેપારના કારણે મોટું આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું હતું. આ સ્થિતિ વચ્ચે નડિયાદ સો મિલ ઓનર્સ એસોસિએશનના સભ્યોએ વોચ ગોઠવીને સંતરામ વે બ્રિજ નજીક શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા લાકડાં ભરેલાં 6 ટ્રકોને અટકાવ્યા હતા. આ ટ્રકોમાં ક્ષમતા કરતાં વધુ અને યોગ્ય પાસ-પરમિટ કે કાયદેસરના દસ્તાવેજો વગર જ લાકડાંનો જથ્થો ભરેલો હોવાનું સામે આવતાં સ્થાનિક તંત્ર તથા સંબંધિત વિભાગને જાણ કરીને દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

31 ઓક્ટોબરે આદિવાસી સમાજ 'નવા જૂની' કરવાના મૂડમાં!

PM નરેન્દ્ર મોદીના આગમન પહેલા આદિવાસી પટ્ટામાં ભયંકર વિસ્ફોટક સ્થિતિ

સ્ટેચ્યુ ઓફ યુનિટી અને એકતા નગર ખાતે વિરોધનો વંટોળ: જમીન સંપાદન, સ્થાનિકોના હક્કો અને વહીવટી અન્યાય સામે રાષ્ટ્રીય એકતા દિને જ આરપારની લડાઈનો મંડાણ!

નર્મદા/એકતા નગર

રાષ્ટ્રીય એકતા દિવસ (National Unity Day) નિમિત્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી (SoU) ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભવ્ય કાર્યક્રમની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. વહીવટી તંત્ર અને પોલીસ કાફલો કડક બંદોબસ્તમાં વ્યસ્ત છે, ત્યારે આ સત્તાવાર ભવ્યતાની પાછળ સ્થાનિક આદિવાસી સમાજમાં ભયંકર આક્રોશ અને રોષનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. ૩૧મી ઓક્ટોબરે પીએમ મોદીના કાર્યક્રમ પહેલા જ સમગ્ર આદિવાસી બેલ્ટ વિરોધ પ્રદર્શન કરવાના અડગ મૂડમાં આવી ગયો છે, જેના કારણે ૩૧ તારીખે કોઈ મોટી 'નવા જૂની' થવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. નર્મદા જિલ્લાના એકતા નગર (કેવડિયા) અને આસપાસના વિસ્તારોમાં પ્રવાસન ધામો વિકસાવવાના નામે સ્થાનિક આદિવાસીઓની જમીનો સંપાદિત કરવા, વિસ્થાપિતોને યોગ્ય વળતર ન મળવા, રોજગારીમાં અન્યાય અને આદિવાસી સંસ્કૃતિ તેમજ જમીનના મૂળભૂત હક્કો છીનવાઈ રહ્યા હોવાના આક્ષેપો લાંબા સમયથી થઈ રહ્યા છે. સ્થાનિક આદિવાસી અગ્રણીઓ અને વિવિધ સંગઠનોનું કહેવું છે કે, વિદેશી અને બહારના પ્રવાસીઓ માટે કરોડોના ઝાકઝમાળ પ્રોજેક્ટો ઊભા થઈ રહ્યા છે, પરંતુ જેના પર આદિવાસીઓની પેઢીઓ જીવી છે તે મૂળ વતનીઓને પોતાની જ જમીન પરથી બેઘર કરીને અન્યાય કરવામાં આવી રહ્યો છે. અનેક રજૂઆતો અને આવેદનપત્રો આપવા છતાં તંત્ર અને સરકાર દ્વારા તેમની માંગણીઓ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવતા આખરે સમાજે 'આરપારની લડાઈ' નું શસ્ત્ર ઉગામ્યું છે.

૩૧મી ઓક્ટોબરે જ્યારે આખો દેશ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આયોજિત રાષ્ટ્રીય કાર્યક્રમ પર નજર રાખીને બેઠો હશે, ત્યારે સ્થાનિક આદિવાસી નેતાઓ, ચૈતર વસાવા સહિતના અગ્રણીઓ અને જનસંગઠનો દ્વારા કાળા ઝંડા બતાવવા, વિરોધ રેલીઓ કાઢવી કે પ્રદર્શન કરીને સરકાર સામે અવાજ બુલંદ કરવાના એક્શન પ્લાન ઘડાઈ રહ્યા છે. આગામી ૩૧ તારીખે આદિવાસી સમાજ દ્વારા કરવામાં આવનારા આ સંભવિત વિરોધ પ્રદર્શનથી રાજ્યના ગૃહ વિભાગ અને નર્મદા પોલીસ તંત્રના જીવ તાળવે ચોંટી ગયા છે.

આણંદ SOG ઓફિસ બહાર ખાખીનો સૌથી મોટો કાળો વહીવટ પકડાયો

2 લાખની લાંચ લેતો વચેટિયો ઝડપાયો, PSIની ગાડીમાંથી મળ્યા અધધ 49 લાખ રોકડા!

આણંદ

ચરોતરના આણંદ જિલ્લામાંથી ભ્રષ્ટાચારનો એવો ઘટસ્ફોટ થયો છે, જેને જોઈને સામાન્ય જનતાના હોશ ઉડી જશે! આણંદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ઓફિસની બહાર એસીબી (ACB) દ્વારા ગોઠવવામાં આવેલા એક સચોટ છટકામાં બે લાખ રૂપિયાની લાંચ લેતો એક ખાનગી વ્યક્તિ રંગેહાથ ઝડપાઈ ગયો છે. સૌથી ચોંકાવનારી અને સનસનાટીભરી બાબત તો એ છે કે જ્યારે એસીબીની ટીમે આરોપીની ગાડીની તલાશી લીધી, ત્યારે તેમાંથી કાળા નાણાંનો ભંડાર સમાન અદભુત રૂા. ૪૯ લાખની રોકડ રકમ મળી આવી છે! ખાખી વર્દીની આડમાં ચાલતા આ હપ્તાખોરી અને કરોડોના કૌભાંડે સમગ્ર પોલીસ બેડામાં ભૂકંપ મચાવી દીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ગુનાની તપાસ ચાલી રહી હતી. આ ગુનાના કામે ફરિયાદીના સીઝ થયેલા બેંક એકાઉન્ટની રકમ અનફ્રીઝ કરવા (મુક્ત કરવા) અને બદલામાં ફરિયાદીની ધરપકડ ન કરવા માટે આણંદ SOG ના પોલીસ ઈન્સ્પેક્ટર (PSI) વી. એન. રાઠોડ અને તેમના વતી વહીવટ સંભાળતા ખાનગી ઈસમ દિલીપ પટેલ દ્વારા માતબર રકમની લાંચની માંગણી કરવામાં આવી હતી.

આ કેસમાં કાયદેસરની કાર્યવાહીના નામે પ્રજાના લોહીચૂસવાનું કામ કરતા આ ભ્રષ્ટ તત્વો દ્વારા રૂપિયા બે લાખની લાંચ નક્કી કરવામાં આવી હતી. ફરિયાદી આ ગેરકાયદેસર લાંચ આપવા માગતા ન હોવાથી તેમણે તાત્કાલિક એસીબી (ACB) નો સંપર્ક કરીને સમગ્ર હકીકત જણાવી હતી. એસીબીની ટીમે આયોજનબદ્ધ રીતે આણંદ SOG ઓફિસની બહાર જ છટકું ગોઠવ્યું હતું. જેવું ફરિયાદી પાસેથી બે લાખ રૂપિયાની લાંચની રકમ ખાનગી વ્યક્તિ દિલીપ પટેલ દ્વારા સ્વીકારવામાં આવી, તે જ સમયે એસીબીની ટીમે ત્રાટકીને તેને રંગેહાથ દબોચી લીધો હતો. એસીબીના દરોડા પડતા જ SOG ના PSI વી.એન. રાઠોડના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને તે પોલીસ ટીમની નજર ચૂકવીને ત્યાંથી ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો.

ગુજરાતની મહિલા વન અધિકારીઓનો દર્દભર્યો સવાલ

"અમે જંગલ અને સાવજોનું રક્ષણ કરીએ છીએ, પણ અમારા રક્ષણનું શું?"

ગાંધીનગર/જૂનાગઢ

એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન એવા ગુજરાતના ગીર અને અન્ય વન વિસ્તારોમાં દિવસ-રાત જોખમો વચ્ચે ફરજ બજાવતી મહિલા વન અધિકારીઓ અને કર્મચારીઓની સુરક્ષાને લઈને એક અત્યંત સંવેદનશીલ અને ગંભીર મુદ્દો સામે આવ્યો છે. વન અને વન્યજીવોના રક્ષણ માટે પોતાની જાનની બાજી લગાવતી ગુજરાતની આ મહિલા અધિકારીઓએ હવે ખુલ્લેઆમ સવાલ ઉઠાવ્યો છે કે, 'અમે તો જંગલ અને સિંહોનું રક્ષણ કરીએ છીએ, પણ અમારા પોતાના રક્ષણનું શું?' ગુજરાતનું વન વિભાગ સિંહોની સુરક્ષા માટે દેશ-વિદેશમાં જાણીતું છે, જેમાં અનેક મહિલા ફોરેસ્ટ રેન્જ ઓફિસર (RFO), ફોરેસ્ટર અને બીટ ગાર્ડ પણ પોતાની ફરજ પૂરી નિષ્ઠાથી બજાવી રહી છે. રાત્રે ગાઢ જંગલમાં પેટ્રોલિંગ કરવું, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવી, વન્યપ્રાણીઓના હુમલાના જોખમ વચ્ચે કામ કરવું અને ક્યારેક અસામાજિક તત્વોનો સામનો કરવો–આ બધું તેમના રોજિંદા જીવનનો હિસ્સો છે.

પરંતુ, આટલી જોખમી નોકરી કરવા છતાં ફિલ્ડમાં ફરજ બજવતી આ મહિલા અધિકારીઓ માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા, અલગથી બેઝિક સુવિધાઓ અને કટોકટીના સમયે તાત્કાલિક મદદ મળી રહે તેવી સિસ્ટમનો અભાવ હોવાના કારણે તેમનામાં ભારે અસંતોષ અને ચિંતા જોવા મળી રહી છે.

મહિલા વન કર્મચારીઓ દ્વારા અનેકવાર રજૂઆતો કરવા છતાં રિમોટ ફોરેસ્ટ વિસ્તારોમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન સુરક્ષાના પૂરતા સાધનો, યોગ્ય વાહનવ્યવહાર, અને કમ્યુનિકેશન નેટવર્કની અછત જેવી સમસ્યાઓ કાયમ માટે તેમની ચિંતા વધારી દે છે. જંગલની વચ્ચે આવેલા ક્વાર્ટર્સ કે રેન્જ ઓફિસમાં રહેતી મહિલા કર્મચારીઓને ઘણીવાર સુરક્ષાને લઈને અસુરક્ષાની ભાવના સતાવે છે. સિંહો અને દીપડા જેવા હિંસક પ્રાણીઓ વચ્ચે જ્યારે તેઓ ફરજ પર હોય છે ત્યારે વન્યજીવોનું રક્ષણ તો તેઓ કરી લે છે, પરંતુ માનવસર્જિત જોખમો અને આંતરિક સુરક્ષાના પ્રશ્નો સામે તેઓ લાચાર ન બને તેવી માંગ પ્રબળ બની છે. મહિલા અધિકારીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા આ સવાલે હવે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને સરકારનું પણ ધ્યાન ખેંચ્યું છે.

આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની પહેલ

રાજ્યની સેવાભાવી હોસ્પિટલોને 25 નવી એમ્બ્યૂલન્સની ભેટ

સુરત

રાજ્યના નાગરિકોને ગુણવત્તાયુક્ત, ઝડપી અને બહેતર આરોગ્ય સેવાઓ મળી રહે તથા ગ્રામ્ય વિસ્તારો સુધી કટોકટીના સમયે તબીબી સહાય ત્વરિત પહોંચે તેવા ઉમદા હેતુથી આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા દ્વારા બજાજ ફાઈનાન્સના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી એટલે કે સીએસઆર ફંડ અંતર્ગત રાજ્યની વિવિધ સેવાભાવી હોસ્પિટલોને કુલ ૨૫ જેટલી એમ્બ્યુલન્સ ફાળવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંકલ્પ અંતર્ગત પ્રથમ ચરણમાં આજે સુરતથી આરોગ્ય મંત્રીના હસ્તે અત્યાધુનિક આરોગ્ય સંસાધનોથી સજ્જ ૫ એમ્બ્યુલન્સને લીલી ઝંડી બતાવી દર્દીનારાયણની સેવામાં સત્તાવાર રીતે રવાના કરવામાં આવી હતી. સમાજમાં સેવાની ઉત્કૃષ્ટ

ભાવના સાથે આરોગ્ય સેવાઓ પૂરી પાડતી સુરતની માતુશ્રી રામુબા તથા માતુશ્રી શાંતાબા વીડિયા હોસ્પિટલ (ડાયમંડ હોસ્પિટલ), સાવરકુંડલાની વિદ્યાગુરુ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત લલ્લુભાઈ હોસ્પિટલ, ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાની સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ (ટીબી), કામરેજ તાલુકાની દિનબંધુ ચેરિટેબલ હોસ્પિટલ (ખોલવડ) અને જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના ચાપરડા સ્થિત પૂ. મુક્તાનંદ બાપુ પ્રેરિત જય અંબે મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ, એમ કુલ પાંચ હોસ્પિટલોને પ્રથમ તબક્કામાં એમ્બ્યુલન્સની ભેટ આપવામાં આવી છે.

મોરબીમાં ખળભળાટ

વકીલાત કરતી મહિલા વકીલની કારને રાતોરાત સળગાવી દીધી!!!

મોરબી

પેલું કહેવત છે ને કે 'જ્યારે રક્ષક જ ભક્ષક બને અથવા પડોશી જ દુશ્મન બની જાય, ત્યારે સુરક્ષા ક્યાં શોધવી?' મોરબી શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારી અને દહેશત ફેલાવતી ઘટના સામે આવી છે. મોરબી કોર્ટમાં વકીલાત કરતી એક મહિલા વકીલની માલિકીની કારને કોઈ અસામાજિક તત્વે કે જાણી જોઈને દુશ્મનાવટ રાખીને સળગાવી દીધાનો ગંભીર આરોપ લાગ્યો છે. આ ઘટના બાદ મોરબીના વકીલ આલમ અને સ્થાનિક વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબીના વાઘપરા વિસ્તારમાં આવેલી સોસાયટી કે શેરીમાં મહિલા વકીલ દ્વારા પોતાની સ્વિફ્ટ કાર (Swift Car) રાબેતા

મુજબ પાર્ક કરવામાં આવી હતી. મોડી રાત્રિના સુમારે અચાનક આ કારમાં આગ ભભૂકી ઉઠી હતી. આગ એટલી ભયાનક હતી કે જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી અને બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગઈ હતી. કાર માલિક મહિલા વકીલને આ અકસ્માત નહીં પરંતુ જાણી જોઈને કરવામાં આવેલું કૃત્ય હોવાની શંકા ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આસપાસના વિસ્તારના સીસીટીવી (CCTV) ફૂટેજની ચકાસણી કરવામાં આવી હતી. સીસીટીવી ફૂટેજ સામે આવતા જ સમગ્ર રહસ્ય પરથી પડદો ઉંચકાઈ ગયો હતો. દાવો કરવામાં આવી રહ્યો છે કે સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે પડોશમાં જ રહેતો શખ્સ શિખર જયેશભાઈ ગોહેલ આ કારની આસપાસ શંકાસ્પદ હરકતો કરી રહ્યો છે અને તેણે જ આ સ્વિફ્ટ કારને જાણી જોઈને આગ ચાંપી હતી! પડોશી દ્વારા જ અદાવત રાખીને કે અન્ય કોઈ કારણસર કારને સળગાવી દેવામાં આવી હોવાના આ ગંભીર આક્ષેપથી સમગ્ર વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો છે.

લિસ્ટેડ બુટલેગર ભાવલા ઝાલાના ઘરમાંથી 2160 વિદેશી દારૂ અને બિયરની બોટલોનો મોટો જથ્થો ઝડપાયો!

દહેગામ

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરમાંથી પોલીસની સક્રિયતાને કારણે દારૂના ધંધાર્થીઓ સામે મોટો સપાટો બોલાયો છે. દહેગામના કુખ્યાત અને લિસ્ટેડ બુટલેગરના ઘર પર પોલીસે અચાનક દરોડો પાડીને તહેવારોની મોસમમાં વેચાણ માટે સંગ્રહ કરવામાં આવેલો વિદેશી દારૂ અને બિયરનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીથી દહેગામ અને આસપાસના વિસ્તારના બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, દહેગામમાં આવેલી જાણીતી 'જોષીની ખડકી' વિસ્તારમાં રહેતા લિસ્ટેડ બુટલેગર ભાવસિંહ ઉર્ફે ભાવલો ઝાલા દ્વારા પોતાના ઘરનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે કરવામાં આવી રહ્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને આ બુટલેગરે મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો બહારથી મંગાવીને પોતાના ઘરમાં છુપાવ્યો છે. બાતમીના આધારે પોલીસે દહેગામના આ મકાન પર સપાટો બોલાવતા ઘરમાંથી મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યું કે મકાનના ઉપરના માળે દારૂની પેટીઓ સંતાડીને રાખવામાં આવી હતી.

જામનગરમાં ભાજપના મહિલા કોર્પોરેટરના પુત્રના ગોડાઉનમાંથી 53.78 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

રાજકોટ હાઈવે પર ચાલતા ખુલ્લા ખેલ પર પોલીસના સપાટા: 19,522 બોટલોનો મસમોટો જથ્થો ઝડપાયા બાદ ખળભળાટ, કોર્પોરેટરના પુત્ર હિતેશ ઉર્ફે વાંગા સહિત 10 બુટલેગરો ફરાર

જામનગર

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલના દાવાઓ માત્ર કાગળ પર જ શોભાના ગાંઠિયા સાબિત થઈ રહ્યા છે તેનું વધુ એક જીવંત અને ચોંકાવનારું ઉદાહરણ જામનગરથી સામે આવ્યું છે. સત્તાના નશામાં ચૂર થઈને કાયદાને ઘોળીને પીનારાઓ હવે બેફામ બન્યા છે, અને આ વાતની પ્રતીતિ ત્યારે થઈ જ્યારે શાસક પક્ષ ભાજપના જ એક મહિલા કોર્પોરેટરના પુત્રના ગોડાઉનમાંથી લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો. આ ઘટનાએ સમગ્ર રાજ્યના રાજકારણમાં અને પોલીસ બેડામાં ભારે ભૂકંપ સર્જી દીધો છે. પ્રાપ્ત વિગતો અને પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જામનગર-રાજકોટ હાઈવે પર આવેલી

માનસી હોટેલ પાછળના વિસ્તારમાં એક ગોડાઉન આવેલું છે. આ ગોડાઉનમાં મોટા પાયે વિદેશી દારૂનું કટિંગ (ઉતરાણ) થઈ રહ્યું હોવાની બાતમી સ્થાનિક પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ધોરણે આ ગોડાઉન પર રેડ પાડી હતી. પોલીસ જ્યારે અચાનક ત્રાટકી ત્યારે ત્યાં દારૂની પેટીઓ ઉતારવાની ગતિવિધિ ચાલુ હતી. પોલીસે સ્થળ પરથી આશ્ચર્યજનક રીતે વિદેશી દારૂની કુલ 19,522 બોટલો જપ્ત કરી છે, જેની બજાર કિંમત અંદાજે 53.78 લાખ રૂપિયા આંકવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જે ખુલાસો થયો છે તેણે સૌને ચોંકાવી દીધા છે. આ વિશાળ ગોડાઉન અને દારૂના આ કાળા કારોબારનો મુખ્ય સૂત્રધાર બીજું કોઈ નહીં, પરંતુ જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર 10 ના ભાજપના મહિલા કોર્પોરેટર મંજુબેન બાંભણિયાનો પુત્ર હિતેશ ઉર્ફે વાંગો હોવાનું સામે આવ્યું છે. સત્તાધારી પક્ષના જ પદાધિકારીના પરિવારમાંથી આવો ગેરકાયદેસર અને કરોડો રૂપિયાનો દારૂનો ધંધો પકડાયા બાદ હવે રાજકીય ગલીઓમાં પણ ભારે ચર્ચા અને વિવાદ શરૂ થઈ ગયો છે.

"30 વર્ષથી સાંસદ છતાં દક્ષિણ ગુજરાતના ખેડૂતો પાણી માટે કેમ તરસ્યા?": નિરંજન વસાવાનો મનસુખ વસાવા પર આકરો પ્રહાર!

સિંચાઈના પાણી અને આદિવાસી અધિકારો મુદ્દે ભરૂચ-નર્મદા પંથકમાં ભયંકર રાજકીય ગરમાવો

ભરૂચ/રાજપીપળા

દક્ષિણ ગુજરાતના ભરૂચ અને નર્મદા જિલ્લા સહિતના આદિવાસી બેલ્ટમાં ખેડૂતોને સિંચાઈના પાણીની વિકટ સમસ્યા અને આદિવાસી રાજકારણને લઈને રાજકીય વાતાવરણ ચરમસીમાએ પહોંચી ગયું છે. ભરૂચ લોકસભા વિસ્તારમાંથી સતત ત્રણ દાયકાથી ભાજપના સાંસદ તરીકે ચૂંટાતા મનસુખ વસાવા સામે આમ આદમી પાર્ટી (AAP) ના પ્રદેશ નેતા નિરંજન વસાવાએ સણસણતા સવાલો ઉઠાવીને આકરા પ્રહારો કર્યા છે. આપના નેતાએ સીધો પ્રહાર કરતાં પૂછ્યું છે કે, 'છેલ્લા 30 વર્ષથી સત્તામાં અને સંસદમાં હોવા છતાં આ વિસ્તારના સામાન્ય ખેડૂતોને આજે પણ પૂરતું પાણી કેમ નથી મળી રહ્યું?' આમ આદમી પાર્ટીના નેતા નિરંજન વસાવાએ મીડિયા સમક્ષ ભાજપ અને સાંસદ મનસુખ વસાવાને આડે હાથ લેતાં જણાવ્યું હતું કે, ભાજપે આદિવાસી અને ખેડૂત મતદારોનો

માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કર્યો છે. નર્મદા ડેમ જેવી મસમોટી યોજનાઓ ઘરઆંગણે હોવા છતાં ભરૂચ અને નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોના ખેડૂતોને પોતાના ખેતરો સુધી સિંચાઈનું પાણી પહોંચાડવા માટે વલખાં મારવા પડે છે. 30 વર્ષ સુધી સાંસદ તરીકે શાસન કરનારા નેતા પાસે આનો કોઈ જવાબ નથી. ખેડૂતો આજે પણ પાક સુકાઈ જવાની ભીતિ વચ્ચે પાણી માટે પોકાર કરી રહ્યા છે. આદિવાસી રાજકારણના મુદ્દે વધુમાં વાત કરતાં નિરંજન વસાવાએ આપના ધારાસભ્ય અને આદિવાસી નેતા ચૈતર વસાવા ની જમીની સ્તરની લોકપ્રિયતાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે, ડેડિયાપાડા અને સમગ્ર આદિવાસી પટ્ટામાં ચૈતર વસાવા જે રીતે પ્રજાના હક અને અધિકારો માટે અવાજ ઉઠાવી રહ્યા છે, તેનાથી લોકોમાં તેમનો જનાધાર અભૂતપૂર્વ રીતે વધી રહ્યો છે. આમ આદમી પાર્ટીનો આક્ષેપ છે કે ચૈતર વસાવાની વધતી જતી લોકપ્રિયતા અને આદિવાસી સમાજના મળતા સમર્થનથી ભાજપના દાયકાઓ જૂના સ્થાનિક નેતાઓ અને સાંસદ મનસુખ વસાવા માનસિક રીતે ડરી ગયા છે અને પોતાની નિષ્ફળતાઓ છુપાવવા માટે જાત-જાતના નિવેદનો આપી રહ્યા છે. ખેડૂતોના પાણીના પ્રશ્ને અને આદિવાસીઓના મૂળભૂત હકોને લઈને આપ દ્વારા શરૂ કરવામાં આવેલા આ આક્રમક વલણથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

વડોદરામાં પોલીસ ચોકીના નાક નીચે કાયદાના ધજાગરા

કોયલી પોલીસ ચોકીની બહાર જ ફટાકડા ફોડીને કેક કાપી જન્મદિવસની ઉજવણીનો વીડિયો વાયરલ!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં પોલીસ વિભાગના કાયદા અને વ્યવસ્થાના દાવાઓ સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. વડોદરા શહેરમાં જાણે કાયદાનો કોઈ ડર જ ન રહ્યો હોય તેમ અસામાજિક તત્વો અને બેફામ બનેલા યુવકો હવે પોલીસ ચોકીઓની બહારી હદને પણ નથી છોડી રહ્યા. વડોદરાની કોયલી પોલીસ ચોકીની બરાબર બહાર જ જાહેરમાં ફટાકડા ફોડીને અને કેક કાપીને જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે, જેને લઈને પોલીસની કાર્યક્ષમતા સામે ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે. પ્રાપ્ત વિગતો

અનુસાર, વડોદરાના કોયલી પોલીસ ચોકી વિસ્તારમાં કોઈ શખ્સનો જન્મદિવસ હોવાથી તેના મિત્રો દ્વારા અનોખી અને નિયમ વિરુદ્ધની સ્ટાઈલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ યુવકોએ પોલીસ ચોકીની બરાબર બહાર જ ગાડીઓ ઊભી રાખીને મસમોટી કેક કાપી હતી અને જાહેરમાં જોરશોરથી ફટાકડા ફોડીને ભારે ધમાલ મચાવી હતી. પોલીસ ચોકીની અંદર બેઠેલા કર્મચારીઓ કે બહાર હાજર રહેલા વહીવટી તંત્રને આ બાબતની કોઈ ગંધ ન આવી અથવા તો જાણી જોઈને આંખ આડા કાન કરવામાં આવ્યા, તે એક મોટો સવાલ છે. સામાન્ય રીતે પોલીસ ચોકી કે પોલીસ સ્ટેશન એ સુરક્ષા, શાંતિ અને કાયદાના પાલનનું પ્રતિક માનવામાં આવે છે. જ્યાં સામાન્ય નાગરિકો કાયદાના ડરથી સાવચેતી રાખતા હોય છે, ત્યાં જ કેટલાક માથાભારે કે શોખીન યુવકો દ્વારા પોલીસ ચોકીની બહાર જ આ પ્રકારે કાયદાની ધજાગરા ઉડાડતા હોય તેવા દ્રશ્યો સામે આવતા નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો પોલીસ ચોકીની બહાર જ આ પ્રકારે બેફામ બનીને ફટાકડા ફોડી અને કેક કાપવામાં આવતી હોય, તો સામાન્ય વિસ્તારોમાં આ તત્વો શું કરતા હશે તેનો અંદાજ સરળતાથી લગાવી શકાય છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયાના અલગ-અલગ પ્લેટફોર્મ પર વાયરલ થયા બાદ વડોદરા પોલીસ બેડામાં પણ દોડધામ મચી ગઈ છે. પોલીસની નાક નીચે ચાલતી આવી પ્રવૃત્તિઓથી ઉચ્ચ અધિકારીઓ પણ અસંતુષ્ટ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વાયરલ વીડિયોના આધારે હવે વડોદરા પોલીસ દ્વારા આ જન્મદિવસની ઉજવણી કરનાર યુવકોની ઓળખ કરવાનું અને તેમની સામે કાયદેસરની ગુનાહિત તથા દંડાત્મક કાર્યવાહી કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

સુરતમાં નશાધૂત નબીરાનો બેફામ હુમલો: ભાજપ નેતાના પુત્ર યશ રાઠોડે દારૂના નશામાં 15થી વધુ વાહનો ઉડાવ્યા

સુરત

હીરાનગરી સુરતના પાલનપુર પાટિયા વિસ્તારમાં રાત્રિના સમયે એક કાળજું કંપાવનારી અને ભારે રોષ જગાડનારી ઘટના સામે આવી છે. ભાજપના મહિલા નેતા નિરીક્ષા અતુલ રાઠોડના પુત્ર યશ રાઠોડે દારૂના નશામાં ચૂર થઈને પોતાની કાર એવી રીતે દોડાવી કે માર્ગ પરથી પસાર થઈ રહેલા નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ માટે તે સાક્ષાત કાળ બની ગયો હતો. નશાની હાલતમાં સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં આ નબીરાએ એક પછી એક સતત 15થી વધુ વાહનોને જોરદાર ટક્કર મારીને ઉડાવી દીધા હતા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરતના પાલનપુર પાટિયા નજીકના મુખ્ય રસ્તા પર અચાનક એક પૂરપાટ ઝડપે આવતી કારે સામે આવતા ટુ-વ્હીલર્સ અને અન્ય વાહનોને ધડાધડ ટક્કર મારવાનું શરૂ કર્યું હતું. કારચાલક યશ રાઠોડ દારૂના એટલા ઘોર નશામાં હતો કે તેને કાર પર કોઈ નિયંત્રણ રહ્યું નહોતું. અકસ્માતમાં અનેક વાહનોનો કૂચડો વળી ગયો હતો અને કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના બનતાં જ આસપાસના સ્થાનિક રહીશો અને વાહનચાલકો તાત્કાલિક એકઠા થઈ ગયા હતા. ઉશ્કેરાયેલા લોકોએ કારને ઘેરીને નશાધૂત યશ રાઠોડને બહાર ખેંચી કાઢ્યો હતો અને સ્થળ પર જ પકડી રાખીને પોલીસને જાણ કરી હતી. અકસ્માત સર્જનાર યશ રાઠોડ ભાજપ નેતાનો પુત્ર હોવાની વિગતો બહાર આવતાં જ લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

આંગણવાડીથી લઈને આરોગ્ય, કૃષિ-શહેરી વિકાસના પ્રોજેક્ટમાં યુવાનો જોડાશે

ગુજરાતમાં CM ફેલોશિપનો વ્યાપ વધ્યો: ફેલો 41થી 47 અને પ્રોજેક્ટ 20થી વધારી 45 કરાયા

ગાંધીનગર

ગુજરાત સરકારના વહીવટી તંત્રમાં યુવા પ્રતિભાઓની ભાગીદારી વધારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ સરદાર પટેલ ગુડ ગવર્નન્સ CM ફેલોશિપનો વ્યાપ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત ફેલોની સંખ્યા 41થી વધારીને 47 અને પ્રોજેક્ટની સંખ્યા 20થી વધારીને 45 કરવામાં આવી છે. આ પહેલ હેઠળ યુવાનોને સરકારી યોજનાઓના અમલીકરણ, નીતિ વિશ્લેષણ, સંશોધન અને વહીવટી પ્રક્રિયાઓમાં સુધારા માટે કામ કરવાની તક મળશે.

સામાન્ય વહીવટી વિભાગ (GAD) દ્વારા કરવામાં આવેલા નવા ઠરાવ મુજબ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદ (IIM અમદાવાદ) આ કાર્યક્રમમાં નોલેજ પાર્ટનર

તરીકે કાર્ય કરશે. કાર્યક્રમનો હેતુ જ્ઞાન, સંશોધન ક્ષમતા અને વિશ્લેષણાત્મક અભિગમ ધરાવતા યુવાનોને એકથી બે વર્ષ માટે રાજ્યના વહીવટી તંત્ર સાથે જોડી સરકારી કામગીરીનો અનુભવ આપવાનો છે. ફેલોશિપના વિસ્તૃત કાર્યક્ષેત્રમાં શિક્ષણ, આરોગ્ય, પોષણ, કૃષિ, સામાજિક વિકાસ, શહેરી વહીવટ, પર્યાવરણ અને જાહેર વહીવટ સહિતનાં ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. યુવા ફેલો વિવિધ વિભાગો સાથે મળી સરકારી યોજનાઓના અમલીકરણમાં આવતી મુશ્કેલીઓનો અભ્યાસ કરશે. સાથે જ ઉપલબ્ધ સંસાધનોનો અસરકારક ઉપયોગ, વિભાગો વચ્ચે સંકલન અને વહીવટી કાર્યક્ષમતા વધારવા વ્યવહારુ સૂચનો પણ આપશે. બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી આંગણવાડી, પોષણ, એનિમિયા ઘટાડવા, બાળશિક્ષણ અને એકબીજા સાથે જોડાયેલી લાઈબ્રેરીઓ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. PM POSHAN મધ્યાહ્ન ભોજન યોજના અને સંકલિત બાળ વિકાસ સેવા (ICDS)ના અમલીકરણને વધુ મજબૂત બનાવવા સેન્ટ્રલાઈઝ્ડ કિચન સુવિધાઓના વિસ્તરણ અંગે પણ પ્રોજેક્ટ હાથ ધરાશે.

સુરતમાં ટ્રકો ન રોકવા અને હેરાન નહીં કરવાના બદલામાં રૂા. 9,000ની લાંચ લેતો ટ્રાફિક ASIનો વચેટિયો એસીબીના સકંજામાં!

સુરત

સુરત જિલ્લામાંથી ભ્રષ્ટાચારને લગતો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાજ્યમાં એસીબી (ACB) ની કડક કાર્યવાહી છતાં ખાખી વર્દીની આડમાં ચાલતા ભ્રષ્ટ કારોબારો અટકવાનું નામ નથી રહ્યા. સુરત ગ્રામ્ય ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા એક એએસઆઈ (ASI) વતી ટ્રકચાલકો પાસે હપ્તાની ઉઘરાણી કરતા વચેટિયાને એસીબીની ટીમે રંગેહાથ ઝડપી લીધો છે, જ્યારે ભ્રષ્ટ પોલીસ કર્મચારી એસીબીની રેડ પડતાની સાથે જ ભોંયભેગો થઈને ફરાર થઈ ગયો હોવાની માહિતી સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરત જિલ્લાના માંડવી રોડ પર આવેલા કરંજ ટોલનાકા નજીક આ લાંચકાંડનો ખેલ ચાલી રહ્યો હતો. સુરત ગ્રામ્ય ટ્રાફિક શાખાના આર્મ્ડ એએસઆઈ કિરણભાઈ રમણભાઈ રોહિત દ્વારા વિસ્તારમાંથી પસાર થતા વાહનો અને ટ્રકોને હેરાન ન કરવા તથા દંડ ન ફટકારવા માટે ગેરકાયદેસર રીતે નાણાંની માંગણી કરવામાં આવી હતી. સમગ્ર



મામલામાં એક ટ્રક દીઠ રૂા. 1,500 લેખે કુલ 6 ટ્રકોના હિસાબે રૂા. 9,000 ની લાંચ પેટે રકમ નક્કી કરવામાં આવી હતી. આ લાંચની રકમ સ્વીકારવાની જવાબદારી એએસઆઈએ એક ખાનગી વ્યક્તિ અને સિવિલ કોન્ટ્રાક્ટર અમીતકુમાર નગીનભાઈ પ્રજાપતિને સોંપી હતી.

તંત્રી લેખ...

મોદી સરકારના એક કાયદાથી કેમ પત્રકારત્વ ખતમ થઈ જવાનો ડર? સરકાર સામે દેશના 21 મોટા મીડિયા સંસ્થાનો કેમ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા?

લોકશાહીમાં જો કોઈ સરકાર કે વ્યવસ્થાની સામે અરીસો ધરવાનું કામ કરતું હોય, તો તે છે પત્રકારત્વ એટલે કે મીડિયા. મીડિયાને લોકશાહીનો ચોથો સ્તંભ માનવામાં આવે છે, જે જનતાના પ્રશ્નો પૂછે છે અને સરકારને જવાબદેહ બનાવે છે. પરંતુ, જો આ ચોથા સ્તંભને જ કાયદાના સળિયા પાછળ જકડી દેવામાં આવે અથવા તો એટલો ભય ઊભો કરવામાં આવે કે તે ચૂપચાપ બેસી રહેવા મજબૂર થઈ જાય, તો લોકશાહીનું શું થાય?

આજકાલ આ જ સવાલ દેશભરના બુદ્ધિજીવીઓ, પત્રકારો અને નાગરિકોના મનમાં ગૂંજી રહ્યો છે.

કેન્દ્રની મોદી સરકાર દ્વારા લાવવામાં આવેલા ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ (DPDP Act) ને લઈને દેશમાં એક મોટો વિવાદ વંટોળ ઊભો થયો છે.

સ્થિતિ એટલી હદે વણસી છે કે દેશની 21 જેટલી પ્રતિષ્ઠિત અને અગ્રણી મીડિયા સંસ્થાઓ તથા પત્રકારો સરમુખત્યારશાહી જેવા આ કાયદા સામે લડવા માટે સીધા સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવવા મજબૂર બન્યા છે.

આખરે એવું શું છે આ કાયદામાં, જેનાથી પત્રકારત્વ ખતમ થઈ જવાનો ડર પેદા થયો છે? ચાલો વિગતવાર સમજીએ.

શું છે DPDP Act અને શા માટે છે પત્રકારોને વાંધો?



ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (DPDP) એક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોના ડિજિટલ ડેટાની ગોપનીયતા (Privacy) જાળવવાનો છે, જે કાગળ પર તો ખૂબ સારો અને લોકકલ્યાણકારી દેખાય છે. પરંતુ આ કાયદાની કેટલીક જોગવાઈઓ એવી છે જે સીધી રીતે પત્રકારત્વ, તપાસાત્મક અહેવાલો (Investigative Journalism) અને જાહેર હિતના ખુલાસાઓ પર તરાપ મારે છે.

પત્રકાર સંસ્થાઓનો મુખ્ય વિરોધ એ વાત પર છે કે આ કાયદો સરકારને અપાર સત્તાઓ આપે છે. જો કોઈ મીડિયા હાઉસ કે પત્રકાર કોઈ ભ્રષ્ટાચાર, રાજકીય કૌભાંડ કે સરકારી બેદરકારી વિશે રિપોર્ટિંગ કરે છે અને તેમાં કોઈ વ્યક્તિગત ડેટા કે માહિતીનો ઉપયોગ થાય છે, તો આ કાયદા હેઠળ સંબંધિત વ્યક્તિ સરકારમાં ફરિયાદ કરી શકે છે. અને સૌથી ભયાનક વાત એ છે કે, આ કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ સરકાર દ્વારા રૂ. 250 કરોડ સુધીનો તોતિંગ દંડ ફટકારવાની જોગવાઈ કરવામાં આવી છે!

પત્રકારત્વ ખતમ થવાનો ડર કેમ છે?

આ કાયદાને લઈને મીડિયા જગતમાં એટલો મોટો ડર કેમ બેસી ગયો છે? તેના મુખ્ય કારણો નીચે મુજબ છે:

1. તપાસાત્મક પત્રકારત્વ (Investigative Journalism) પર પૂર્ણવિરામ:

આજના સમયમાં સાચા પત્રકારો સ્કેમ્સ, રાજકીય ભ્રષ્ટાચાર કે અપરાધોની પોલ ખોલવા માટે ડેટા અને દસ્તાવેજોનો સહારો લે છે. જો કોઈ ભ્રષ્ટ નેતા કે અધિકારીનો પર્દાફાશ કરતી વખતે તેની પ્રાઈવસી કે ડેટાના નામે કાયદાકીય અંકુશ મૂકી દેવામાં આવે, તો કોઈ પણ પત્રકાર કે મીડિયા હાઉસ મોટું જોખમ ખેડીને સત્ય બહાર લાવવાની હિંમત નહીં કરે.

2. કરોડો રૂપિયાના દંડની તલવાર:

નાની કે મધ્યમ કક્ષાની ન્યૂઝ ચેનલો, ડિજિટલ પોર્ટલો કે અખબારો પાસે કરોડો રૂપિયાની પેમેન્ટ ક્ષમતા નથી હોતી. જો કોઈ સરકાર વિરોધી અહેવાલ છાપવા બદલ કરોડો રૂપિયાનો દંડ ફટકારવામાં આવે, તો તે મીડિયા સંસ્થાન રાતોરાત બંધ થઈ જાય. આ એક પ્રકારની આર્થિક ગુલામી અને માનસિક ડર ઊભો કરવાની ચાલ છે.

3. સેન્સરશિપ અને સરકારનું નિયંત્રણ:

આ કાયદાના અમલીકરણથી સરકાર પોતાની વિરુદ્ધ આવનારા દરેક અહેવાલ કે તપાસને 'ડેટા પ્રાઈવસીનું ઉલ્લંઘન' ગણાવીને દબાવી શકે છે. મીડિયાને સરકારની મંજૂરી વગર કોઈપણ માહિતી છાપતા ડર લાગશે, જે લોકશાહીમાં અઘોષિત કટોકટી (Emergency) સમાન છે.

દેશની 21 મોટી મીડિયા સંસ્થાઓ કેમ પહોંચી કોર્ટમાં?

જ્યારે સરકાર સામે અવાજ ઉઠાવવાના તમામ રસ્તાઓ બંધ થતા દેખાયા, ત્યારે દેશના અગ્રણી ડિજિટલ ન્યૂઝ પબ્લિશર્સ અને મીડિયા સંસ્થાઓએ એક થઈને સુપ્રીમ કોર્ટમાં પિટિશન દાખલ કરી છે. આ સંસ્થાઓનું સ્પષ્ટ કહેવું છે કે આ કાયદો ભારતીય બંધારણે આપેલી અભિવ્યક્તિની સ્વતંત્રતા (Freedom of Speech and Expression - Article 19) પર સીધો હુમલો છે.

પત્રકાર સંસ્થાઓએ કોર્ટમાં દલીલ કરી છે કે જો સરકાર આ કાયદાના જોરે પત્રકારોના હાથ-પગ બાંધી દેશે, તો પ્રજા સુધી સાચી માહિતી ક્યારેય પહોંચશે જ નહીં. લોકશાહીમાં સરકારો આવે અને જાય છે, પરંતુ જો મીડિયા જ ડરના મારફતે ગુલામ બની જશે, તો જનતાના મૂળભૂત અધિકારોનું રક્ષણ કોણ કરશે?

સત્તાની માનસિકતા: સવાલોથી ડરતી સરકાર?

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે આજની તારીખમાં સત્તા પર બેઠેલી સરકારો મીડિયાના સવાલોથી બચવા માંગે છે. જે અહેવાલો સરકારની છબી ખરાબ કરતા હોય અથવા તેમની નીતિઓની પોલ ખોલતા હોય, તેને રોકવા માટે આવા કાયદાઓ એક હથિયાર તરીકે ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. 'ડેટા પ્રોટેક્શન'ના સુંદર આવરણ નીચે નાગરિકોના અધિકારોના રક્ષણની આડમાં વાસ્તવમાં તો શાસકો પોતાની ટીકાને દબાવવા માગે છે.

આ લડાઈ હવે માત્ર કાયદાકીય નથી રહી, પરંતુ તે ભારતીય લોકશાહીના અસ્તિત્વની લડાઈ બની ગઈ છે. સુપ્રીમ કોર્ટ આ મામલે શું વલણ અપનાવે છે અને પત્રકારત્વની આઝાદી બચે છે કે નહીં, તે તો આવનાર સમય જ કહેશે, પરંતુ આ કાયદાએ સરકારની નિયત સામે દેશભરમાં ગંભીર સવાલો જરૂર ઊભા કરી દીધા છે.

- ગ્રુપ એડિટર પવન માકન

કોંગ્રેસ મુક્ત ભારતનો નારો આપનાર ભાજપ ખુદ 'કોંગ્રેસ યુક્ત' બની ગયો: પક્ષની બદલાયેલી માનસિકતા અને નવો ચહેરો છતો થયો

સત્તાની રાજનીતિ માટે આયાતી નેતાઓ સામે શરણાગતિ: જે કોંગ્રેસને ભ્રષ્ટ કહેતા થાકતા નહોતા, આજે તે જ કોંગ્રેસીઓના ભરોસે ભાજપનો રથ કેમ ચાલી રહ્યો છે?

પાક્કો ગુજરાત ન્યૂઝ, ગાંધીનગર/અમદાવાદ

ભારતીય રાજકારણમાં છેલ્લા કેટલાક વર્ષોથી એક બહુ મોટો અને ગુંજતો નારો સૌથી વધુ ચર્ચામાં રહ્યો–'કોંગ્રેસ મુક્ત ભારત'. દેશના શાસક પક્ષ ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા વિપક્ષી પાર્ટી કોંગ્રેસને નામશેષ કરવા માટે દેશવ્યાપી અભિયાન ચલાવવામાં આવ્યું. દેશના ખૂણે-ખૂણેથી ભાજપના નેતાઓ મંચ પરથી એવું ગર્જના કરતા જોવા મળતા કે દેશને કોંગ્રેસની વિચારધારા અને તેના નેતાઓના કથિત ભ્રષ્ટાચારથી મુક્ત કરવો છે. પરંતુ, સમયનું ચક્ર એવું ફર્યું છે કે આજે રાજકીય સમીકરણો અને જમીની હકીકત જોઈને જનતા ચોંકી ગઈ છે. આજે સ્થિતિ એવી સર્જાઈ છે કે 'કોંગ્રેસ મુક્ત ભારત'નું સપનું જોનાર ભાજપ ખુદ 'કોંગ્રેસ યુક્ત' બની ગયો છે!

આજની તારીખમાં ભાજપના નીતિ-નિયમો, સંગઠન અને સરકારો પર નજર નાખો તો સ્પષ્ટ દેખાઈ આવશે કે જે પક્ષ દાયકાઓ સુધી કોંગ્રેસની સંસ્કૃતિ સામે લડતો હતો, આજે તે જ પક્ષમાં કોંગ્રેસના જ પૂર્વ દિગ્ગજો, નેતાઓ અને તેમની કાર્યપદ્ધતિનો સૌથી મોટો કબજો જામી ગયો છે.

આયાતી સંસ્કૃતિ અને સત્તાની ભૂખ: ભાજપની બદલાયેલી માનસિકતા

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે ભાજપની મૂળ વિચારધારા અને કેડર-બેઝ્ડ (સંગઠન આધારિત) પાર્ટી હોવાનો દાવો હવે માત્ર કાગળ પૂરતો સીમિત રહી ગયો છે. ચૂંટણી જીતવા માટે ગમે તે ભોગે સત્તા મેળવવાની ઘેલછામાં ભાજપે પોતાના જૂના,નિષ્ઠાવાન અને વર્ષોથી પાયામાં કામ કરનારા કાર્યકરોને હાંસિયામાં ધકેલી દીધા છે અને બીજી પાર્ટીઓમાંથી, ખાસ કરીને કોંગ્રેસમાંથી આવતા પક્ષપલટુ નેતાઓને રેડ કાર્પેટ બિછાવીને સ્વાગત કર્યું છે.

પરિણામ એ આવ્યું છે કે જે પક્ષ પોતાના સિદ્ધાંતો અને 'ડિફરન્ટ પાર્ટી' હોવાનો દાવો કરતો હતો, તે આજે અન્ય પક્ષોના નેતાઓનું સેફ હાઉસ બની ગયો છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં આજે સ્થિતિ એવી છે કે ભાજપના અનેક મોટા મંત્રીઓ, ધારાસભ્યો અને હોદ્દેદારો એવા છે જે ક્યારેક કોંગ્રેસના મુખ્ય ચહેરાઓ હતા. જેમને ગઈકાલે ભાજપના નેતાઓ જાહેરમાં ભ્રષ્ટ અને દેશવિરોધી ગણાવતા હતા, તે જ નેતાઓ આજે ભાજપમાં પ્રવેશતાની સાથે જ 'પવિત્ર' બની જાય છે! આ બેવડી નીતિ અને રાજકીય અનૈતિકતા ભાજપની બદલાયેલી માનસિકતાને ખુલ્લી પાડે છે.

નિષ્ઠાવાન કાર્યકરોની ઉપેક્ષા અને સિદ્ધાંતોના તલપાપડ

કોંગ્રેસના વિરોધમાં દાયકાઓ સુધી પરસેવો પાડનાર પાયાના કાર્યકરો આજે મૂંગા મોઢે આ બધું જોઈ રહ્યા છે. જે લોકોએ ભાજપને ઊભો કરવામાં પોતાનું જીવન ખર્ચી નાખ્યું, તેમને ટિકિટ કે હોદ્દો આપવાને બદલે રાતોરાત કોંગ્રેસમાંથી કૂદીને આવેલાઓને મલાઈદાર પદો સોંપવામાં આવી રહ્યા છે. આનાથી સાબિત થાય છે કે ભાજપ માટે હવે વિચારધારા કે નીતિઓ કોઈ માયને નથી રાખતી, માત્ર 'જીત' અને 'સત્તા' જ તેમનો એકમાત્ર એજન્ડા બની ગયો છે.

જે પક્ષ બીજા પર પરિવારવાદ અને ભ્રષ્ટાચારના આક્ષેપો કરતો હતો, તે જ પક્ષ આજે એ જ પરિવારવાદ અને અઢળક સંપત્તિ ધરાવતા નેતાઓને પોતાના પક્ષમાં સમાવીને તેમની સામે દંડુકો ઉગામવાનું ભૂલી ગયો છે. આને રાજકીય મજબૂરી કહો કે સ્વાર્થ, પણ આનાથી ભાજપનો મૂળ આત્મા મરી રહ્યો છે અને તે અસલ રૂપમાં 'કોંગ્રેસીકરણ' પામી ચૂક્યો છે.

જનતા સમક્ષ મોટો સવાલ: શું આ જ છે બદલાવ?

આજની રાજનીતિ જોઈને સામાન્ય જનતાના મનમાં સવાલો ઉઠી રહ્યા છે કે જો આખરે રાજકારણ એ જ કરવું હતું, જો પક્ષો બદલીને માત્ર નેતાઓની અદલાબદલી જ કરવાની હતી, તો પછી પ્રજાને 'કોંગ્રેસ મુક્ત' કરવાના નામે મોટા-મોટા ભાષણો આપીને ગેરમાર્ગે કેમ દોરવામાં આવ્યા?

ભાજપની આ માનસિકતા હવે પ્રજા સમક્ષ બેનકાબ થઈ ચૂકી છે. જનતા બધું જ જોઈ રહી છે કે કઈ રીતે સત્તાની લાલસામાં સિદ્ધાંતોને તિલાંજલિ આપવામાં આવી રહી છે. જો આજની તારીખમાં ભાજપની અંદર ડોકિયું કરવામાં આવે તો કોંગ્રેસના વિચારો અને નેતાઓ જ શાસન ચલાવતા નજરે પડશે. આ હકીકત દર્શાવે છે કે નારો ભલે 'કોંગ્રેસ મુક્ત' નો હોય, પણ વાસ્તવિકતા એ છે કે ભાજપ ખુદ સંપૂર્ણપણે 'કોંગ્રેસ યુક્ત' બની ગયો છે.

ખાખીની શાન, જનસુરક્ષાનો સંકલ્પ અને સેવાભાવની ઓળખ: સાગર બાગમારની કાર્યશૈલી!

કોઈપણ જિલ્લાના વિકાસ, શાંતિ અને સલામતી માટે મજબૂત કાયદો-વ્યવસ્થા અનિવાર્ય છે. ખાસ કરીને સરહદી વિસ્તાર, બંદરો, ઔદ્યોગિક એકમો અને વેપારી પ્રવૃત્તિઓથી ધમધમતા કચ્છ જેવા વિશાળ જિલ્લામાં પોલીસની જવાબદારી અનેકગણી વધી જાય છે. આવા પડકારો વચ્ચે પૂર્વ કચ્છના પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમાર, આઈ.પી.એસ.ની કામગીરી કાયદાનું પાલન, ગુનાખોરી સામેની કાર્યવાહી અને જનસુરક્ષાના પ્રયાસોના સંદર્ભમાં ધ્યાન ખેંચે છે.

ગુનાખોરી સામે સજ્જ પોલીસ તંત્ર

પોલીસની સાચી કસોટી માત્ર ગુનો બન્યા પછી આરોપીને પકડવામાં નથી, પરંતુ ગુનાખોરીને અટકાવવા, ગુનાના મૂળ સુધી પહોંચવા અને નાગરિકોમાં સુરક્ષાની ભાવના મજબૂત કરવામાં પણ છે. પૂર્વ કચ્છ પોલીસ દ્વારા ગુનાખોરીના નિયંત્રણ, તપાસ અને વણઉકેલાયેલા ગુનાઓના નિરાકરણ માટે કરવામાં આવતા પ્રયાસોમાં માર્ગદર્શન, સંકલન અને ટીમવર્કનું વિશેષ મહત્ત્વ છે.

ફેબ્રુઆરી ૨૦૨૬માં પૂર્વ કચ્છ પોલીસ દ્વારા યોજાયેલી ક્રાઈમ કોન્ફરન્સમાં વિવિધ પોલીસ મથકો અને શાખાઓના અધિકારીઓ સાથે ગુનાની સ્થિતિની સમીક્ષા કરી કાયદો-વ્યવસ્થા જાળવવા તથા વણઉકેલાયેલા ગુનાઓના નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આવી સમીક્ષા પોલીસ તંત્રને વધુ જવાબદાર અને પરિણામલક્ષી બનાવવા માટે ઉપયોગી બને છે.

સરહદી સુરક્ષામાં ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ

કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ અને આંતરરાષ્ટ્રીય સરહદને ધ્યાનમાં રાખતાં સુરક્ષા વ્યવસ્થામાં સતત સતર્કતા જરૂરી છે. પૂર્વ કચ્છમાં ગામડાંઓને સીસીટીવી કેમેરાના નેટવર્કથી આવરી લેવાના પ્રયાસો આ દિશામાં મહત્ત્વપૂર્ણ છે.

*ટાઈમ્સ ઑફ ઈન્ડિયા*ના ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ના અહેવાલ મુજબ, પૂર્વ કચ્છનાં ૩૦૦ ગામોમાંથી ૨૨૧ ગામોમાં ૨,૯૦૦થી વધુ સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા હતા. આ વ્યવસ્થામાં સ્થાનિક ગ્રામજનોનો સહયોગ પણ મહત્ત્વપૂર્ણ રહ્યો હતો. ગામના પ્રવેશદ્વાર, બજાર અને સંવેદનશીલ સ્થળોએ કેમેરા લગાવવાથી શંકાસ્પદ હિલચાલ પર નજર રાખવામાં તથા ગુનાની તપાસમાં મદદ મળી શકે છે.

આ પહેલ દર્શાવે છે કે આધુનિક ટેક્નોલોજી અને જનભાગીદારીનો સમન્વય સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી શકે છે.

નશાના દૂષણ સામે કડક કાર્યવાહી

યુવા પેઢીને નશાના દૂષણથી બચાવવી એ માત્ર પોલીસની નહીં, પરંતુ સમગ્ર સમાજની જવાબદારી છે. નશીલા પદાર્થોની હેરાફેરી અને વેચાણ સામે કાયદેસરની કાર્યવાહી સાથે જનજાગૃતિ પણ એટલી જ જરૂરી છે.

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા ચલાવવામાં આવેલા 'નો ડ્રગ્સ ઈન ઈસ્ટ કચ્છ' અભિયાન અંગે ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના

અહેવાલમાં જણાવ્યા મુજબ, ૧ જાન્યુઆરીથી ૩૧ ઑગસ્ટ, ૨૦૨૬ દરમિયાન એન.ડી.પી.એસ. કાયદા હેઠળ નોંધાયેલા ૬૨ કેસમાં કુલ ૧૦૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ આંકડા નશીલા પદાર્થો સામેની કાર્યવાહીનું પ્રમાણ દર્શાવે છે. આવી કામગીરીની સાથે શાળા-કૉલેજોમાં જાગૃતિ, વાલીઓનો સહયોગ અને યુવાનોને સકારાત્મક પ્રવૃત્તિઓ તરફ વાળવાના પ્રયાસો પણ જરૂરી છે.

પોલીસ કર્મચારીઓનું મનોબળ અને માનવીય અભિગમ

પોલીસ તંત્રની સફળતા માત્ર અધિકારીના નેતૃત્વથી નહીં, પરંતુ મેદાનમાં ફરજ બજાવતા દરેક કર્મચારીની નિષ્ઠા અને સમર્પણથી શક્ય બને છે. ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ, તહેવારો દરમિયાન બંદોબસ્ત અને નાગરિકોની સુરક્ષા માટે પોલીસકર્મીઓ દિવસ-રાત ફરજ બજાવે છે.

૨૪ ઑક્ટોબર, ૨૦૨૬ના અહેવાલ મુજબ, પૂર્વ કચ્છમાં ટ્રાફિક પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને ટ્રાફિક રિઝર્વ પોલીસના જવાનોને તેમની કામગીરી બદલ પ્રશંસાપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કર્મચારીઓની કામગીરીને બિરદાવવાથી તેમનું મનોબળ વધે છે અને ફરજ પ્રત્યેની જવાબદારી વધુ મજબૂત બને છે.

તે જ રીતે, ફરજ દરમિયાન અવસાન પામેલા હેડ કોન્સ્ટેબલના પરિવારને ૧૪.૧૬ લાખની આર્થિક સહાય આપવામાં આવી હોવાનો ૨૬ ઑક્ટોબર, ૨૦૨૬નો અહેવાલ પોલીસ તંત્રના માનવીય પાસાને પણ ઉજાગર કરે છે. પોલીસ પરિવારના સભ્યો પ્રત્યેની સંવેદના અને સહાયની ભાવના સમાજમાં વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવામાં મદદરૂપ બને છે.

ખાખીનો ખરો અર્થ: કડકાઈ સાથે સંવેદનશીલતા

પોલીસ અધિકારીની ઓળખ માત્ર ગણવેશ, હોદ્દો કે સત્તાથી નક્કી થતી નથી. કાયદાનું નિષ્પક્ષ પાલન, નાગરિકોની ફરિયાદો પ્રત્યે સંવેદનશીલતા, ગુનેગારો સામે કાયદેસરની કાર્યવાહી અને નિર્દોષ નાગરિકોના અધિકારોનું રક્ષણ–આ તમામ બાબતો પોલીસની વિશ્વસનીયતાના પાયાના સ્તંભ છે.

શ્રી સાગર બાગમારની કામગીરીના વિવિધ અહેવાલો સુરક્ષા વ્યવસ્થાને આધુનિક બનાવવા, નશીલા પદાર્થો સામે કાર્યવાહી કરવા, પોલીસ કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા અને પોલીસ તંત્રમાં સંકલન મજબૂત કરવા જેવા પાસાઓ રજૂ કરે છે. આ પ્રયાસોને વધુ વ્યાપક સફળતા ત્યારે મળશે, જ્યારે નાગરિકો પણ કાયદાનું પાલન કરે, શંકાસ્પદ પ્રવૃત્તિઓ અંગે જવાબદારીપૂર્વક માહિતી આપે અને પોલીસ સાથે સહકાર જાળવે.

જનવિશ્વાસ જ પોલીસની સાચી મૂડી

પૂર્વ કચ્છની સુરક્ષા એ માત્ર પોલીસ વિભાગની જવાબદારી નથી; તે સમગ્ર સમાજની સહિયારી ફરજ છે. પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસનો સેતુ મજબૂત બને, ગુનાખોરી સામે સમયસર કાર્યવાહી થાય અને સામાન્ય નાગરિક નિર્ભયતાથી પોતાની ફરિયાદ રજૂ કરી શકે–એ જ સુશાસનની સાચી ઓળખ છે.

શ્રી સાગર બાગમાર જેવા જવાબદાર પોલીસ અધિકારીઓના નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવતા સકારાત્મક પ્રયાસોનું મૂલ્યાંકન માત્ર પ્રશંસાના શબ્દોથી નહીં, પરંતુ તેમના પરિણામો, પારદર્શિતા અને નાગરિકોના અનુભવના આધારે થવું જોઈએ. કાયદાનું રાજ્ય મજબૂત બને, યુવાનો નશામુક્ત જીવન તરફ આગળ વધે, સરહદી વિસ્તારો સુરક્ષિત રહે અને પોલીસ પ્રત્યે જનવિશ્વાસ સતત વધે–એ જ પૂર્વ કચ્છ માટે સાચી પ્રગતિનો માર્ગ છે.

ખાખીનું ગૌરવ ત્યારે જ ઉજળે છે, જ્યારે તેની સત્તા સાથે સેવા, કડકાઈ સાથે ન્યાય અને ફરજ સાથે માનવતા જોડાય.

- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ

રાજસ્થાન બ્યુરોક્રેસીમાં મોટો વિસ્ફોટ: 40 વિલા-કોટેજના ખરીદ-વેચાણ કૌભાંડમાં વરિષ્ઠ IAS શિખર અગ્રવાલ સામે તંત્રની લાલઆંખ!

અઢી વર્ષમાં 6.16 કરોડમાં ખરીદી 40 મિલકતો, વાર્ષિક 1.80 કરોડની ભાડાની કમાણીનો ખુલાસો: રાજસ્થાન સરકારે આઈઈએસ અધિકારીને તાત્કાલિક ધોરણે APO કર્યા, વહિવટી વર્તુળોમાં ભારે હડકંપ

પાક્કો ગુજરાત ન્યૂઝ, દિલ્હી/જયપુર:

રાજસ્થાનના રાજકારણ અને વહિવટી તંત્રમાં મસમોટા ભ્રષ્ટાચાર અને અપ્રમાણસર મિલકતોનો એક એવો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે,

જેણે સમગ્ર દેશના નોકરશાહો (Bureaucracy) ની ઊંઘ ઉડાડી દીધી છે. રાજસ્થાન સરકારે એક અત્યંત મોટા અને ચર્ચાસ્પદ નિર્ણય હેઠળ રાજ્યના સિનિયર IAS અધિકારી શિખર અગ્રવાલને 28 ઑક્ટોબર, 2026 ના રોજ તાત્કાલિક અસરથી APO (Waiting for Posting Order) કરી દીધા છે. સનસનાટી મચાવનારા અહેવાલો મુજબ, વરિષ્ઠ આઈઈએસ અધિકારી અને તેમના પરિવારજનો પર પોતાના પદનો ઉપયોગ કરીને કરોડો રૂપિયાના બેનામી મિલકતોના ખરીદ-વેચાણ અને ભાડાપટ્ટાનું મોટું નેટવર્ક ચલાવવાનો ગંભીર આરોપ લાગ્યો છે.

અઢી વર્ષમાં 40 મિલકતોનો ખેલ! કરોડો રૂપિયાનું આંધળું રોકાણ

પ્રાપ્ત વિગતો અને એજન્સીઓના અહેવાલો અનુસાર, IAS શિખર અગ્રવાલ અને તેમના પરિવારના સભ્યોએ માત્ર અઢી વર્ષના ટૂંકા ગાળામાં એક-બે નહીં પરંતુ પૂરી 40 જેટલી મોંઘી મિલકતો (જેમાં આલીશાન વિલા અને કૉટેજનો સમાવેશ થાય છે) ખરીદી લીધી હતી. આ મિલકતોની ચોપડે દર્શાવેલી કિંમત જ આશરે 6.16 કરોડ જેટલી થાય છે! આશ્ચર્યજનક વાત એ છે કે, સરકારી નીતિ-નિયમો અને સત્તાવાર આવકની મર્યાદાઓ વચ્ચે આટલી મોટી સંખ્યામાં મિલકતો ખરીદવા માટે કરોડો રૂપિયાનું રોકાણ ક્યાંથી આવ્યું? તે સવાલ હાલ તપાસના કેન્દ્રમાં છે.

વાર્ષિક 1.80 કરોડની ભાડાની આવકનું સામ્રાજ્ય

કૌભાંડની વિગતો અહીં જ પૂરી નથી થતી. આ વિલા અને કૉટેજની ખરીદી કર્યા બાદ તેને મોંઘા ભાડાપટ્ટે (Lease) આપીને અગ્રવાલ પરિવારે કમાણીનું મસમોટું મોડેલ ઊભું કરી લીધું હતું. અહેવાલો મુજબ, આ 40 મિલકતોને ભાડે આપીને તેઓ દર વર્ષે 1.80 કરોડ ની મસમોટી ભાડાકીય આવક મેળવી રહ્યા હતા! એક બાજુ દેશનો સામાન્ય નાગરિક એક નાનું મકાન બનાવવા કે લોન ચૂકવવામાં આખી જિંદગી વિતાવી દે છે, ત્યારે બીજી તરફ ઉચ્ચ હોદ્દા પર બેઠેલા જવાબદાર અધિકારી પોતાના હોદ્દાના જોરે કરોડો રૂપિયાની મિલકતોના સામ્રાજ્ય ઊભા કરી રહ્યા છે, જે ગંભીર બાબત છે.

અધકચરા જ્ઞાન અને 'વોટ્સએપ યુનિવર્સિટી'ના ઝેર સામે લાલઆંખ: રજવાડાં, મહાપુરુષો અને આપણી વિરાસતને બદનામ કરતી વિકૃત માનસિકતાનો પર્દાફાશ!

મહારાજા કૃષ્ણકુમારસિંહજી, બાપુ, સરદાર કે બાબા સાહેબ–અજ્ઞાનીઓના નિવેદનોથી કરોડોના દિલમાં વસતા મહાનુભાવોનું કદ નાનું નહીં થાય!

પાક્કો ગુજરાત ન્યૂઝ, અમદાવાદ

આજકાલ સોશિયલ મીડિયાના યુગમાં એક બેહદ ઘાતક અને વિકૃત ટ્રેન્ડ શરૂ થયો છે–કોઈપણ એક સમાજને નીચો બતાવવો, ઈતિહાસના મહાપુરુષોનું અપમાન કરવું અને સસ્તા અટેન્શન કે રાજકીય રોટલા શેકવા માટે અફવાઓ ફેલાવવી. આજે આ સમાજનો વારો, કાલે બીજા સમાજનો! પરંતુ, ઈતિહાસના થોથાં વાંચ્યા વગર અને સત્ય જાણ્યા વગર જ્ઞાન પીરસતી 'વોટ્સએપ યુનિવર્સિટી'ના આજના કથિત વિદ્વાનો જો બે સારા પુસ્તકો વાંચી લેત, તો કદાચ આજે તેમણે દેશ અને રાજ્યના મહાપુરુષો સામે ઝેર ઓકવાનો વારો ન આવ્યો હોત. પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી: એક સમાજના નહીં, આખા ભારતના ગૌરવ હાલમાં જ ભાવનગરના અમર આદરણીય અને પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિશે અધકચરા જ્ઞાનના આધારે બફાટ કરનારા અજ્ઞાનીઓને ખબર હોવી જોઈએ કે મહારાજાના કામોની યાદી બનાવવા બેસો તો આખી જિંદગી ઓછી પડે! દેશની એકતા અને અખંડિતતા માટે પોતાનું આખું અખંડ રાજ્ય, અઢળક સંપત્તિ અને સત્તા સૌથી પહેલાં દેશ ચરણે ધરી દેનાર આ મહાન રાજા કોઈ એક જ્ઞાતિ કે સમાજના સીમાડામાં બાંધી શકાય તેમ નથી. તેઓ પ્રજાના પાલનહાર હતા અને તેમણે સર્વસમાજ માટે કામ કર્યું છે. જે લોકો કોઈ એક મહાનુભાવને જ્ઞાતિના ચશ્મામાંથી જોવાની ભૂલ કરે છે, તે તેમની સંકુચિત માનસિકતાનું ઉદાહરણ છે. માફી માગવાથી ગુનો ધોવાઈ જતો નથી, પરંતુ આ પ્રકારનો વાયરસ તંત્રમાં ક્યાં સુધી ચાલશે તે મોટો સવાલ છે. પ્રોફેસરો, કોલમિસ્ટો અને પત્રકારોનું 'વોટ્સએપ યુનિવર્સિટી' ગેંગ સાથે ગઠબંધન? દુ:ખની વાત એ છે કે આ માનસિકતા માત્ર સોશિયલ મીડિયાના ટ્રોલર્સ પૂરતી સીમિત નથી રહી. સમાજને દિશા આપવાનું કામ કરતા કથિત પ્રોફેસરો, લેખકો, કોલમિસ્ટો અને કેટલાક વેચાયેલા કે અધકચરા પત્રકારો પણ આ જ 'વોટ્સએપ યુનિવર્સિટી'ના સભ્ય બની ગયા છે. પોતાના સ્વાર્થ અને સસ્તા તર્કથી આ ગેંગે પૂજનીય મહાપુરુષોને બદનામ કરવામાં કોઈ બાકી રાખ્યું નથી: રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના અહિંસા અને ત્યાગ પર સવાલો ઉઠાવવા, સરદાર વલ્લભભાઈ પટેલની આયર્નમેન જેવી છબી અને નિર્ણયો પર બિનપાયાદાર વિવાદો ઊભા કરવા, ડો. બાબાસાહેબ આંબેડકરના બંધારણીય અને સામાજિક યોગદાનને સંકુચિત ચોકઠામાં પૂરવું,

પાક્કો ગુજરાત
શુક્રવાર | 30 ઓક્ટોબર 2026 | અમદાવાદ

ભારજ નદીના પટમાં ખનીજ માફિયાઓ સામે ખાખી અને તંત્રની લાલઆંખ

વાઘવા ગામે ભૂમાફિયાઓ વચ્ચે ખનીજ વિભાગના ધામા: 6 ટ્રેક્ટરો સીઝ!

છોટાઉદેપુર/જેતપુરપાવી

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકા અંતર્ગત આવતા વાઘવા ગામ નજીકથી વહેતી પવિત્ર ભારજ નદીના પટમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર રેતી ખનનના ગોરખધંધા પર આખરે ખનીજ વિભાગે સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે મોડે મોડે પણ જાગેલા તંત્રએ નદીના પટમાં દરોડો પાડીને ગેરકાયદેસર રીતે રેતીની ચોરી કરતા માફિયાઓ પર સપાટો બોલાવ્યો છે. દરોડા દરમિયાન અધિકારીઓને ડરાવવાનો અને કામગીરી અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવા છતાં ખનીજ વિભાગે કોઈ પણ દબાણ સામે ઝૂક્યા વિના ૬ જેટલા ટ્રેક્ટરો ઝડપી પાડીને સીઝ કરી દીધા છે.

મળતી ચોંકાવનારી વિગતો અનુસાર, છોટાઉદેપુર ખનીજ વિભાગની ટીમે જ્યારે ભારજ નદીના પટમાં વાઘવા ગામ પાસે અચાનક દરોડો પાડ્યો, ત્યારે ત્યાં ગેરકાયદેસર રીતે રેતી ભરી રહેલા તત્વોમાં દોડધામ મચી ગઈ હતી. પોતાનો કાળો કારોબાર પકડાઈ જતાં રેતી ખનન સાથે સંકળાયેલા લોકો અને સ્થાનિક દાદાઓના ટોળાએ ખનીજ વિભાગના અધિકારીઓનો ઘેરાવ કરીને ઉગ્ર રકઝક અને બહાસબાજી શરૂ કરી દીધી હતી. પરંતુ ખનીજ વિભાગના નિડર અધિકારીઓએ આ માફિયાઓની દાદાગીરી સામે સહેજ પણ ઝૂકવાનો ઈનકાર કરી દીધો હતો. કાયદાનું પાલન કરાવવા અડગ રહેલા અધિકારીઓએ રકઝક વચ્ચે જ તમામ ૬ ટ્રેક્ટરો કબજે કરીને સીઝ કરવાની કડક કાર્યવાહી પૂરી કરી હતી. તંત્રની આ હિંમતભરી કાર્યવાહીથી સમગ્ર છોટાઉદેપુર અને જેતપુરપાવી પંથકના ભૂમાફિયાઓમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. એકતરફ તહેવારોની મોસમમાં નદીઓના પટમાંથી ગેરકાયદેસર રેતી ચોરી કરીને લાખો-કરોડો રૂપિયા કમાઈ લેવાનો ખેલ ચાલતો હતો, ત્યારે ખનીજ વિભાગની આ કાર્યવાહી ચોક્કસપણે વખાણવા લાયક છે. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે શું માત્ર તહેવારો ટાણે જ એક-બે દરોડા પાડીને તંત્ર પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ શકે? ભારજ નદીમાં જે રીતે બેફામ બનીને કુદરતી સંપત્તિનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે, તે જોતાં સાબિત થાય છે કે રેતી માફિયાઓને કાયદાનો કોઈ ડર રહ્યો નથી. જો આ ગેરકાયદેસર ખનન પર કાયમી ધોરણે અંકુશ લાવવો હોય, તો માત્ર ડ્રાઈવ યોજવાને બદલે: નદી કિનારે અને ખનન પોઈન્ટ્સ પર નિયમિત સીસીટીવી અને ચેકિંગ ગોઠવવું જોઈએ, માત્ર ટ્રેક્ટરો સીઝ કરવાને બદલે રેતી ચોરીના અસલી આકાઓ અને માફિયાઓ સામે ફોજદારી ગુના નોંધવા જોઈએ. 'પાક્કો ગુજરાત' નો સણસણતો સવાલ: હવે માફિયાઓ સામે કાયમી સરકારી ડંડો ચાલશે કે પછી વહીવટ થઈ જશે?

'ઓપરેશન ગંગાજળ' હેઠળ ભ્રષ્ટ બાબુઓ પર સરકારે ફેરવ્યું સપાટો

રાણપુરના TDO ભુવાત્રા અને શિહોરના TDO રાવ હટાવાયા, અત્યાર સુધીમાં 89 અધિકારીઓ ઘરભેગા!

ગાંધીનગર

ગુજરાત સરકારે વહીવટી તંત્રમાંથી કાગળ પર ચાલતી લાપરવાહી, ભ્રષ્ટાચાર અને પ્રજાના કામોમાં અનાવશ્યક વિલંબ કરતા ભ્રષ્ટ અધિકારીઓ સામે અત્યાર સુધીનું સૌથી આક્રમક અભિયાન 'ઓપરેશન ગંગાજળ' છેડી દીધું છે. આ અભિયાન હેઠળ રાજ્ય સરકાર દ્વારા વધુ બે ભ્રષ્ટ અને બેજવાબદાર તાલુકા વિકાસ અધિકારીઓ (TDO) પર સપાટો બોલાવીને તેમને તાત્કાલિક ધોરણે ઘરભેગા કરી દેવામાં આવ્યા છે. સરકારી ખુરશીને પોતાની જાગીર સમજતા અને પ્રજાના પ્રશ્નો પ્રત્યે ઉદાસીન રહેનારા અધિકારીઓ સામેના આ સચોટ પગલાંથી આખા ગુજરાતના વહીવટી બેડામાં ભારે ભૂકંપ મચી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, 'ઓપરેશન ગંગાજળ' અંતર્ગત સરકાર દ્વારા કરવામાં આવેલી કડક સમીક્ષા અને ફરિયાદોના આધારે બોટાદ જિલ્લાના રાણપુરના તાલુકા વિકાસ અધિકારી (TDO) કે.બી. ભુવાત્રા અને ભાવનગર જિલ્લાના શિહોરના તાલુકા વિકાસ અધિકારી (TDO) એમ.જી. રાવ વિરુદ્ધ આકરી પ્રશાસનિક કાર્યવાહી કરવામાં આવી છે. આ બંને અધિકારીઓ સામે લાંબા સમયથી પ્રજાના કામોમાં ભ્રષ્ટાચાર આચરવા, સરકારી યોજનાઓમાં ગેરરીતિ કરવા અને વહીવટી બેદરકારી દાખવવાની ગંભીર ફરિયાદો ઉઠી હતી. સરકાર દ્વારા ઝીણવટભરી તપાસ બાદ આ બંને ટીડીઓને ફરજમાંથી મુક્ત કરીને સીધા ઘરભેગા કરી દેવામાં આવ્યા છે.

પોરબંદર જિલ્લામાં PM કિસાન ઉત્સવ અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી માટે તડામાર તૈયારીઓ

37 ગામોમાં પીએમ કિસાન ઉત્સવનું આયોજન; 46,850 ખેડૂતોને રૂ.9.38 કરોડથી વધુની સહાયનો લાભ મળશે

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લામાં આગામી તા. ૩૦ અને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાનારા 'પીએમ કિસાન ઉત્સવ' અને 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે. આ બંને કાર્યક્રમોની પૂર્વતૈયારી અને આયોજન અંગે માહિતી આપવા પોરબંદરના વિલા સર્કિટ હાઉસ ખાતે જિલ્લા કલેક્ટર એસ.ડી. ધાનાણીના અધ્યક્ષસ્થાને પત્રકાર પરિષદ યોજાઈ હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી બી.બી. ચૌધરી અને જિલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. પત્રકાર પરિષદમાં જિલ્લા કલેક્ટરશ્રીએ બંને કાર્યક્રમોના આયોજન, સ્થળો, લાભાર્થીઓની સંખ્યા અને નાગરિકોની સહભાગિતા સહિતની વિગતો આપી હતી. પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના ૨૪મા હપ્તાની સહાય

ખેડૂતોના બેંક ખાતામાં જમા કરાવવાના કાર્યક્રમ સાથે ખેડૂતોને જોડવામાં આવશે, જ્યારે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રનિર્માણમાં રહેલા અમૂલ્ય યોગદાનને યાદ કરી દેશની એકતા અને અખંડિતતાનો સંદેશ જનજન સુધી પહોંચાડવામાં આવશે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ૨૪મા હપ્તાની સહાય સીધી લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) મારફતે જમા કરાવવા માટે આગામી તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં પીએમ કિસાન ઉત્સવનો કાર્યક્રમ યોજાનાર છે. આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમના ભાગરૂપે પોરબંદર જિલ્લામાં પણ પીએમ કિસાન ઉત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લાના દરેક જિલ્લા પંચાયત મતવિસ્તાર હેઠળનાં બે ગામોમાં કાર્યક્રમો યોજાશે. સમગ્ર જિલ્લામાં કુલ ૩૭ ગામોમાં પીએમ કિસાન ઉત્સવના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પોરબંદર જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને રાતિયા ગામે આવેલા ભાદરાઈ માતાજીના મંદિર ખાતે યોજાશે. આ કાર્યક્રમોમાં ઉપસ્થિત ખેડૂતો અને નાગરિકો પ્રધાનમંત્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળી શકશે.

રાણાવાવ બાયપાસ પર બાઈક સ્ટંટ કરનારા બે ઈસમો સામે પોલીસની કડક કાર્યવાહી

સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી; એક યુવાન સામે ગુનો નોંધાયો

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર-રાજકોટ હાઈવે પર રાણાવાવ બાયપાસ નજીક જાહેર માર્ગ પર બાઈક દ્વારા જોખમી સ્ટંટ કરતા બે ઈસમોનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોરબંદર જિલ્લા પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. જાહેર માર્ગો પર આ પ્રકારના જોખમી સ્ટંટ કરીને પોતાના જીવની સાથે અન્ય વાહનચાલકો અને રાહદારીઓની સુરક્ષાને જોખમમાં મૂકનારા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવાના હેતુથી જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ (બી.યુ.) જાડેજા સાહેબે તાત્કાલિક તપાસના આદેશ આપ્યા હતા. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયાની

ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ અધિક્ષક દ્વારા પોરબંદર ટ્રાફિક શાખાના પી.એસ.આઈ. કે.બી. ચૌહાણને સ્ટંટ કરનારા બંને ઈસમોને શોધી કાઢી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના અનુસંધાને પી. એસ.આઈ. કે.બી. ચૌહાણ તથા તેમની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટ્રાફિક પોલીસની ટીમે વાયરલ વીડિયોના આધારે તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસ દરમિયાન બાઈક પર જોખમી સ્ટંટ કરનારા બંને ઈસમોની ઓળખ કરવામાં આવી હતી અને તેમને રાણાવાવ ખાતેથી શોધી કાઢવામાં આવ્યા હતા. તપાસમાં એક યુવાન પુખ્ત વયનો, જ્યારે બીજો ઈસમ સગીર વયનો હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત સગીર પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ ન હોવા છતાં તેને બાઈક ચલાવવા આપવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું હતું.

પોલીસ તપાસમાં બાઈક સ્ટંટ કરનાર ફરાન મુસ્તાકભાઈ સમા (ઉંમર વર્ષ ૧૯), રહે. રાણાવાવ હોવાનું સામે આવ્યું હતું. જાહેર માર્ગ પર બાઈક ચલાવતી વખતે જોખમી સ્ટંટ કરવા બદલ તેની સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૨૮૧ તથા મોટર વાહન અધિનિયમની કલમ ૩/૧૮૧, ૧૮૪ અને ૧૭૭ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કલમો હેઠળની કાર્યવાહી દ્વારા જાહેર માર્ગો પર બેદરકારી પૂર્વક વાહન ચલાવવું, ટ્રાફિકના નિયમોનો ભંગ કરવો અને વાહન ચલાવવા માટે જરૂરી કાયદાકીય જોગવાઈઓનું પાલન ન કરવા જેવા મુદ્દાઓ સામે પોલીસ દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે.

બનાવટી દસ્તાવેજ અને આર્મ્સ એક્ટના ગુનામાં 14 વર્ષથી નાસતા આરોપીને નોએડાથી ઝડપી પાડ્યો

ભરૂચ

ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બનાવટી દસ્તાવેજ અને આર્મ્સ એક્ટના ગુનામાં છેલ્લા 14 વર્ષથી પોલીસ ધરપકડથી બચતા આરોપી અરવિંદકુમાર કોમલસીંગ યાદવ (ઉં.વ. 42)ને ઉત્તર પ્રદેશના નોએડાથી ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપી વિરુદ્ધ નામદાર કોર્ટ દ્વારા તા. 07/09/2013ના રોજ ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું હતું.

ઉત્તર પ્રદેશના મૈનપુરી જિલ્લાના કિશની તાલુકાના બલ્લમપુર ગામનો રહેવાસી અરવિંદકુમાર યાદવ લાંબા સમયથી નાસતો ફરતો હતો. તેને ઝડપી પાડવા ભરૂચ શહેર 'સી' ડિવિઝન પોલીસે અસંખ્ય ફોનકોલ રેકોર્ડ્સનો અભ્યાસ કરી ઝીણવટભર્યું ટેકનિકલ વિશ્લેષણ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન આરોપી નોએડામાં હોવાની આધારભૂત માહિતી મળતાં પોલીસની ટીમ તાત્કાલિક નોએડા રવાના કરવામાં આવી હતી. વ્યૂહાત્મક વોચ અને તપાસ બાદ આરોપી નોએડાના ફેઝ-2 વિસ્તારમાંથી મળી આવતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દેવગઢ બારીયાના અસાયડી ગામે મામલતદારની લાલઆંખ

સફેદ પથ્થરનું ગેરકાયદેસર ખનન ઝડપાતા ખનીજ માફિયાઓમાં મચી ગયો હાહાકાર!!!

દેવગઢ બારીયા, જાબીર શુક્લા

દહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાંથી ખનીજ ચોરી અને ભૂમાફિયાઓ સામે વહીવટી તંત્ર દ્વારા સૌથી મોટો સપાટો બોલાવવામાં આવ્યો છે. તાલુકાના અસાયડી ગામની સીમ વિસ્તારમાં લાંબા સમયથી બેખોફ બનીને ચાલી રહેલા સફેદ પથ્થરના ગેરકાયદેસર ખનન અને ચોરીના મોટા કૌભાંડનો થયો છે. સ્થાનિક મામલતદારને આ મામલે સચોટ બાતમી મળતાની સાથે જ તેમણે ફિલ્ડ પર ઉતરીને આક્રમક રેડ પાડી હતી, જેના કારણે ખનીજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, દેવગઢ બારીયા તાલુકાના અસાયડી ગામના સીમ વિસ્તારમાં રાત્રે કે દિનદહાડે ખનીજ માફિયાઓ દ્વારા બેફામ બનીને જમીનનું ઉત્ખનન કરવામાં આવી રહ્યું હતું. જેસીબી મશીનો મૂકીને કરોડો રૂપિયાની કિંમતના સફેદ પથ્થરોની ચોરી કરવામાં આવી રહી હોવાની બાતમી મળતા જ મામલતદાર સાહેબ પોતાની ટીમ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા.

મામલતદારની આ અચાનક અને સચોટ રેડથી ખનન કરતા તત્વોમાં નાસભાગ મચી ગઈ હતી. તપાસ દરમિયાન સ્થળ પરથી ગેરકાયદેસર ખનન માટે ઉપયોગમાં લેવાતું ૧ જેસીબી મશીન તેમજ સફેદ પથ્થરો ભરેલી કુલ ૩ ટ્રકો રંગેહાથ ઝડપાઈ આવી હતી. ઘટનાની ગંભીરતા જોતા તુરંત જ ખનીજ વિભાગને જાણ કરવામાં આવી હતી, જેના પગલે ખનીજ વિભાગની ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. મામલતદાર અને ખનીજ વિભાગની સંયુક્ત કાર્યવાહીમાં ઝડપાયેલું જેસીબી મશીન અને સફેદ પથ્થર ભરેલી ત્રણેય ટ્રકોને કબ્જે કરી લેવામાં આવ્યા છે. આ ગેરકાયદેસર ખનનનો તમામ મુદ્દામાલ હાલ પૂરતો પીપલોદ ખાતે આવેલા 'ઘનશ્યામ સ્ટોકર' ઉપર મૂકીને સત્તાવાર રીતે સીઝ કરી દેવામાં આવ્યો છે.

દેવગઢ બારીયા તાલુકામાં અસાયડી ગામે થયેલી આ કડક કાર્યવાહીથી સફેદ પથ્થર અને રેતી-માટીનું ગેરકાયદેસર ખનન કરતા અન્ય માફિયાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. પંથકમાં ચર્ચા થઈ રહી છે કે આ માત્ર નાના ડ્રાઈવરો કે વચેટિયાઓ પકડાયા છે, પરંતુ આ કાળા કારોબાર પાછળ કયા મોટા માથાઓનો હાથ છે, તેની પણ ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ.

વજન ઉતારવા અને સ્કિનની દવાના નામે કરોડોનું કૌભાંડ, મુખ્ય આરોપી સહિત 4 ઝડપાયા

સુરત

વજન ઉતારવાની અને સ્કિનની દવાના નામે ઓનલાઈન છેતરપિંડી આચરતી ગેંગનો સુરત સાયબર ક્રાઈમે પર્દાફાશ કર્યો છે. સોશિયલ મીડિયા પર ડૉક્ટરની ખોટી ઓળખ આપી 'Curest Science & Wellness' જેવી નકલી કંપનીઓ મારફતે લોકો પાસેથી મોટી રકમ પડાવવામાં આવતી હતી. પોલીસે ગેંગના મુખ્ય આરોપીઓ સહિત ચારની ધરપકડ કરી છે. હરિયાણાના ગુરુગ્રામ સ્થિત કોલ સેન્ટર પર દરોડા દરમિયાન આશરે 110 ટેલી કોલર્સ, એડવાઈઝર્સ અને કુરિયર બોય કામ કરતા હોવાનું સામે આવ્યું હતું. આરોપીઓએ માત્ર પાંચ મહિનામાં એક જ મહિલા પાસેથી રૂ.1,77,40,500 પડાવ્યા

હોવાનું બહાર આવ્યું છે.

આરોપીઓનાં બેંક ખાતાઓમાં કરોડો રૂપિયાનાં વ્યવહારો થયાનું પણ તપાસમાં સામે આવ્યું છે. કૌભાંડના મુખ્ય માસ્ટરમાઈન્ડ ગણાતા અમિત ગૌરવ અને પંકજ શર્મા સહિતના આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા છે.

સુરત સાયબર ક્રાઈમ પોલીસે આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય આરોપીઓ સામે પણ કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

વૃદ્ધોની સંભાળનો સંદેશ ફેલાવવા

3,000 કિમીની એકલ સાયકલયાત્રા પૂર્ણ કરનાર અભિનવસિંહનું સુરતમાં ભવ્ય સ્વાગત

કરંજ

અડાજણ સ્થિત આત્મન પાર્ક સોસાયટી ખાતે અદાણી હજીરા પોર્ટ લિમિટેડમાં સિક્યુરિટી ઓફિસર તરીકે ફરજ બજાવતા એકલ સાયકલયાત્રી અભિનવસિંહનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે અરુણાચલ પ્રદેશના ઈટાનગરથી ગુજરાતના સુરત સુધીની 3,000 કિલોમીટરની પડકારજનક સાયકલયાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. ડૉન ટુ ડસ્ક: પેડલિંગ ફોર અવર રૂટ્સ (Dawn to Dusk: Pedalling for Our Roots) એટલે કે સવારથી સાંજ સુધી: આપણાં મૂળ સાથે જોડાવા માટેની સાયકલયાત્રા વિષય હેઠળ યોજાયેલી આ દેશવ્યાપી યાત્રા અભિનવસિંહે પોતાના સ્વર્ગસ્થ દાદા-દાદીની સમર્પિત કરી હતી. બે વર્ષના સમયગાળામાં તેમણે પોતાના દાદા-દાદીને ગુમાવ્યા હતા. તેમની સ્મૃતિને હૃદયમાં રાખીને તેમણે આ યાત્રા દ્વારા વૃદ્ધોના સ્વાસ્થ્ય, સક્રિય વૃદ્ધાવસ્થા અને કુટુંબ આધારિત વૃદ્ધોની સંભાળ અંગે સમગ્ર દેશમાં જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત અનિલ મારડિયા તથા ફિટ ઈન્ડિયા ગુજરાત રાજ્યના નેતાએ અભિનવસિંહની અસાધારણ સહનશક્તિ અને સિદ્ધિની પ્રશંસા કરી હતી. તેમની સાથે અદાણી હજીરા પોર્ટ લિમિટેડના સિક્યુરિટી વિભાગના વડા સંદીપ જયસ્વાલે પણ સાયકલિંગને સામુદાયિક સ્વાસ્થ્ય અને તંદુરસ્તીને પ્રોત્સાહન આપવાનું સશક્ત માધ્યમ ગણાવ્યું

હતું. આ પ્રસંગે નિસર્ગોપચાર અને યોગ ચિકિત્સક ડૉ. દિવ્યા પંવારે સક્રિય વૃદ્ધાવસ્થા અંગે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વૃદ્ધાવસ્થામાં સ્વસ્થ જીવનશૈલી, શારીરિક સક્રિયતા અને યોગ્ય સંભાળના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આ સન્માન સમારોહનું સંયુક્ત આયોજન ડૉ. દિવ્યા પંવાર, આત્મન પાર્ક સોસાયટીના પ્રમુખ રાજેશ કંચનલાલ ટેલર, બદ્રેશ વલ્લભ પટેલ, ડૉ. જગદીશ જી. પટેલ, માલતીબેન પટેલ સહિત અન્ય આગેવાનોએ કર્યું હતું.

વલસાડમાં એક્ટીવા ચોરીના ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલાયો, બે આરોપી ઝડપાયા

વલસાડ

વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી થયેલી હોન્ડા એક્ટીવા મોપેડના ગુનાનો ભેદ વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં ઉકેલી બે આરોપીઓને ચોરીની મોપેડ સાથે ઝડપી પાડ્યા છે. ખાનગી બાતમીના આધારે પોલીસે વલસાડની ઉડીપી હોટલ પાસે રોડ પરથી જયેશ અશોકકુમાર તેનુંગુરીયા (ઉં.વ.૨૩) અને રાહુલ રામસ્વરૂપ નિર્મલ (ઉં.વ.૩૬) બંને રહે. મોગરાવાડી, વલસાડ અને મૂળ આગ્રા, ઉત્તરપ્રદેશને ઝડપી પાડ્યા હતા.

પોલીસે આરોપીઓ પાસેથી નંબર પ્લેટ વગરની ગ્રે કલરની હોન્ડા એક્ટીવા ૧૨૫, કિંમત રૂ. ૫૦,૦૦૦ અને બે મોબાઈલ ફોન, કિંમત રૂ. ૧૦,૦૦૦ મળી કુલ રૂ. ૬૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં બંને આરોપીઓ મીશો કંપનીનાં પાર્સલ ડિલિવર કરવાનું કામ કરતા હોવાનું સામે આવ્યું છે. આરોપીઓ પાર્સલ ડિલિવર કરવા હરિયા રામજી ફળિયામાં ફરિયાદીના ઘરે ગયા હતા. ત્યાં ઘરની બહાર ચાવી સાથે પાર્ક કરેલી એક્ટીવા જોઈ બંનેએ ચોરી કરવાનું નક્કી કર્યું હતું.

દેવગઢ બારિયા વિસ્તારના લોકોને અવરજવરમાં મળશે મોટી રાહત

દુધીયા-લવરીયા ગામને જોડતા ઉજ્જળ નદી પરના બ્રિજનું ખાતમુહૂર્ત

દેવગઢ બારીયા, જાબીર શુક્લા

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા વિસ્તારમાં દુધીયા અને લવરીયા ગામને જોડતા ઉજ્જળ નદી પર નવા બ્રિજના નિર્માણકાર્યને આખરે મંજૂરી મળતાં સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. લાંબા સમયથી જરૂરી ગણાતા આ બ્રિજનું ખાતમુહૂર્ત દેવગઢ બારિયાના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડના હસ્તે કરવામાં આવ્યું હતું. આશરે રૂ. 18 કરોડના ખર્ચે નિર્માણ પામનાર આ બ્રિજથી વિસ્તારના લોકોને અવરજવરમાં મોટી રાહત મળવાની આશા

દુધીયા અને લવરીયા ગામના લોકો માટે ઉજ્જળ નદી પર બ્રિજની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાતી હતી. હવે બ્રિજના નિર્માણકાર્યનો પ્રારંભ થતાં બંને ગામો વચ્ચેની કનેક્ટિવિટી વધુ સુગમ બનશે. ખાસ કરીને સ્થાનિક ગ્રામજનો, ખેડૂતો, વિદ્યાર્થીઓ, નોકરીયાતો તેમજ રોજિંદા કામકાજ માટે અવરજવર કરતા લોકોને આ બ્રિજનો લાભ મળશે.

આ ઉપરાંત, આ માર્ગ પરથી પસાર થતા પ્રવાસીઓ અને વાહનચાલકો માટે પણ બ્રિજ સુવિધાજનક સાબિત થવાની સંભાવના છે. આશરે રૂ. 18 કરોડના ખર્ચે બનનારા આ આધુનિક બ્રિજથી વિસ્તારમાં પરિવહન વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને સ્થાનિક વિકાસને વેગ મળશે. બ્રિજના ખાતમુહૂર્ત પ્રસંગે સ્થાનિક આગેવાનો, અધિકારીઓ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. લાંબા સમયથી પ્રતીક્ષિત આ વિકાસકાર્ય શરૂ થતાં દુધીયા અને લવરીયા સહિત આસપાસના વિસ્તારના લોકોમાં આનંદની લાગણી પ્રસરી.



પોતાના ફિલ્મી કરિયર અને પરિવારના પ્રભાવ અંગે ખુલીને વાત કરી

નેપોટિઝમ પર અભિનેત્રી સારા અલી ખાનનો મોટો ખુલાસો

મુંબઈ

બોલિવૂડમાં નેપોટિઝમ એટલે કે પરિવારવાદનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. અભિનેત્રી સારા અલી ખાને તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં પોતાના ફિલ્મી કરિયર અને પરિવારના પ્રભાવ અંગે ખુલીને વાત કરી છે. સારા અલી ખાન અભિનેતા સૈફ અલી ખાન અને અભિનેત્રી અમૃતા સિંહની પુત્રી છે. તેણે સ્વીકાર્યું કે ફિલ્મી પરિવારમાં જન્મ લેવાનો ફાયદો તેને મળ્યો છે, પરંતુ તેના મતે પિતા સૈફ અલી ખાને ફિલ્મોમાં કામ અપાવવા માટે નિર્માતાઓ કે દિગ્દર્શકોને કોઈ ભલામણ કરી નથી.

સારા અલી ખાને એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, ફિલ્મી પરિવારમાંથી આવવાને કારણે તેને ઓળખ અને તકો મેળવવામાં મદદ મળી હતી. જોકે, નેપોટિઝમની ચર્ચા દરમિયાન કલાકારની મહેનતને અવગણવામાં આવે તે તેને પસંદ નથી. સારાના મતે, કોઈ કલાકારનો જન્મ કયા પરિવારમાં થયો છે તે તેના હાથમાં નથી. તેણે જાહ્નવી કપૂર અને અનન્યા પાંડેનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તેઓ પણ પોતાના જન્મ માટે જવાબદાર નથી. ફિલ્મી પરિવારમાં જન્મ લેવો એક તક છે, પરંતુ તેના આધારે કલાકારની મહેનતને નકારી શકાય નહીં.

સારાએ પોતાના પિતાની ભૂમિકા અંગે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે, 'મારી પાસે એવા પિતા નથી, જે મારા માટે ફિલ્મોમાં કામ અપાવવા લોકોની ઓફિસોના ચક્કર લગાવે, નિર્માતાઓને વિનંતી કરે કે તેમની ફિલ્મમાં મને તક આપે.' તેણે વધુમાં જણાવ્યું કે, ફિલ્મી પરિવારમાંથી હોવાને કારણે તેને શરૂઆતમાં ઓળખ અને તકો મળી હતી, પરંતુ તેનો અર્થ એ નથી કે તેની કારકિર્દીની તમામ સફળતાનો શ્રેય માત્ર પરિવારને જ આપવો જોઈએ.

અભિનેત્રીએ પોતાની ફિલ્મ 'કેદારનાથ'ના સમયનો પણ ઉલ્લેખ કર્યો હતો. વર્ષ 2018માં સુશાંત સિંહ રાજપૂત સાથે આ ફિલ્મથી સારાએ બોલિવૂડમાં અભિનયની શરૂઆત કરી હતી. ફિલ્મ સાથે જોડાયેલી મુશ્કેલીઓનો સામનો કરતી વખતે તેણે પોતાની સમસ્યાઓ જાતે ઉકેલવી પડી હતી. સારાએ જણાવ્યું કે તે સમયે તેની સાથે કોઈ ગોડફાધર નહોતો, જે તેની મુશ્કેલીઓ દૂર કરી શકે. તેના મતે, ફિલ્મી પરિવારમાંથી આવવું એક તરફ ફાયદાકારક છે, પરંતુ બીજી તરફ તેના કારણે કલાકારે પોતાની પ્રતિભા વારંવાર સાબિત કરવી પડે છે.

'મારી પાસે એવા પિતા નથી, જે મારા માટે ફિલ્મોમાં કામ અપાવવા લોકોની ઓફિસોના ચક્કર લગાવે

પેદ્દી ફિલ્મ અંગે જાહ્નવી કપૂરે સ્વીકારી ભૂલ

ફિલ્મમાં અનેક લોકોએ ખૂબ મહેનત કરી હતી, તેથી શરૂઆતમાં તેને સમજાતું નહોતું કે આ સમગ્ર મામલે શું કહેવું જોઈએ. જોકે, હવે તેને લાગે છે કે આ મુદ્દે પોતાની જવાબદારી સ્વીકારવી જરૂરી છે

મુંબઈ

અભિનેત્રી જાહ્નવી કપૂરે પોતાની ફિલ્મ 'પેદ્દી'ને લઈને થયેલા વિવાદ પર આખરે મૌન તોડ્યું છે. ફિલ્મમાં પોતાના પાત્ર અચિયામ્માને જે રીતે રજૂ કરવામાં આવ્યું હતું, તેને લઈને જાહ્નવીએ સ્વીકાર્યું કે ફિલ્મમાં મહિલાઓનું અતિશય વસ્તુકરણ થયું હતું અને વાર્તા દ્વારા જાતીય સતામણીને પણ સામાન્ય બનાવવાનો સંદેશ જઈ શકતો હતો. અભિનેત્રીએ કહ્યું કે આ મામલે તે વધુ સતર્ક રહી શકી હોત અને ભવિષ્યમાં આવી ઘટના ફરી ન બને તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરશે. જાહ્નવી કપૂરે આ મુદ્દે કરણ જોહરના શો 'કોફી વિથ કરણ સીઝન 9'માં વાત કરી હતી. આ એપિસોડમાં તેની સાથે અભિનેતા વરુણ ધવન પણ હાજર હતો. કરણ જોહરે ફિલ્મમાં જાહ્નવીના પાત્રને લઈને થયેલી ટીકાઓ અને વિવાદ વિશે સવાલ કર્યો હતો. તેના જવાબમાં જાહ્નવીએ જણાવ્યું કે ફિલ્મમાં અનેક લોકોએ ખૂબ મહેનત કરી હતી, તેથી શરૂઆતમાં તેને સમજાતું નહોતું કે આ સમગ્ર મામલે શું કહેવું જોઈએ. જોકે, હવે તેને લાગે છે કે આ મુદ્દે પોતાની જવાબદારી સ્વીકારવી જરૂરી છે. જાહ્નવીએ સ્વીકાર્યું કે ફિલ્મની વાર્તાની સમાજ પર, ખાસ કરીને મહિલાઓને લઈને લોકોની વિચારસરણી પર, નકારાત્મક અસર થઈ શકે છે. તેણે કહ્યું કે આ બાબત તેના મન પર ભારે બોજ સમાન છે અને આ મામલે તેને હંમેશાં અફસોસ રહેશે. અભિનેત્રીએ એમ પણ કહ્યું કે તે વધુ સતર્ક રહી શકી હોત અને ફિલ્મમાં પોતાના પાત્રને જે રીતે રજૂ કરવામાં આવ્યું હતું તેના વિશે વધુ મજબૂતીથી વાંધો ઉઠાવી શકી હોત. તેના મતે, ફિલ્મમાં મહિલાઓનું અતિશય વસ્તુકરણ થયું હતું અને વાર્તા દ્વારા જાતીય સતામણીને પ્રોત્સાહન મળતું હોય તેવો સંદેશ પણ જઈ શકતો હતો.

બોડી શેમિંગ પર કૈફનો જવાબ, 'બધું જાણતા હોવા છતાં લોકો ટ્રોલ કરે છે

કટરીનાએ સ્પષ્ટ કર્યું કે તેઓ પોતાની ફિટનેસને લઈને જાગૃત છે અને જાણે છે કે તેમનું શરીર કયા સ્તરે સૌથી સારું અનુભવે છે.

મુંબઈ

એક્ટ્રેસ કેટરિના કૈફે માતા બન્યા બાદ તેમના શારીરિક ફેરફારો અને વજનને લઈને થઈ રહેલાં ટ્રોલ પર મૌન તોડ્યું છે. મેગેઝિન વોગ ઈન્ડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં કેટરિનાએ મહિલાઓ પર પ્રેગ્નન્સી બાદ તરત જ જૂના દેખાવમાં પાછા ફરવાના સામાજિક દબાણ પર સવાલો ઉઠાવ્યા છે.

કેટરિનાએ કહ્યું કે તે જીવનના આ સુંદર તબક્કાનો આનંદ માણી રહ્યાં છે અને પોતાની અનુકૂળતા મુજબ ફિટનેસ હાંસલ કરશે. કેટરિના પતિ વિક્કી કૌશલ સાથે અંબાણી પરિવારના ગણેશોત્સવમાં સામેલ થઈ હતી. વધેલા વજનને કારણે સોશિયલ મીડિયા પર તેમને ટ્રોલ કરવામાં આવ્યા હતા. તેમની તસવીરોની સરખામણી કરવામાં આવવા લાગી હતી. 'બાઉન્સ બેક' શબ્દ પર કેટરિનાએ ઉઠાવ્યા સવાલ કેટરિનાએ મહિલાઓ માટે ઉપયોગમાં લેવાતા શબ્દ બાઉન્સ બેક (જૂના આકારમાં પાછા ફરવું)ને નકારી કાઢ્યો. તેમણે કહ્યું, 'બાઉન્સ બેક શા માટે? મેં મારા જીવનમાં આગળ વધીને તે હાંસલ કર્યું છે, જેની મને લાંબા સમયથી ઈચ્છા હતી. "પછી હું પાછળ કેમ જવા માંગું?" કેટરિનાએ જણાવ્યું કે પુત્ર વિહાનના જન્મના શરૂઆતના દિવસોમાં તેને જોવું એક અલગ જ અહેસાસ હતો, જેણે તેમના અને વિક્કીના 4 વર્ષ લાંબી પ્રતીક્ષા અને સંઘર્ષને પૂર્ણ કરી દીધો. સોશિયલ મીડિયા પર થઈ રહેલી ટ્રોલિંગ વિશે વાત કરતાં કેટરિનાએ કહ્યું કે આજના સમાજમાં દરેક વ્યક્તિ જાણે છે કે બાળકને જન્મ આપ્યા પછી મહિલાના શરીરમાં કેવા ફેરફારો આવે છે. તેમ છતાં જો લોકો તે શરીરને ખરાબ નજરથી જોવાનું પસંદ કરે છે, તો તે તેમની વ્યક્તિગત પસંદગી છે. તેને જાણકારીનો અભાવ કહી શકાય નહીં, કારણ કે હવે ઈન્ટરનેટ પર તમામ માહિતી ઉપલબ્ધ છે.

કરવાચોથ પર પ્રિયંકાએ લગાવી પતિ નિકના નામની મહેંદી

અગાઉ પણ તેણે પોતાના પરિવાર સાથે તહેવારોની ઉજવણીની તસવીરો શેર કરી છે

મુંબઈ

ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપડા જોનસ વિદેશમાં રહેવા છતાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ સાથેનું પોતાનું જોડાણ જાળવી રાખે છે. કરવાચોથના અવસર પર પ્રિયંકાએ પોતાના હાથ પર પતિ નિક જોનસના નામને સમર્પિત મહેંદી લગાવીને તેની ઝલક સોશિયલ મીડિયા પર શેર કરી છે. આ વખતે તેની મહેંદીમાં પતિ નિકની સાથે દીકરી માલતી મેરી માટે પણ ખાસ લાગણી જોવા મળી છે. પ્રિયંકાની આ તસવીરો અને તેની દેશી અંદાજની વાતચીત ચાહકોનું ધ્યાન ખેંચી રહી છે. 'પિયા કે નામ કી' મહેંદીના ફોટોઝ શેર કર્યા પ્રિયંકાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર કરવાચોથની તૈયારીઓની તસવીરો શેર કરી હતી.

તેણે પોતાના હાથે જાતે મહેંદી લગાવી હતી અને તેની સાથે 'પિયા કે નામ કી' લખીને કરવાચોથ ઉજવનાર તમામ લોકોને શુભેચ્છા પાઠવી હતી. મહેંદીની ડિઝાઈનમાં પતિ નિક જોનસ અને દીકરી માલતી મેરી ચોપડા જોનસનાં નામનાં શરૂઆતનાં અક્ષરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ રીતે પ્રિયંકાએ પોતાના પરિવાર પ્રત્યેના પ્રેમને તહેવારની ઉજવણી સાથે જોડ્યો હતો. મહેંદીનો રંગ ઘાટો કરવા માટે ચાસણીનો દેશી નુસખો પ્રિયંકાએ મહેંદીની વધુ એક તસવીર શેર કરી હતી, જેમાં તે મહેંદીનો રંગ ઘાટો કરવા માટે ચાશનીનો ઉપયોગ કરતી જોવા મળી હતી. આ સાથે તેણે મજાકિયા અંદાજમાં સવાલ કર્યો હતો, મહેંદીનો રંગ ઘાટો કરવા માટે ચાસણી કામ કરશે કે નહીં? તેના આ સવાલે ચાહકોનું ધ્યાન ખેંચ્યું હતું. ભારતીય પરિવારોમાં મહેંદીનો રંગ ઘાટો કરવા માટે સૂકાઈ ગયેલી મહેંદી પર લીંબુ-ખાંડનું મિશ્રણ લગાવવાની પરંપરા છે. માન્યતા પ્રમાણે, આ મિશ્રણ મહેંદીની પેસ્ટને ત્વચા પર વધુ સમય સુધી જાળવી રાખવામાં મદદ કરે છે, જેથી રંગ વધુ ઘાટો થઈ શકે છે. પ્રિયંકા ચોપડા લગ્ન બાદ અમેરિકામાં રહે છે, પરંતુ ભારતીય તહેવારો અને ધાર્મિક પરંપરાઓને હંમેશાં મહત્વ આપે છે.

સાઈ પલ્લવીના નિવેદનથી વિવાદ; 'રામાયણ'ની સીતાને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરાઈ

મુંબઈ

રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રામાયણ'ની રિલીઝ પહેલાં જ એક નિવેદનને કારણે વિવાદ ઊભો થયો છે. ફિલ્મમાં માતા સીતાની ભૂમિકા ભજવી રહેલી અભિનેત્રી સાઈ પલ્લવીએ રાવણના પાત્ર અંગે કહ્યું કે રાવણ સંપૂર્ણપણે ખરાબ નહોતો. તેના આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં કેટલાક લોકોએ તેમની ટીકા શરૂ કરી છે, જ્યારે અન્ય લોકોએ અભિનેત્રીની વાતનો બચાવ કર્યો છે. સાઈ પલ્લવીએ આ નિવેદન અમેરિકાના લોસ એન્જલસમાં યોજાયેલા 'રામાયણ'ના પ્રીમિયર દરમિયાન આપ્યું હતું. રેડ કાર્પેટ પર આંતરરાષ્ટ્રીય મીડિયાની સાથે વાતચીત કરતાં તેણે ભારતીય સંસ્કૃતિ અને મહાકાવ્યોને વૈશ્વિક દર્શકો સુધી પહોંચાડવાની ફિલ્મની સંભાવના અંગે વાત કરી હતી. જોકે, રાવણ વિશેની તેની ટિપ્પણી ચર્ચાનો મુખ્ય વિષય બની ગઈ છે. અભિનેત્રીએ કહ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ અને મહાકાવ્યો વિશે જાણવા ઈચ્છતા લોકો માટે આ ફિલ્મ 'રામાયણ'ને સમજવાની એક સારી શરૂઆત બની શકે છે. સાઈના જણાવ્યા અનુસાર, આ ફિલ્મ દર્શકોને ભારતીય મહાકાવ્યનું ભવ્ય અને પ્રભાવશાળી સ્વરૂપ જોવા માટેનો અવસર આપી શકે છે. રાવણ વિશે પોતાની વાત સમજાવતાં સાઈ પલ્લવીએ કહ્યું હતું કે જો કોઈ વ્યક્તિ આ મહાકાવ્યને ધર્મગ્રંથ તરીકે માને છે, તો તેણે પોતાના અંતરમાં રહેલા સારા અને ખરાબ ગુણોનું આત્મમંથન કરવું જોઈએ. તેણે કહ્યું કે રાવણ સંપૂર્ણપણે ખરાબ નહોતો અને દરેક વ્યક્તિએ પોતાની અંદર રહેલા 'રાવણ'ને ઓળખીને સમયની સાથે પોતાની ખામીઓ સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ. તેમના નિવેદનનો મુખ્ય સંદેશ પોતાના અવગુણોને ઓળખીને તેમાં સુધારો કરવાનો હતો.

માર્કો યાનસેન 451 રેટિંગ સાથે નવા નંબર-1 ટેસ્ટ ઓલરાઉન્ડર બન્યા

જાડેજાને 1683 દિવસ બાદ ICC નો ઝટકો, નંબર-1 ઓલરાઉન્ડરનું તાજ છીનવાયું

દુબઈ

ICC રેન્કિંગમાં રવિન્દ્ર જાડેજા 1683 દિવસ પછી ટેસ્ટ ઓલરાઉન્ડરનો નંબર-1 તાજ ગુમાવ્યો છે. સાઉથ આફ્રિકાના માર્કો જેન્સેન ગકરબેહામાં ઓસ્ટ્રેલિયા સામેના શાનદાર પ્રદર્શન બાદ જાડેજાને પાછળ છોડી ટોચ પર પહોંચ્યા છે. જેન્સેને 85 રન અને 5 વિકેટ ઝડપી હતી. જાડેજા હવે 422 પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. આ ઉપરાંત, અભિષેક શર્મા T20I બેટ્સમેન રેન્કિંગમાં નંબર-1 બન્યો છે. ICC (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ)ની જારી તાજેતરની રેન્કિંગમાં એક બાબત સામે આવી, જેના પર કોઈનું ધ્યાન ન ગયું, પરંતુ આનાથી

રવીન્દ્ર જાડેજાને મોટો ઝાટકો મળ્યો છે. વાસ્તવમાં ભારતીય ઓલરાઉન્ડર 1683 દિવસો સુધી ટેસ્ટ ક્રિકેટનો નંબર-1 ઓલરાઉન્ડર બની રહ્યો, પરંતુ હવે આ તાજ તેના શિરેથી છીનવાઈ ગયુ છે. સાઉથ આફ્રિકાના માર્કો જેન્સેન એ લેટેસ્ટ રેન્કિંગમાં જાડેજાને પાછળ છોડીને ટેસ્ટ ઓલરાઉન્ડરના તાજ પર કબજો કરી લીધો છે. જેન્સેનની રેન્કિંગમાં આ ઉછાળો ઓસ્ટ્રેલિયા સામેની બીજી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ મેચમાં આવ્યો. ગકરબેહા (Gqeberha)માં તેણે 85 રન બનાવ્યા હતા અને પહેલી ઈનિંગમાં 5 વિકેટ ઝડપી હતી. આ દમદાર પ્રદર્શન પછી 26 વર્ષીય જેન્સેન ટેસ્ટ બેટિંગમાં 13 સ્થાન ઉપર ચઢીને 56મા નંબરે પહોંચ્યો છે, બોલિંગમાં 5 સ્થાન ઉપર આવીને મિચેલ સ્ટાર્કને પાછળ છોડીને નંબર-1 બોલર બની ગયો અને ઓલરાઉન્ડર રેન્કિંગમાં એક નંબર ઉપર ચઢીને જાડેજાનું રાજ ખતમ કરી દીધું. જાડેજા હવે 422 રેટિંગ પોઈન્ટ્સ સાથે બીજા નંબર પર છે. જાડેજાનું આ રાજ 20 માર્ચ 2022ના રોજ શરૂ થયું હતું, જ્યારે તેણે જેસન હોલ્ડર પાસેથી ટોપ સ્પોર્ટ છીનવ્યું હતું. ચાર વર્ષથી વધુ સમય સુધી તે આ ગાદી પર કાબીજ રહ્યો.

સ્ટીવ સ્મિથ ત્રીજી ટેસ્ટમાંથી બહાર

સિડની

ઓસ્ટ્રેલિયાના અનુભવી બેટર સ્ટીવ સ્મિથ ગળામાં થયેલી ઈજાને કારણે સાઉથ આફ્રિકા સામેની ત્રીજી અને નિર્ણાયક ટેસ્ટ નહીં રમે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અનુસાર, MRI સ્કેનમાં તેના ગળાના સાંધામાં ઈજાની પુષ્ટિ થઈ છે. ગળાની હિલચાલ મર્યાદિત હોવાને કારણે તે કેપટાઉન ટેસ્ટ માટે ફિટ નહોતો. હવે ડિસેમ્બરમાં ન્યૂઝીલેન્ડ સામેની હોમ ટેસ્ટ સિરીઝથી તેના કમબેકની આશા છે. સ્મિથની જગ્યાએ ટીમમાં સામેલ કરવામાં આવેલા જોશ ઈંગ્લિસે ત્રીજી ટેસ્ટમાં અણનમ 85 રન બનાવ્યા. બીજા દિવસની રમત પૂરી થઈ ત્યાં સુધી ઓસ્ટ્રેલિયાએ પહેલી ઈનિંગમાં 4 વિકેટે 330 રન બનાવી લીધા હતા. ટીમને સાઉથ આફ્રિકાના 329 રનના સ્કોર પર 1 રનની લીડ મળી હતી. બીજી ટેસ્ટના ચોથા દિવસે ગળામાં દુખાવો થયો. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ જણાવ્યું કે સ્મિથને સાઉથ આફ્રિકા સામે ગકેબરહામાં રમાયેલી બીજી ટેસ્ટના ચોથા દિવસે ગળામાં દુખાવો થયો હતો. ત્યારબાદ તેનું MRI સ્કેન કરાવવામાં આવ્યું, જેમાં ગળાના સાંધામાં ઈજા હોવાનું જાણવા મળ્યું. બોર્ડના જણાવ્યા અનુસાર, સ્મિથની સારવાર અને રિહેબિલિટેશન ચાલુ રહેશે. તેને ડિસેમ્બરમાં ન્યૂઝીલેન્ડ સામેની ઘરઆંગણે રમાનારી ટેસ્ટ સિરીઝ સુધી ફિટ થવાની આશા છે. સ્મિથના બહાર થયા બાદ ટીમમાં સામેલ કરવામાં આવેલા જોશ ઈંગ્લિસે 111 બોલમાં અણનમ 85 રનની ઈનિંગ્સ રમી. ગયા વર્ષે એશિઝ સિરીઝની એડિલેડ ટેસ્ટ બાદ આ તેની પ્રથમ ટેસ્ટ મેચ છે.

યલો કાર્ડને કારણે એક મેચનો પ્રતિબંધ હતો

નેમાર સામે મોટી કાર્યવાહી, મોઢું સંતાડી ઝઘડ્યો હતો, હવે 3 મેચનો બૅન મૂકાયો

ચેન્નઈ

બ્રાઝિલના દિગ્ગજ ફૂટબોલર નેમાર જુનિયરને મેદાન પર પ્રતિસ્પર્ધી ખેલાડી સાથે ઝઘડો કરવા દરમિયાન મોઢું ઢાંકવું ભારે પડ્યું છે. બ્રાઝિલની સ્પોર્ટ્સ ટ્રિબ્યુનલે આ મામલે તેના પર બે મેચનો વધારાનો પ્રતિબંધ લગાવી દીધો છે. યલો કાર્ડ જમા હોવાને કારણે પહેલેથી જ એક મેચનો પ્રતિબંધનો સામનો કરી રહેલા નેમાર હવે કુલ ત્રણ મેચમાંથી બહાર રહેશે. આ વિવાદ 25 ઓક્ટોબરે બહિયા અને સેન્ટોસ વચ્ચે યોજાયેલી મેચ દરમિયાન થયો હતો. આ મામલે કાર્યવાહીનું કારણ એક ખાસ પ્રોટોકોલ છે, જે રિયલ મેડ્રિડના સ્ટાર વિનીસિયસ જુનિયર સાથે જોડાયેલા વિવાદ બાદ બનાવવામાં આવ્યો હતો. ટ્રિબ્યુનલ મુજબ નેમાર



જુનિયરનું મોઢું ઢાંકીને પ્રતિસ્પર્ધી સાથે ઝઘડો કરવો એ આ પ્રોટોકોલનું ઉલ્લંઘન હતું. વાસ્તવમાં આ વર્ષની શરૂઆતમાં વિનીસિયસ જુનિયરે ચેમ્પિયન્સ લીગની એક મેચ દરમિયાન આરોપ લગાવ્યો હતો કે, એક પ્રતિસ્પર્ધી ખેલાડીએ જર્સીથી મોઢું ઢાંકીને તેમની વિરુદ્ધ જાતિવાદી ટીપ્પણી કરી હતી. આ ઘટના બાદ આવી પરિસ્થિતિઓમાં ખેલાડીઓ દ્વારા મોઢું ઢાંકવા સાથે જોડાયેલા વ્યવહાર પર રોક લગાવવા માટે પ્રોટોકોલ તૈયાર કરવામાં આવ્યો. નવેમ્બરના અંતમાં થશે વાપસી. યલો કાર્ડને કારણે લાગેલા પ્રતિબંધ અંતર્ગત નેમાર જુનિયર બુધવારે (28 ઓક્ટોબર) પાલ્મેરાસ વિરુદ્ધ બ્રાઝિલિયન લીગનો મુકાબલો રમ્યો નહોતો. ત્યારબાદ મોઢું ઢાંકવાના મામલામાં લગાવવામાં આવેલા બે મેચના પ્રતિબંધને કારણે પણ તેને બહાર રહેવું પડશે. જેના કારણે તેની વાપસી નવેમ્બરના અંત સુધી ટળી શકે છે.

ભારતીય મહિલા ટીમે ઝિમ્બાબ્વેને 8 વિકેટે હરાવ્યું

ત્રીજી વન-ડેમાં સ્પિનર વૈષ્ણવી શર્માએ 5 વિકેટ લીધી, ઈન્ડિયાએ સિરીઝ 3-0થી જીતી

મુંબઈ

ભારતે ઝિમ્બાબ્વેને ત્રીજી વન-ડેમાં 8 વિકેટે હરાવી દીધું. આ સાથે જ ટીમે 3 મેચની સિરીઝ 3-0થી જીતી લીધી. બુધવારે વડોદરામાં વૈષ્ણવી શર્માએ પહેલીવાર વન-ડેમાં 5 વિકેટ ઝડપી. ટૉસ જીતીને પહેલાં બેટિંગ કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમ 39.5 ઓવરમાં 131 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. જવાબમાં ભારતે 17 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. પ્રતિકાએ અણનમ 59 રન અને શેફાલીએ અણનમ 51 રન બનાવ્યા. ભારતીય ટીમે આ પ્રવાસમાં T20 સિરીઝ પણ 3-0થી જીતી હતી. ઝિમ્બાબ્વેની શરૂઆત ખરાબ રહી. ભારતીય બોલર સયાલી સતઘરેએ લૉરીન ફિરીને ખાતું ખોલ્યા વિના પેવેલિયન મોકલી. ક્રાંતિ ગૌડે ચિપો મુગેરી-તિરિપાનોની વિકેટ લીધી. ત્રીજી ઓવર સુધી ઝિમ્બાબ્વેનો સ્કોર 12 રન પર 2 વિકેટ હતો. વૈષ્ણવી શર્માએ 10મી ઓવરમાં બોલિંગ શરૂ કરી. તેણે બેલવ્ડ બિજાને 1 રન પર આઉટ કર્યો. ત્યારબાદ મોડેસ્ટર મુપાચિકવાને 37 રન પર સ્ટમ્પ કરાવી. મુપાચિકવાએ 48 બોલમાં 7 ચોગ્ગા ફટકાર્યા. જોઝેફિન નકોમો અને ચિએદૂઝા ધુરુરુએ પાંચમી વિકેટ માટે 43 રન જોડીને ઈનિંગ્સ સંભાળવાનો પ્રયાસ કર્યો. જોકે વૈષ્ણવીએ ધુરુરુને આઉટ કરીને આ ભાગીદારી તોડી નાખી. આ પછી વૈષ્ણવીએ મિશેલ માવુંગા અને ન્યાશા ગ્વાન્ઝુરાને પણ પેવેલિયન

મોકલી દીધા. તેના સિવાય સટઘરે અને ગૌડે પણ 2-2 વિકેટ લીધી. ભારતની શરૂઆત સારી રહી નહોતી. 2 વર્ષ બાદ ભારતીય વન-ડે ટીમમાં કમબેક કરી રહેલી યાસ્તિકા ભાટિયા પહેલા જ બોલે આઉટ થઈ ગઈ. ત્યારબાદ પ્રતિકા રાવલ અને હરલીન દેઓલે ઈનિંગ્સ સંભાળી. હરલીન 19 બોલમાં 19 રન બનાવીને આઉટ થઈ. ભારતે નવમી ઓવરમાં 59 રને બીજી વિકેટ ગુમાવી. ત્યારબાદ શેફાલી વર્માએ પ્રતિકાનો સાથ આપ્યો. બંનેએ ઝડપી રન બનાવીને ભારતને જીત અપાવી.

શેફાલીએ 26 બોલમાં અણનમ 51 રન બનાવ્યા, જેમાં 6 ચોગ્ગા અને 3 છગ્ગાનો સમાવેશ થાય છે. તેણે 24 બોલમાં ફિફ્ટી પૂરી કરી. મહિલા વન-ડેમાં કોઈ ભારતીય બેટરની આ બીજી સૌથી ઝડપી ફિફ્ટી છે.

પ્રતિકાએ 56 બોલમાં અણનમ 59 રન બનાવ્યા. બંનેએ ત્રીજી વિકેટ માટે 50 બોલમાં 74 રનની અતૂટ ભાગીદારી કરી. ભારતે 17 ઓવરમાં 2 વિકેટે 133 રન બનાવીને મેચ જીતી લીધી.

શું દિવાળી ટાણે એપલને તેની પ્રીમિયમ પ્રાઈઝિંગ પોલિસી ભારે પડી?

IPHONEના વેચાણમાં 30%નો કડાકો

મુંબઈ

દશેરા અને તહેવારોની મોસમ વચ્ચે ભારતમાં Appleના iPhoneના વેચાણમાં 30% સુધીનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ઊંચી કિંમતો, તહેવારોમાં મર્યાદિત ડિસ્કાઉન્ટ ઓફર્સ અને ગ્રાહકો દ્વારા ફોન બદલવાના લાંબા સમયગાળાને કારણે માંગ પર ગંભીર અસર પડી છે. ભારતમાં iPhone 18 Pro સીરિઝ અને નવા iPhone Duo લોન્ચ થયા છતાં, વિશ્વના બીજા સૌથી મોટા સ્માર્ટફોન માર્કેટમાં કંપનીના ગ્રોથ મોમેન્ટમ સામે મોટા સવાલો ઊભા થયા છે. રિટેલર્સ અને માર્કેટ એનાલિસ્ટ્સના જણાવ્યા

અનુસાર, વર્ષ 2025માં નોંધાયેલા રેકોર્ડ 14.3 મિલિયન યુનિટ્સના શિપમેન્ટની સરખામણીએ આ વર્ષે ભારતમાં શિપમેન્ટ ડબલ ડિજિટમાં ઘટવાની ધારણા છે, જેમાં વર્ષના બીજા ક્વાર્ટરમાં સૌથી મોટો ઘટાડો જોવા મળી શકે છે. આ મામલે ઈન્ટરનેશનલ ડેટા કોર્પોરેશનના એનાલિસ્ટ ઉપાસના જોશીએ જણાવ્યું હતું કે, 'રિટેલર્સ તરફથી મળેલા ફીડબેક અનુસાર સેલ-થ્રુ ધીમું રહ્યું છે, જે વધેલી કિંમતો અને ફેસ્ટિવ ઓફર્સના અભાવ સાથે સુસંગત છે.

અમે આ વર્ષે સમગ્ર માર્કેટમાં તહેવારોની માંગ નરમ રહેવાની અપેક્ષા રાખીએ છીએ.' વધતી કિંમતો અને ઑફર્સના અભાવે માંગ પર બ્રેક લગાવી ઓમડિયાના એનાલિસ્ટ સંયમ ચૌરસિયાના મતે, જૂના મોડેલ્સ અને નવી iPhone 18 Pro સીરિઝમાં કરાયેલા ભાવવધારાને પગલે ગ્રાહકો ખરીદી કરતી વખતે વધુ સાવચેત બન્યા છે. જૂના આઈફોન લાંબો સમય સુધી ઉત્તમ પ્રદર્શન આપતા હોવાથી લોકો નવો ફોન ખરીદવાનું મોકૂફ રાખી રહ્યા છે. આ ઉપરાંત, સપ્ટેમ્બર મહિનામાં બેઝ iPhone 18 મોડેલ લોન્ચ ન થવાને કારણે પણ તહેવારોનો ઉત્સાહ ઓસરી ગયો છે. સંયમ ચૌરસિયાએ આ અંગે સ્પષ્ટતા કરી હતી કે, 'બેઝ iPhone 18 મોડેલ વર્ષ 2027ની શરૂઆતમાં આવવાની ધારણા હોવાથી, ચોથા ક્વાર્ટરની કેટલીક માંગ પહેલા ક્વાર્ટર તરફ શિફ્ટ થઈ શકે છે.' કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના એનાલિસ્ટ શુભમ નિમકરે ઉમેર્યું હતું કે ઊંચા ભાવોએ એપલના સંભવિત ગ્રાહકોનો વ્યાપ ઘટાડી દીધો છે, જેના કારણે ગ્રાહકો ખરીદી માટે રાહ જોઈ રહ્યા છે.

28 ઓક્ટોબરની સવારે ઈમેલ અને ટેક્સ્ટ મેસેજ દ્વારા જાણ કરી

એમેઝોને 250 કર્મચારીઓને નોકરીમાંથી કાઢ્યા, જાન્યુઆરીમાં 16 હજાર લોકોને હટાવ્યા હતા

એન્જિનિયરો માટે સંદેશ- AI અપનાવો, નહીં તો પાછળ રહી જશો

મુંબઈ

ટેક અને ઈ-કોમર્સ કંપની એમેઝોને પોતાની ડિવાઈસિસ અને સર્વિસિસ યુનિટમાંથી આશરે 250 કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. રોયટર્સના અહેવાલ અનુસાર, કંપનીએ આ છટણીની પુષ્ટિ કરી છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે કંપનીએ હાલમાં નવા કિન્ડલ ઈ-રીડર્સ, ટેબ્લેટ્સ અને એલેક્સા દ્વારા સંચાલિત 5 નવા સ્માર્ટ ડિવાઈસિસ લોન્ચ કર્યા છે. કાઢી મૂકવામાં આવેલા કર્મચારીઓમાં સૌથી વધુ અસર સોફ્ટવેર ડેવલપમેન્ટ ટીમના લોકોને થઈ છે. અહેવાલો મુજબ, કર્મચારીઓને 28 ઑક્ટોબરની સવારે ઈમેલ અને ટેક્સ્ટ મેસેજ દ્વારા છટણીની જાણ કરવામાં આવી હતી. આ ઈમેલ ડિવાઈસિસ અને સર્વિસિસ યુનિટનાં HR વાઈસ પ્રેસિડેન્ટ ચેરી રોબિન્સને મોકલ્યો હતો. ઈમેલમાં લખવામાં

આવ્યું કે કંપનીએ પોતાના સ્ટ્રક્ચરની સમીક્ષા કરી છે, જેના બાદ હોદ્દાઓ સમાપ્ત કરવાનો આ નિર્ણય લેવો પડ્યો. કંપનીના પ્રવક્તાએ નિવેદન જાહેર કરીને કહ્યું કે અમે કેટલાક હોદ્દાઓ સમાપ્ત કરવાનો મુશ્કેલ નિર્ણય લીધો છે. આ પગલું કંપનીના કામને વધુ કાર્યક્ષમ બનાવવા અને પ્રોડક્ટ રોડમૅપ સાથે સુસંગતતા જાળવવા માટે લેવામાં આવ્યું છે. એમેઝોનમાં છેલ્લા એક વર્ષ દરમિયાન મોટા પાયે છટણી જોવા મળી છે. આ પહેલાં આ વર્ષે જાન્યુઆરીમાં કંપનીએ 16,000 કર્મચારીઓને નોકરીમાંથી કાઢ્યા હતા, જ્યારે ગયા વર્ષે ઑક્ટોબરમાં પણ 14,000 લોકોને નોકરીમાંથી કાઢવામાં આવ્યા હતા. ખાસ વાત એ છે કે ડિવાઈસ ડિવિઝનમાં છટણીનો આ નિર્ણય એ જ દિવસે આવ્યો, જે દિવસે એમેઝોને પોતાના 5 નવા એલેક્સા-સંચાલિત સ્માર્ટ ડિવાઈસ બજારમાં ઉતાર્યા. કંપની એપલ અને ઓપન-AI જેવા સ્પર્ધકો તરફથી મળી રહેલા કડક પડકાર વચ્ચે પોતાના વૉઈસ અસિસ્ટન્ટને નવા અવતારમાં રજૂ કરી રહી છે. છટણીના સમાચારથી બરાબર એક દિવસ પહેલાં એમેઝોને પોતાના સોફ્ટવેર ઈજનેરો માટે એક ઈન્ટરનલ મેસેજ મોકલ્યો હતો. 'AIના યુગમાં ડેવલપરની ભૂમિકા' શીર્ષક ધરાવતા આ મેસેજમાં કંપનીના ઈજનેરી નેતાઓએ સ્પષ્ટ કર્યું કે હવે તમે કયું ટૂલ વાપરો છો તે મહત્ત્વનું નથી, પરંતુ પરિણામ સૌથી વધુ મહત્ત્વનું છે. મેસેજમાં લખ્યું હતું, 'આપણે સૌએ આ પરિવર્તનને સ્વીકારવું પડશે અને શીખવા માટે સમય ફાળવવો પડશે, નહીં તો આપણે પાછળ રહી જવાનું જોખમ રહેશે. સોફ્ટવેર ઈજનેરી પર AIની અસરની તો હજી શરૂઆત જ થઈ છે. આગળ જતાં શ્રેષ્ઠ પદ્ધતિઓ ગમે તે હોય, એક વાત નિશ્ચિત છે કે AI સોફ્ટવેર ઈજનેરીના કેન્દ્રમાં રહેશે.

દિવાળી પહેલાં સોનું-ચાંદી સસ્તા થયા

સોનું ₹563 ઘટીને ₹1.42 લાખ થયું, ચાંદી પણ ₹2,945 સસ્તી થઈ

મુંબઈ

દિવાળી પહેલાં સોના-ચાંદીના ભાવમાં ઘટાડો ચાલુ છે. આજે એટલે કે 29 ઑક્ટોબરે પણ તેમના ભાવમાં ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 563 રૂપિયા ઘટીને 1.42 લાખ રૂપિયા થઈ ગયું છે. એક કિલો ચાંદીની કિંમત 2,945 રૂપિયા ઘટીને 1.90 લાખ રૂપિયા થઈ ગઈ છે. ઑક્ટોબરમાં અત્યાર સુધીમાં સોનું આશરે 6 હજાર રૂપિયા અને ચાંદી 30 હજાર રૂપિયા સસ્તી થઈ ચૂકી છે. આ પહેલાં ગયા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં સોનું 8 હજાર રૂપિયા અને ચાંદી 15 હજાર રૂપિયા સસ્તી થઈ હતી. 31 ઑગસ્ટે સોનું 10 ગ્રામ દીઠ

1.56 લાખ રૂપિયા હતું, જે 30 સપ્ટેમ્બરે ઘટીને 1.48 લાખ રૂપિયા થઈ ગયું. એ જ રીતે, એક કિલો ચાંદીની કિંમત 2.37 લાખ રૂપિયાથી ઘટીને 2.22 લાખ રૂપિયા થઈ ગઈ. અમેરિકાની કેન્દ્રીય બેંક 'ફેડરલ રિઝર્વ'એ 3 વર્ષમાં પહેલી વાર વ્યાજ દરોમાં વધારો કર્યો છે. તેના કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. જોકે અમેરિકા-ઈરાન યુદ્ધ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાને સપોર્ટ મળી શકે છે.

રોકાણકારો ફરીથી સોનાને સુરક્ષિત રોકાણ તરીકે પસંદ કરી શકે છે. રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ, કારણ કે બજારમાં હજુ પણ નબળાઈના સંકેતો જોવા મળી રહ્યા છે. કોઈપણ મોટા ઘટાડા સમયે ખરીદીની તક પણ બની શકે છે. કોમોડિટી નિષ્ણાત અજય કેડિયા માને છે કે સોનું-ચાંદી હપ્તામાં ખરીદવું જોઈએ. થોડું અત્યારે ખરીદી લો અને બાકીનું 15-20 દિવસના અંતરે થોડું-થોડું કરીને ખરીદો.

સેન્સેક્સમાં 905 પોઈન્ટ વધીને 74,151 પર બંધ

- નિફ્ટીમાં પણ 238 પોઈન્ટનો ઉછાળો; રિયલ એસ્ટેટ, FMCG અને બેન્કિંગ શેરોમાં વધુ ખરીદી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 29 ઓક્ટોબરે તેજી રહી. સેન્સેક્સ 905 પોઈન્ટ અથવા 1.24%ના વધારા સાથે 74,151 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 238 પોઈન્ટનો વધારો રહ્યો. તે 22,937 પર પહોંચ્યો. રિયલ એસ્ટેટ, FMCG અને બેન્કિંગ શેરોમાં આજે વધુ ખરીદી રહી.

1. અમેરિકામાં વ્યાજદરોમાં વધારો થયો નથી: અમેરિકાની કેન્દ્રીય બેન્કે આ વખતે વ્યાજદરો 3.75-4% પર જ યથાવત રાખ્યા, એટલે કે દરોમાં કોઈ વધારો કર્યો નથી. આ નિર્ણયથી બજારને રાહત મળી અને ગ્લોબલ માર્કેટની સાથે ભારત જેવા ઊભરતા બજારોમાં પણ રોકાણકારોનો વિશ્વાસ વધ્યો. 2. વિદેશી અને સ્થાનિક રોકાણકારોની ખરીદી: લાંબા સમયથી વેચવાલી કરી રહેલા વિદેશી રોકાણકારો (FIIs)એ બુધવારે 871.83 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs)એ પણ 643.35 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું. આ ખરીદીથી બજારને મજબૂત ટેકો મળ્યો. 3. દિગ્ગજ કંપનીઓના શાનદાર પરિણામો: સપ્ટેમ્બર ત્રિમાસિકના મજબૂત પરિણામોએ રોકાણકારોને આકર્ષ્યા. અદાણી પોર્ટ્સનો નફો 18% વધીને 3,682.44 કરોડ રૂપિયા રહ્યો, જેના કારણે તેનો શેર 5%થી વધુ ઉછળ્યો.

સોલા STP પ્લાન્ટ મોતકાંડ

બે નિર્દોષ શ્રમિકોના ભોગ લેવાયા છતાં ભ્રષ્ટ અધિકારીઓ પર AMC મહેરબાન!!

■ "અમારી પાસે કોઈ SOP જ નથી!": એન્જિનિયર વિજય પટેલનો શરમજનક સ્વીકાર, માત્ર દંડ અને વળતરની જાહેરાતથી અધિકારીઓ પોતાની ચામડી બચાવવાનો ખેલ ખેલી રહ્યા છે?

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચારને કારણે વધુ બે નિર્દોષ નાગરિકોએ પોતાના પ્રાણ ગુમાવવાનો વારો આવ્યો છે. અમદાવાદના સોલા એસટીપી (STP) પ્લાન્ટમાં બનેલી ગોઝારી દુર્ઘટનાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે શહેરીજનોની સુખાકારી માટે કામ કરતા તંત્રના અધિકારીઓ માટે ગરીબ શ્રમિકોના જીવનની કોઈ કિંમત જ નથી. આ ભયાનક દુર્ઘટનામાં બે નિર્દોષ શ્રમિકોના મોત થયા બાદ હવે ખાખી અને ખાટલાની જેમ એએમસી તંત્ર પણ પોતાની જવાબદારીમાંથી ભાગવા માટે સફાઈઓ આપી રહ્યું છે.

ઘટના બાદ એએમસી તંત્ર દ્વારા માત્ર દેખાડા પૂરતી કાર્યવાહી કરવામાં આવી છે. કોન્ટ્રાક્ટરને દંડ ફટકારી દેવાયો અને મૃતકોના પરિવારજનોને આર્થિક વળતરની જાહેરાત કરીને તંત્રએ એવી વાહવાહી મેળવવાનો પ્રયાસ કર્યો જાણે બધું જ સમી ગયું હોય!

પરંતુ સવાલ એ ઊભો થાય છે કે શું માત્ર દંડ અને વળતરની રકમ ચૂકવી દેવાથી એએમસીના જવાબદાર અધિકારીઓની ફોજદારી જવાબદારી ધોવાઈ જાય છે? જે પ્લાન્ટમાં સુરક્ષાના સાધનો વિના કામ કરાવવામાં આવતું હતું, તે પ્લાન્ટના સુપરવિઝન માટે બેઠેલા અધિકારીઓ પર ગાજ કેમ નથી પડતી?

આ સમગ્ર મામલે જ્યારે એએમસીના એન્જિનિયર વિજય પટેલ સમક્ષ જવાબ માંગવામાં આવ્યો, ત્યારે તેમણે જે ખુલાસો કર્યો તેણે સૌકોઈને હચમચાવી દીધા. એન્જિનિયરે ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે હાલ આ મામલે કોઈ એસઓપી (Standard Operating Procedure - SOP) જ અમલમાં નથી! વિચાર કરો કે કરોડો રૂપિયાના ખર્ચે ચાલતા આ એસટીપી પ્લાન્ટ્સમાં જો કામ કરવાની કોઈ પ્રમાણિત પદ્ધતિ કે સુરક્ષાની નિયમાવલિ જ ન હોય, તો આ પ્લાન્ટ્સ લોકોને બચાવવા માટે છે કે પછી ગરીબોની કબર ખોદવા માટે? સુરક્ષા વ્યવસ્થાના સંપૂર્ણ અભાવ વચ્ચે જવાબદાર અધિકારીઓ કરોડોના વહીવટ કરીને પોતાની તિજોરી ભરવામાં વ્યસ્ત છે અને નિર્દોષો મોતના મોંમાં ધકેલાઈ રહ્યા છે. ખાનગી સંસ્થા દ્વારા તપાસનું નાટક: ક્યારે મળશે સાચો ન્યાય? હાલ આ ગોઝારી ઘટનાની તપાસ કોઈ ખાનગી સંસ્થાને સોંપવામાં આવી હોવાનું કહેવાઈ રહ્યું છે. જનતા પૂછી રહી છે કે એએમસીના પોતાના જ અધિકારીઓ અને ભ્રષ્ટ તંત્ર પર ભરોસો મૂકવાને બદલે શું કામ આ પ્રકારે સમય પસાર કરવાની યુક્તિઓ રચવામાં આવે છે?

અમદાવાદના નારોલમાં AMCની નઘરોળ સિસ્ટમનો ભોગ બનેલી માસૂમ મનીષા હજુ પણ લાપતા!!!

20 દિવસ વીતવા છતાં તંત્ર ઘસઘસાટ ઊંઘમાં! : "મનીષાને ન્યાય આપો!" નો નારો ગુંજ્યો: નારોલ વિસ્તારમાં રોષે ભરાયેલા પરિજનો, સ્થાનિકો અને કોંગ્રેસ નેતાઓની વિશાળ કેન્ડલ માર્ચ; મેયર અને કમિશનરના બંગલા ઘેરવાની ચીમકી!

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ભ્રષ્ટ, અસંવેદનશીલ અને બેજવાબદાર તંત્રની ઘોર લાપરવાહી કઈ હદે માસૂમ બાળકોના ભોગ લઈ રહી છે, તેનું સૌથી શરમજનક ઉદાહરણ નારોલ વિસ્તારમાંથી સામે આવ્યું છે. નારોલમાં ખુલ્લી ગટરમાં ખાબકીને ગુમ થઈ ગયેલી માસૂમ બાળકી મનીષાને ગાયબ થયાના ૨૦-૨૦ દિવસ જેટલો લાંબો સમય વીતી ગયો છે, છતાં એએમસી અને પોલીસ તંત્ર તેને શોધી શકવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે. તંત્રની આ અમાનવીય ઉદાસીનતા સામે જનતાનો આક્રોશ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ઘટના બન્યાને ૨૦ દિવસ થઈ ગયા હોવા છતાં AMC ના સત્તાધીશો અને તંત્રના પેટનું પાણીયે હલ્યું નથી. જે ગટરો અને ખાડાઓ શહેરીજનોની જિંદગી માટે મોતની ફાંસ બની ગયા છે, તેને ઢાંકવામાં કે માસૂમ બાળકીને શોધવામાં તંત્રની કામગીરી માત્ર કાગળ પર જ દોડતી રહી છે. 'મનીષાને શોધવામાં તંત્રની ક્યાંક ને ક્યાંક મોટી કચાશ રહી ગઈ છે,' તેવો આક્ષેપ માત્ર પરિજનો જ નહીં, પરંતુ સમગ્ર નારોલની જનતા કરી રહી છે. માસૂમ મનીષાને ન્યાય અપાવવા અને તંત્રની આંખ ઉઘાડવા માટે નારોલ વિસ્તારમાં એક વિશાળ અને રોષસભર કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી.

અપોલો નર્સિંગ કોલેજ સામે ABVPનું વિરોધ પ્રદર્શન

3 વર્ષથી ટેમ્પરરી કેમ્પસમાં વિદ્યાર્થીઓ સુવિધાઓથી વંચિત હોવાનો આક્ષેપ

અમદાવાદ

અમદાવાદ શહેરના પરિમલ ગાર્ડન પાસે આવેલ અપોલો હોસ્પિટલ દ્વારા કોલેજ ચલાવવામાં આવી રહી છે. જોકે વિદ્યાર્થીઓને ભાટ ખાતે આવેલા અપોલો હોસ્પિટમાં કોલેજ બની રહી છે, તેમ કહીને અત્યારે ટેમ્પરરી માટે અહીં કોલેજ કરવાની છે. હજુ 3થી 4 વર્ષ વીતી ગયા હોવા છતાં વિદ્યાર્થીઓને અહીંથી શિફ્ટ કરવામાં નથી આવ્યા. આ ટેમ્પરરી કોલેજમાં વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની સુવિધા આપવામાં આવી રહી નથી. આ અંગે આજે ABVP દ્વારા કોલેજ ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થિની જણાવ્યું કે, જ્યારે એડમિશન લીધું ત્યારે એવું કહેવામાં આવ્યું હતું કે આ ટેમ્પરરી શિફ્ટિંગ છે અને 6 મહિનામાં કોલેજ નવા કેમ્પસ કે નવી બિલ્ડિંગમાં શિફ્ટ થઈ જશે, જે હજુ સુધી થયું નથી. દર વર્ષે કે સેમેસ્ટરમાં પૂછવા છતાં દર વખતે એ જ જવાબ મળે છે કે, હજુ કોલેજ અન્ડર મેન્ટેનન્સ છે અથવા અમે શોધી રહ્યા છીએ, તમારે થોડું એડજસ્ટ કરવું પડશે. ફેકલ્ટી તરફથી કોઈ સહકાર મળતો નથી અને બધા શિક્ષકોનો જવાબ સરખો જ હોય છે. અન્ય કોલેજોની સરખામણીમાં અમારું ક્લિનિકલ એક્સપોઝર બિલકુલ ઓછું છે. માત્ર હોસ્પિટલમાં જરૂરિયાત હોય ત્યારે ડ્યુટી આપવામાં આવે છે. કોઈ ચોક્કસ કરિક્યુલમ કે સમયપત્રક નથી કે ક્યારે ક્લાસ લેવાશે અને ક્યારે રજા રહેશે. અન્ય વિદ્યાર્થીએ જણાવ્યું કે, હું ચોથા વર્ષમાં B.Sc. નર્સિંગ કરી રહ્યો છું. જ્યારે પહેલા વર્ષમાં એડમિશન લેવા આવ્યા, ત્યારે કહેવાયું હતું કે 6 મહિનામાં કોલેજ બની જશે, પરંતુ આજે ચોથું વર્ષ અને પતવા આવ્યું છતાં કોલેજ શિફ્ટ થઈ નથી. 3 વર્ષ અહીં રાખ્યા, પરંતુ અહીં ફેસિલિટીના નામે કશું જ નથી. વાલીઓ મહેનત કરીને 1,25,000 રૂપિયા ફી ભરે છે, છતાં કોઈ સુવિધાઓ મળતી નથી.

"ઇન્સ્પેક્ટર સાહેબ, આ કોર્ટ છે, તમારું પોલીસ સ્ટેશન નથી!"

ભદ્ર કોર્ટ કમ્પાઉન્ડમાં પાર્કિંગ મુદ્દે વકીલ સાથે માથાકૂટ કરનાર પોલીસ અધિકારીને વકીલોએ શીખવ્યા કાયદાના પાઠ

અમદાવાદ

અમદાવાદના ઐતિહાસિક ભદ્ર કોર્ટ કમ્પાઉન્ડમાંથી એક અત્યંત ચકચારભરી અને રોચક ઘટના સામે આવી છે. કોર્ટ પરિસરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી ધરાવતી પોલીસ જ જ્યારે મનમાની પર ઉતરી આવે અને કાયદાના રક્ષકો જ જો અછોસા વર્તન કરવા લાગે, ત્યારે શું થાય? ભદ્ર કોર્ટ કમ્પાઉન્ડમાં પાર્કિંગના સામાન્ય મુદ્દે એક પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા ફરજ પરના વકીલ શ્રી સાથે ગેરવર્તણૂક અને રોફ જમાવવાનો મામલો સામે આવતા ભારે હલચલ મચી ગઈ છે. જોકે, આ મામલે વકીલ આલમ ચૂપ ન બેસતા રોષે ભરાયેલા વકીલોએ એકત્રિત થઈને તે ઈન્સ્પેક્ટર સાહેબને કાયદો અને પોલીસ અધિકારી તરીકેની મર્યાદાઓ બરાબરની શીખવી દીધી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, ભદ્ર કોર્ટ કમ્પાઉન્ડમાં રોજની જેમ વકીલો પોતાના વાહનો પાર્ક કરીને ન્યાયિક કામગીરી માટે અંદર જઈ રહ્યા હતા. તે દરમિયાન એક પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા પાર્કિંગ બાબતે ત્યાં હાજર રહેલા એક વકીલ સાથે અસભ્ય ભાષામાં વાતચીત શરૂ કરવામાં આવી હતી. પોલીસ અધિકારીએ પોતાની વર્દીનો ખોટો રોફ બતાવીને વકીલ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરતા મામલો ગરમાયો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર ભૂલી ગયા હતા કે આ કોઈ પોલીસ સ્ટેશન કે નાકાબંધી પોઈન્ટ નથી, પરંતુ આ

દેશનું ન્યાય મંદિર એટલે કે કોર્ટ પરિસર છે, જ્યાં વકીલો અને ન્યાયિક અધિકારીઓ પણ સમાન માન-મર્યાદા ધરાવે છે. ઈન્સ્પેક્ટર સાહેબની આ દાદાગીરી જોઈને આસપાસના અન્ય વકીલો પણ મોટી સંખ્યામાં ત્યાં દોડી આવ્યા હતા. સ્થળ પર ભેગા થયેલા રોષે ભરાયેલા વકીલોએ પોલીસ ઈન્સ્પેક્ટરની આ તાનાશાહી સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વકીલોએ સ્પષ્ટ શબ્દોમાં ઈન્સ્પેક્ટરને ખરી-ખોટી સંભળાવતા કહ્યું હતું કે, 'ઈન્સ્પેક્ટર સાહેબ, આ કોર્ટ છે, તમારું પોલીસ સ્ટેશન નથી કે અહીં તમારી મનમાની ચાલશે!.

અમદાવાદમાં કાયદાના ધજાગરા!! : વાસણાના મલાવ તળાવ

ગાર્ડનમાં ખુલ્લેઆમ દારૂ-ચિકન પાર્ટીનો વીડિયો વાયરલ થતાં ખળભળાટ મચ્યો

અમદાવાદ

સ્માર્ટ સિટી અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી કથળી ગઈ છે તેનો એક લાઈવ અને ચોંકાવનારો પુરાવો સામે આવ્યો છે. વાસણા વિસ્તારમાં આવેલા પ્રખ્યાત મલાવ તળાવ ગાર્ડનમાંથી જાહેર સ્થળે જ ખુલ્લેઆમ ચાલતી દારૂ પાર્ટીના વીડિયો વાયરલ થતાં સમગ્ર શહેરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ગાંધીના ગુજરાતમાં જ્યાં દારૂબંધીના કડક અમલના મોટા મોટા દાવો કરવામાં આવે છે, ત્યાં અમદાવાદના મધ્યમાં આવેલા જાહેર બગીચામાં રસરસીતી દારૂ પાર્ટી અને જમણવારનો ખેલ ચાલતો હોવાના વીડિયોએ પોલીસ તંત્રની ઊંઘ ઉડાડી દીધી છે. વાયરલ થયેલા વીડિયોની વિગતો અનુસાર, વાસણાના મલાવ તળાવ ગાર્ડનની અંદર કેટલાક અસામાજિક તત્વો કોઈ પણ જાતના ડર વગર ખુલ્લેઆમ દારૂની મહેફિલ માણી રહ્યા છે. આટલું જ નહીં, બગીચાના પવિત્ર અને જાહેર વાતાવરણમાં જ દારૂની ચુસ્કીઓ સાથે સ્થળ પર જ રસોઈ (જમવાનું) બનાવવામાં આવી રહી હોવાના દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. જે ગાર્ડનમાં સવાર-સાંજ બાળકો રમે છે, મહિલાઓ અને સિનિયર સિટીઝનો શુદ્ધ હવા અને વોકિંગ માટે આવે છે, તે જ ગાર્ડનને લફંગાઓએ અડ્ડો બનાવી દીધો હોવાનું સામે આવતાં જાગૃત નાગરિકોમાં તીવ્ર રોષ વ્યાપી ગયો છે. આ સમગ્ર મામલો જીવરાજ ચોકીના પીએસઆઈ

દરબાર સાહેબની સીધી હદમાં આવે છે. સામાન્ય રીતે લોકમુખે એવી ચર્ચા ચાલતી હોય છે કે 'પીએસઆઈ દરબાર સાહેબ કાયદાનું કડક પાલન કરાવે છે અને કોઈ પણ ગુનેગારને છોડતા નથી.' પરંતુ તેમની જ ચોકીની હદમાં આવેલા મલાવ તળાવમાં જો આ પ્રકારે ખુલ્લેઆમ દારૂ પાર્ટીઓ યોજાતી હોય, તો આ સો કોલ્ડ ધાક માત્ર કાગળ પર જ છે? પોલીસની નાક નીચે ચાલતી આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓથી શું જીવરાજ ચોકી કે વાસણા પોલીસ સ્ટેશન અજાણ હતું? કે પછી જાણી જોઈને આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હતા?

મણિનગરમાં વેપારી IPO ભરવા જતાં સાયબર ફ્રોડનો ભોગ બન્યા

અમદાવાદ

અમદાવાદના મણિનગરમાં કાપડના એક વેપારી સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. IPO ભરતી વખતે ફિશિંગ પેજ ખૂલ્યું અને OTP ઓટો-ફિલ થતાં ક્રેડિટ કાર્ડમાંથી 99,000 રૂપિયા ઉપડી ગયા. 48 વર્ષીય નરેશ મતલાણીએ 11 ઓગસ્ટે બપોરે આ છેતરપિંડીનો અનુભવ કર્યો. આ મામલે મણિનગર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. વેપારીએ તરત જ 1930 પર ફરિયાદ નોંધાવી હતી. અમદાવાદના સાયબર ગઠિયાઓ દ્વારા અવનવી તરકીબો અજમાવીને ઓનલાઈન નાણાં સેરવી લેવાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, ત્યારે મણિનગરમાં રહેતા કાપડના એક વેપારી વિચિત્ર મોડસ ઓપરેન્ડીથી સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. મોબાઈલ ફોનમાંથી IPO ભરવા માટે અરજી કરતી વખતે અચાનક ફિશિંગ પેજ ખુલી ગયું હતું અને OTP પણ આપોઆપ ઓટો-ફિલ થઈ જતાં ક્રેડિટ કાર્ડમાંથી 99 હજાર રૂપિયા ઉપડી ગયા હતા.

યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં દિવાળીનું 'ઉઘરાણું'

PI S.R. બાવા સાહેબના નામે પૈસા ઉઘરાવતો પોલીસકર્મી વીડિયોમાં કેદ!

અમદાવાદ

ખાખી વર્દીને શર્મસાર કરતી અને પોલીસ તંત્રના ભ્રષ્ટ ચહેરાને છતો કરતી વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવતાં અમદાવાદ શહેરમાં ભારે હડકંપ મચી ગયો છે. તહેવારોની મોસમ આવતાં જ કાયદાના રક્ષકો કેવી રીતે ભક્ષક બનીને ઉઘરાણા પર ઉતરી આવે છે તેનો એક ખળભળાટ મચાવનારો વીડિયો વાયરલ થયો છે. અમદાવાદના ૫ posh વિસ્તાર ગણાતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનની હદમાં એક પોલીસ કર્મચારી ખુલ્લેઆમ પી.આઈ. શ્રી એસ.આર. બાવા સાહેબના નામે 'દિવાળીનું ઉઘરાણું' કરતો કેમેરામાં કેદ થઈ ગયો છે!

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા સ્ફોટક વીડિયોની વિગતો અનુસાર,

યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરજવતો એક પોલીસ કર્મચારી વેપારીઓ કે સ્થાનિકો પાસે જઈને સીધી દાદાગીરી અને રોફ સાથે કહી રહ્યો છે કે, 'યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી એસ.આર. બાવા સાહેબના દિવાળીના પૈસા આપો!' વર્દીનો ખોટો રોફ બતાવીને તહેવારના નામે કરવામાં આવતા આ ખુલ્લા ઉઘરાણાથી વેપારીઓમાં ભારે રોષ અને ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. પોલીસ ચોકી કે પોલીસ સ્ટેશનના નામે આ પ્રકારે ખુલ્લેઆમ હપ્તાખોરી કે બોનસના નામે નાણાં ઉઘરાવવાની આ હરકતે સમગ્ર અમદાવાદ પોલીસની છબી પર મોટો દાગ લગાડી દીધો છે. આ મામલે સૌથી ચોંકાવનારો અને વિવાદિત વળાંક ત્યારે આવ્યો જ્યારે આ સમગ્ર ઘટનાની જાણ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ. આર. બાવા સાહેબને કરવામાં આવી. પોતાના જ નામે નીચલા સ્તરનો કર્મચારી ખુલ્લેઆમ રોકડ રકમ માંગી રહ્યો હોવાની વિગતો સામે આવ્યા છતાં, પી.આઈ. સાહેબે આ બાબતે કોઈ કડક કાર્યવાહી કરવાને બદલે મૌન સેવી લીધું!

સંક્ષિપ્ત સમાચાર

બગોદરાના કાણોતર ગામે રહેણાંક મકાનમાં દરોડા પાડી કોડેઈનયુક્ત કફ સીરપની 600 બોટલો ઝડપી લીધી

ગુજરાતમાં યુવાધનને બરબાદ કરવા માટે નશાકારક પદાર્થો અને પ્રતિબંધિત દવાઓનો કાળો કારોબાર ચલાવતા તત્વો સામે અમદાવાદ ગ્રામ્ય પોલીસે સપાટો બોલાવ્યો છે. અમદાવાદ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને એન્ટી નાર્કોટિક્સ વિંગે બાતમીના આધારે બગોદરા વિસ્તારમાં આવેલ બાવળા તાલુકાના કાણોતર ગામે ઓચિંતો દરોડો પાડીને લાખો રૂપિયાની કિંમતનું નશાકારક કોડેઈનયુક્ત કફ સીરપ ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ કાર્યવાહીથી નશાનો વેપાર કરતા બુટલેગરો અને તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદ ગ્રામ્ય SOGની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે બગોદરા વિસ્તારના કાણોતર ગામમાં રહેતો અમૃત પ્રભુભાઈ રાઠોડ પોતાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે નશાકારક કોડેઈનયુક્ત કફ સીરપનો મોટો જથ્થો છુપાવીને બેઠો છે. આ સિરપનો ઉપયોગ સામાન્ય બીમારી માટે નહીં પરંતુ નશાના હેતુ માટે ઊંચા ભાવે વેચાણ કરવા માટે કરવામાં આવનાર હતો.

ટ્રાન્સપોર્ટ કંપનીના ત્રણ કર્મચારીઓ 1.03 કરોડના બે ટ્રક ટ્રેલર લઈને ફરાર, પોલીસ ફરિયાદ નોંધાઈ

અમદાવાદની સનસ્કાય લોજીસ્ટીક કંપનીના માલિકે પોતાના 3 કર્મચારીઓ સામે 1.03 કરોડના 2 ટ્રક ટ્રેલર પડાવી લેવાની ફરિયાદ નોંધાવી છે. કંપનીના મેન્ટેનન્સ મેનેજર અને ડ્રાઈવરે માલિકની જાણ બહાર વાહનોમાં બારોબાર માલની હેરફેર કરી, ત્યારબાદ GPS અને મોબાઈલ ફોન બંધ કરી ફરાર થઈ ગયા. આંધ્ર પ્રદેશ અને ચેન્નઈ મોકલેલા ટ્રક પર દાનત બગાડી, ફરિયાદ દાખલ કરવામાં આવી છે. અમદાવાદની સનસ્કાય લોજીસ્ટીક કંપનીના માલિકે પોતાના જ ત્રણ કર્મચારીઓ સામે 1.03 કરોડ રૂપિયાની કિંમતના બે ટ્રક ટ્રેલર પડાવી લેવા અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. કંપનીના બે મેન્ટેનન્સ મેનેજર અને એક ડ્રાઈવરે માલિકની જાણ બહાર વાહનોમાં બારોબાર માલની હેરફેર કરી હતી અને ત્યારબાદ જીપીએસ સિસ્ટમ તથા મોબાઈલ ફોન બંધ કરીને બંને ટ્રક સાથે ફરાર થઈ જતા આ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. ફરિયાદી આકાશ અશોકકુમાર શાહ અમદાવાદમાં સનસ્કાય લોજીસ્ટીક લીમીટેડ નામની ટ્રાન્સપોર્ટ કંપની ચલાવે છે. જેનું મેઈન સંચાલન ગાંધીધામથી થાય છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, પવનકુમાર પોકરરામ અને દલપતદાન ગઢવી નામના આરોપીઓ કંપનીમાં ટ્રાન્સપોર્ટ મેન્ટેનન્સનું કામ સંભાળતા હતા.

થલતેજની બે મહિલા પાસેથી ત્રણ શખ્સે 1.05 કરોડ પડાવ્યા : કેનેડા જવા માટે એજન્ટોએ ફેક વિઝા સ્ટેમ્પ અને ટિકિટ પકડાવી દીધી

અમદાવાદમાં કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપીને ત્રણ એજન્ટોએ બે મહિલાઓ પાસેથી કુલ રૂપિયા 1.05 કરોડ પડાવીને છેતરપિંડી કરી છે. આરોપીઓએ વિશ્વાસ કેળવવા પાસપોર્ટ પર બોગસ વિઝા સ્ટેમ્પ, બનાવટી LMIA લેટર અને ખોટી એર ટિકિટ પકડાવી દીધી હતી. એટલું જ નહીં વિઝાના નિયમોનું બહાનું આગળ ધરીને આ મહિલાઓના નામે DBS બેંકમાં ખાતા ખોલાવી તેમાં આશરે રૂપિયા 80 લાખ અને રૂપિયા 1.73 કરોડના શંકાસ્પદ ગેરકાયદેસર આર્થિક વ્યવહારો કરીને તેમના એકાઉન્ટનો દુરુપયોગ પણ કર્યો હતો. આ અંગે EOW ક્રાઈમે ફરિયાદ નોધી તપાસ હાથ ધરી છે. થલતેજમાં રહેતા હેતલબેન વૈધે EOW ક્રાઈમ બ્રાન્ચના ફરિયાદ નોંધાવી છે કે જુલાઈ 2025માં પ્રતીત પટેલ, ચિંતન પટેલ અને મનદીપસિંહ નામના વિઝા એજન્ટ તેમના કોન્ટેક્ટમાં આવ્યા હતા. હેતલબેન અને તેમના મિત્રને કેનેડા જવું હતું. આ એજન્ટોએ કેનેડા મોકલવા માટે હેતલબેન પાસેથી રૂ. 55,25,000 અને તેમના મિત્ર નિકિતાબેન પાસેથી રૂ. 49,99,582 લીધા હતા.

અમદાવાદમાં ઠગાઈ અને ચેઇન સ્નેચિંગના બે બનાવોથી ચકચાર

અમદાવાદ શહેરમાં ગુનાખોરીના બે અલગ-અલગ બનાવો સામે આવ્યા છે. પાલડી વિસ્તારમાં રહેતા 24 વર્ષીય યુવક સાથે સ્પા મસાજની સર્વિસ આપવાના બહાને ઓનલાઈન રૂ. 50,255 ની છેતરપિંડી આચરવામાં આવી છે, જે અંગે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. બીજી તરફ, થલતેજમાં રહેતા કન્સ્ટ્રક્શન વ્યવસાયી વહેલી સવારે મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા ત્યારે બાઈક પર આવેલા બે શખ્સો તેમના ગળામાંથી રૂ. 75 હજારથી વધુની કિંમતની દોઢ તોલાની સોનાની માળા ઝૂંટવીને ફરાર થઈ જતાં વસ્ત્રાપુર પોલીસે તપાસ હાથ ધરી છે. પાલડીના યુવકે ઈન્સ્ટાગ્રામ પર સ્પાની જાહેરાત જોઈ લિંક પર ક્લિક કર્યું હતું. ત્યારબાદ ટેલિગ્રામ અને મોબાઈલ નંબર દ્વારા સંપર્કમાં આવેલા અજાણ્યા શખ્સોએ પાલડી ચાર રસ્તા પાસેની હોટલનું લોકેશન આપી શરૂઆતમાં રૂ. 199 અને રૂ. 1500 ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદમાં સેફ્ટી ડિપોઝીટ અને કંપની રજિસ્ટ્રેશન રિફંડેબલ હોવાનું કહી કટકે કટકે કુલ રૂ. 50,255 પડાવી લીધા હતા. સર્વિસ ન મળતાં યુવકે નાણાં પરત માગતાં ઠગબાજોએ નંબર બ્લોક કરી દીધો હતો. થલતેજમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા હસમુખભાઈ પટેલ ગત 27 ઓક્ટોબરે વહેલી સવારે વોકિંગમાં નીકળ્યા હતા. સાલ હોસ્પિટલ નજીક હનુમાનજી મંદિરે દર્શન કર્યા બાદ સાંઈબાબાના મંદિરે જઈ રહ્યા હતા.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI